RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 203* Date: 14.05.2023, Sunday *Page :06 *Rs. 1.00/- *Annual Rs. 351/-

**કોંગ્રેસે કર્ણાટકમાં અઢી વર્ષ માટે બે મુખ્યમંત્રી બનાવવાની ફોર્મ્યુલા તૈયાર કરી છે**

## કર્ણાટક વિધાનસભાની ચુંટણીમાં કોંગ્રેસે વિરોધીઓના સૂપડાં સાફ કર્યા ,સ્પષ્ટ બહુમતી મળી , શિવ રડી પડ્યા

(એ.આર.એલ),બેંગ્લુરૂ,તા.૧૩

લગભગ પાંચ મહિનાના ચૂંટણી શોર બાદ કર્ણાટકે ૧૦મી મેના રોજ પોતાના આગામી પાંચ વર્ષનું ભવિષ્ય નક્કી કરી નાખ્યું છે. ૧૦મી મેના રોજ કર્ણાટકમાં ૨૨૪ બેઠકો માટે મતદાન થયું હતું. આ ચુંટણીના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા હતાં સવારે ૮ વાગ્યાથી મતગણતરી શરૂ થઈ હતી જેમાં કોંગ્રેસને સ્પષ્ટ બહુમતિ મળી છે અને ભાજપનો પરાજય થયો છે. પરિણામ બાદ કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના દિગ્ગજ નેતા સિદ્ધારમૈયાએ કહ્યું કે આ ચૂંટણીનું પરિણામ લોકસભા ચૂંટણીની એક સીડી છે. મને આશા છે કે તમામ બિન ભાજપ પક્ષો એક સાથે આવશે. મને આશા છે કે રાહુલ ગાંધી દેશના પીએમ બની શકે છે. કર્ણાટકમાં જીત મળતા કોંગ્રેસના નેતા ડી કે શિવકુમાર રડી પડ્યા. તેમણે કહ્યું કે અમે ભ્રષ્ટાચારને હરાવ્યો, જનતાએ અમારા પર ભરોસો વ્યક્ત કર્યો. કર્ણાટક કોંગ્રેસ પ્રમુખ ડી કે શિવકુમારે પરિણામો પર નિવેદન આપતા કહ્યું કે હું અમારા કાર્યકરો અને અમારી પાર્ટીના નેતાઓને શ્રેય આપું છું જેમણે આટલી મહેનત કરી. લોકોએ જૂઠનો પર્દાફાશ કર્યો છે. મે રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધીને આશ્વાસન આપ્યું હતું. જ્યારે સોનિયા ગાંધી મને જેલમાં મળવા આવ્યા હતા. ત્યારે મે પદ પર રહેવાની જગ્યાએ જેલમાં રહેવાનું પસંદ કર્યું હતું, પાર્ટીને મારા પર એટલો ભરોસો હતો. એ હું ભૂલી શકું નહીં. કોંગ્રેસના નેતા હરિપ્રસાદ બી કેએ કહ્યું કે નડ્ડાએ કહ્યું કે ભાજપને મત ન આપ્યો તો કોઈ કેન્દ્રીય કાર્યક્રમ નહીં મળે. કેન્દ્રીય કાર્યક્રમ માટે અમે ટેક્સ આપીએ છીએ. ટેક્સના મામલે અમારું રાજ્ય ત્રીજા નંબરે છે. અમે યુપી, બિહાર નથી. પરિણામો પર કેન્દ્રીય મંત્રી શોભા કરંદલાજે કહ્યું કે લોકતંત્રમાં હાર જીત મોટી વાત નથી. અમે અમારી હાર સ્વીકારી છે. અમે વિપક્ષ તરીકે લડીશું અને અમારો લક્ષ્ય છે કે ૨૦૨૪માં લોકસભા ચૂંટણીમાં અમે તમામ બેઠકો જીતીએ. કર્ણાટક ચૂંટણીના પરિણામોમાં કોંગ્રેસે બહુમત મેળવી છે. ત્યારે કોંગ્રેસના કાર્યકરોએ હાવેરીમાં કર્ણાટકના મુખ્યમંત્રી બસવરાજ બોમ્મઈના કાફલાની સામે જ ઉજવણી કરી.

કર્ણાટક વિધાનસભાની ૨૨૪ બેઠકોમાંથી કોંગ્રેસને ૧૩૭ બેઠકો મળી છે જ્યારે ભાજપને ૬૨ બેઠકો મળી છે.જ્યારે જેડીએસને ૨૧ બેઠકો મળી છે કર્ણાટકમાં બહુમતી મળતા જ કોંગ્રેસ પક્ષે તેના નવા ચુંટાયેલા ધારાસભ્યોની બેઠક આવતીકાલે બપોરે ૧૨ વાગ્યે નિશ્ચિત કરી છે જેમાં પક્ષના વિધાનસભા દળના નેતા ચુંટી કઢાશે. બહુમતી સાથે જ કોંગ્રેસમાં મુખ્યમંત્રી પદ માટેની રેસ પણ શરુ થઈ ગઈ છે અને પુર્વ મુખ્યમંત્રી સિદ્ધરમૈયા એ પોતાની દાવેદારી નોંધાવી છે જયારે આ વિજયમાં મહત્વની ભૂમિકા ભજવનાર પ્રદેશ પ્રમુખ ડી.કે.શિવકુમારને પણ પક્ષનું મોવડીમંડળ પસંદગી કરે

તેવી શકયતા નકારાતી નથી અને તેથી જ હવે મુખ્યમંત્રી પદ માટે સસ્પેન્સ શરુ થઈ ગયું છે. આવતીકાલની બેઠકમાં હવે નવા નેતા ચુંટાય છે કે પછી કોંગ્રેસ મોવડીમંડળને સતા આપતો ઠરાવ પસાર કરાય છે તેના પર સૌની નજર છે. સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે પણ એકશનમાં આવી ગયા છે અને કર્ણાટકની જીતમાં જે રીતે તેઓની ભૂમિકા હતી તેથી નવા મુખ્યમંત્રીપદની પસંદગીમાં તેમનો અવાજ મહત્વનો બની રહેશે તેવી શકયતા નકારાતી નથી.કોંગ્રેસે કોંગ્રેસના ધારાસભ્યોને બેંગ્લોરમાં બોલાવ્યા છે જેથી કરીને ભાજપ કોઈ પણ ખરીદ વેચાણ કરી શકે નહીં સૂત્રોના જણાવ્યા અનુસાર, કોંગ્રેસે કર્ણાટકમાં અઢી વર્ષ માટે બે મુખ્યમંત્રી બનાવવાની ફોર્મ્યુલા તૈયાર કરી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે સિદ્ધારમૈયા પહેલા અઢી વર્ષ માટે મુખ્યમંત્રી બનશે અને પછી ડીકે શિવકુમારને અઢી વર્ષ માટે મુખ્યમંત્રી બનાવવામાં આવશે.

કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ માટે ફરી એક વખત વર્તમાન પ્રદેશ પ્રમુખ ડી.કે.શિવકુમાર સંકટમોચન પુરવાર થયા હતા. ૨૦૧૭ની ગુજરાતની ચૂંટણીમાં પણ જે રીતે કોંગ્રેસને ૯૯ બેઠકો મળી તે સમયે પણ ડી.કે.શિવકુમારની ભૂમિકા મહત્વની રહી હતી.

કર્ણાટકમાં સૌથી ધનિક રાજકીય નેતા તરીકે ઓળખાતા ડી.કે.શિવકુમાર ખુદ બેંગ્લોરમાં રીસોર્ટ ધરાવે છે અને વોકાલિંગા જાતિ સાથે સંકળાયેલા છે અને આ ચૂંટણીમાં જ્યારે લીંગાયત અને વોકાલિંગા બંને સમુદાયના મત પર ભાજપ સૌથી વધુ બેઠક મેળવવાની ગણતરી રાખતો હતો તેમાં શિવકુમારે મોટુ ગાબડુ પાડી દીધુ છે. કર્ણાટકના રાજકારણમાં છેલ્લા ૪ દસકાથી સક્રિય શિવકુમાર પાછળ ઈડીને લગાવી દીધી હતી અને તેમની સામે અનેક કેસ કર્યા છે અને ડી.કે.શિવકુમારને જેલમાં પણ જવું પડયું હતું તેમ છતાં તેઓએ પોતાની વફાદારી બદલી નથી અને કોંગ્રેસ પક્ષના સંકટમોચન તરીકે જાણીતા છે. ગુજરાતની ચૂંટણીમાં જ્યારે અહમદ પટેલ જયારે રાજયસભા ચૂંટણી લડી રહ્યા હતા ત્યારે ભાજપે કોંગ્રેસનો ગઢ તોડવા અનેક ધારાસભ્યોને લલચાવ્યા હતા તે સમયે શિવકુમારે કોંગ્રેસના ૪૪ ધારાસભ્યોને બેંગ્લોરમાં પોતાના રીસોર્ટમાં સાચવ્યા હતા અને અહમદ પટેલ એક મતે જીત્યા તેમાં ડી.કે.શિવકુમારની ભૂમિકા મહત્વની બની રહી હતી.

કર્ણાટકમાં મુખ્યમંત્રી પદના દાવેદાર તરીકે તેઓ છે તો તેમને તક મળશે કે સિધ્ધરમૈયા આ ખુરશી આંચકી જશે તેના પર નજર છે. સિધ્ધરમૈયાને મુખ્યમંત્રી બનાવાય તો ડી.કે.શિવકુમાર નાયબ મુખ્યમંત્રી બની શકે છે અને તેઓ આગામી બે થી અઢી વર્ષમાં ફરી એક વખત સીએમ બનવા માટે પ્રયત્ન કરશે.

કર્ણાટક ચૂંટણી પરિણામો પર છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે કહ્યું કે કર્ણાટકના પરિણામો બિલકુલ આશા મુજબ છે. મોદીજીએ પોતાની જાતને આગળ ધરીને મત માંગ્યા હતા તો આ મોદીજીની હાર છે. બજરંગબલીની ગદા ભ્રષ્ટાચારીઓના માથે પડી અને ભાજપ સરકાર ત્યાંથી જ પતી ગઈ. કોંગ્રેસના નેતા પવન ખેડાએ કહ્યું કે જનતાએ ભાજપને સંદેશ આપ્યો છે કે હવે ભારતને વહેંચવાની કોશિશ ન કરો.

રાજસ્થાનના સીએમ અશોક ગેહલોતે કહ્યું કે રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા દરમિયાન કર્ણાટકમાં જે માહોલ જોવા મળ્યો હતો આજે તેની અસર કર્ણાટક ચૂંટણી પરિણામમાં સ્પષ્ટ રીતે જોવા મળી રહી છે. યુપીએ ચેરપર્સન સોનિયા ગાંધી, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ નેતાઓએ શાનદાર કેમ્પેઈન કર્યું. કર્ણાટકે સાંપ્રદાયિક રાજકારણને નકારીને વિકાસની રાજનીતિને પસંદ કરી છે. આવનારા રાજસ્થાન, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને તેલંગણા વિધાનસભા ચૂંટણીમાં પણ તેનું પુનરાવર્તન થશે. કોંગ્રેસના દિગ્ગજ નેતા કમલનાથે કર્ણાટક ચૂંટણી વિશે નિવેદન આપતા કહ્યું કે કર્ણાટકમાં કોંગ્રેસની સરકાર બનશે. ભાજપ વિધાયકોને ખરીદવાની કોશિશ કરશે. કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ શિમલાના જાખુ મંદિરમાં પૂજા અર્ચના કરી

## કર્ણાટકમાં કોંગ્રેસનું વાવાઝોડું: ભાજપના જ નહીં વિપક્ષના જ અનેક નેતાઓ પણ આજે દુ:ખી હશે

(એ.આર.એલ),બેંગ્લુરૂ,તા.૧૩

કર્ણાટકમાં કોંગ્રેસે પૂર્ણ બહુમત સાથે સફળતા મેળવી છે. કોંગ્રેસે ૧૧૯ સીટો પર વિજય મેળવીને પોતાની સરકાર કર્ણાટકની ધરતી પર બનાવી છે જ્યારે ભાજપને ૭૫થી નીચે સીટો મળી છે. કર્ણાટકમાં બજરંગ બલી, મુસ્લિમ આરક્ષણ જેવા અનેક મુદાઓ ઊઠાવવા છતાં ભાજપ કર્ણાટકનાં લોકોનું મન જીતવામાં અસફળ સાબિત થઈ છે. ત્યારે કોંગ્રેસની આ જીતથી વિપક્ષનાં કેટલાક ચહેરાઓની ચિંતામાં વધારો થયો છે. આ ચહેરાઓએ હાર બાદ પોતાની રાજકારણની રણનીતિ બદલવી પડી શકે છે.

કર્ણાટકની ચૂંટણી ભાજપ-કોંગ્રેસની વચ્ચે લડવામાં આવી છે. જેડીએસ તો ખાસ સામે આવ્યું જ નથી ત્યારે પૂર્વ મુખ્યમંત્રી કુમારસ્વામીનાં પુત્ર પણ આ ચૂંટણીનાં મેદાનમાં ઊતર્યા હતાં. એકઝીટ પોલમાં એ જાણવા મળી ગયું હતું કે દેવગૌડા પરિવાર ફરીથી કર્ણાટકમાં કિંગમેકર બની શકે છે. મતગણતરી પહેલા જ એવી વાતો સાંભળવા મળી કે જેડીએસએ નક્કી કરી લીધું છે કે તે કોની સાથે મળીને સરકાર બનાવશે. પરંતુ પરિણામો હવે કંઈક અલગ જ બોલી રહ્યાં છે. એ તો સ્પષ્ટ છે કે જેડીએસનાં ઘટી ગયેલા જનાધારનો સીધો ફાયદો કોંગ્રેસને થયો છે.

રાષ્ટ્રીય પાર્ટીનો દરજ્જો મળ્યાં બાદ આપ કર્ણાટકમાં ચમત્કારની આશા રાખી રહી હતી. પરંતુ આ પાર્ટી પોતાનું ખાતું જ ન ખોલી શકી. એન્ટી ભાજપ, એન્ટી કોંગ્રેસની રણનીતિથી કેજરીવાલ સરકારે પંજાબમાં જીત મેળવી હતી પરંતુ કર્ણાટકમાં આપનું પત્તુ કપાઈ ગયું. કોંગ્રેસ ફરીથી વધુ મજબૂત થઈ. કેજરીવાલે પોતાની વોટબેંક બનાવવા માટે કોઈ અન્ય રણનીતિ બનાવવા પર વિચાર કરવો પડશે.

જ્યારે ત્રીજા મોરચાની વાત થાય છે ત્યારે મમતાદીદીની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસની ચર્ચા થવા લાગે છે. ૨૦૨૪માં ભાજપને ટક્કર આપવા માટે મમતા બેનર્જીની પાર્ટી તેમને પ્રોજકટ કરે છે. બંગાળમાં પણ મમતા દીદીએ જીતનાં સંકેતો આપતાં કહ્યું હતું કે મમતા જ મોદીને ટક્કર આપી શકે છે. હિમાચલ-કર્ણાટકમાં જીત બાદ એ સ્પષ્ટ છે કે હવે કોંગ્રેસ પાસે ભાજપને ટક્કર આપવા લીડ ઉપલબ્ધ છે. તેલંગાણાનાં મુખ્યમંત્રી કે. ચંદ્રશેખર રાવે પાર્ટીનું નામ જ્યારે તેલંગાણા રાષ્ટ્ર સમિતિથી ભારત રાષ્ટ્ર સમિતિ કર્યું તો સંદેશ આપવામાં આવ્યો કે પાર્ટી રાષ્ટ્રીય ભૂમિકાને જોઈ રહ્યા છે. તે મમતા બેનર્જી, અરવિંદ કેજરીવાલ અને અખિલેશ યાદવ સાથે મળીને ત્રીજા મોરચાનું સમીકરણ બનાવવા લાગ્યાં. તેમને લાગ્યું કે આ સમયે કોંગ્રેસ કમજોર છે તેથી તે એન્ટી-બીજેપીનાં મોર્ચામાં કામ કરી શકે છે. પરંતુ કોંગ્રેસે હિમાચલ અને કર્ણાટકમાં કમબેક કર્યું ત્યારે તેઓ ફરી કોંગ્રેસને કેન્દ્રમાં લઈ આવ્યાં.

બિહારમાં નીતીશ કુમારની પાર્ટી જદયુ લાલૂની પાર્ટી રાજદની સાથે મળીને સરકાર ચલાવી રહી છે. નીતીશ ભાજપ સાથે સંબંધો તોડી ચૂકી છે અને ૨૦૨૪માં પોતાના માટે નવો માર્ગ શોધી રહી છે. હાલમાં પણ તેઓ દેશનાં વિવિધ રાજ્યોનાં પ્રવાસે જઈ વિપક્ષ નેતાઓ સાથે બેઠકો કરી રહ્યાં છે. ૨૦૨૪માં ભાજપને ટક્કર આપી શકે તેવી પાર્ટીમાં કોંગ્રેસની ગણતરી તેમણે ન કરી. તેમને લાગ્યું કે હાલમાં કોંગ્રેસની સ્થિતિ એવી છે નહીં. પરંતુ કર્ણાટકની જીતે અનેક પ્રશ્નોનાં જવાબ આપ્યાં છે.

કર્ણાટકમાં કોંગ્રેસની જીતથી અનેક રસ્તાઓ ખુલી ગયાં છે. મહારાષ્ટ્રમાં શરદ પવારની પાર્ટી એનસીપી, કોંગ્રેસ અને ઉદ્ધવ ઠાકરેની શિવસેનાની સાથે મળીને સરકાર ચલાવી ચૂકી છે. હવે નીતીશ અને પાવા બંનેને સંદેશો મળ્યો છે કે ત્રીજા મોરચાની વાત ભૂલીને યુપીએને મજબૂત કરવાનો સમય આવી ગયો છે. જો ત્રીજા મોરચાનાં ચક્કરમાં વોટબેંકનું વિભાજન થયું તો ચોક્કસથી તેનો ફાયદો ભાજપને મળશે.

## કર્ણાટકની જીતથી ગુજરાતમાં ઉજવણી, અમદાવાદમાં કોંગ્રેસ કાર્યાલય પર પ્રદેશ પ્રમુખે ગરબા રમ્યા

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૩

કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની જીત થતા દેશભરમાં કોંગ્રેસ દ્વારા ઉજવણી કરવામાં આવી રહી છે. અમદાવાદમાં કોંગ્રેસ કાર્યાલય પર પણ ઉજવણી કરવામાં આવી છે. પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર સહિતના આગેવાનોએ એકબીજાને મોં મીઠું કરાવ્યુ અને ઢોલ નગારાના તાલે ઝુમ્યા હતા.

આજે કર્ણાટકમાં જીત થતા ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર સહિતના આગેવાનોએ કોંગ્રેસ કાર્યાલય પર ઉજવણી કરી હતી. ઢોલ-નગારા સાથે ફટાકડા ફોડવામાં આવ્યા હતા.કાર્યકરોએ એકબીજાને મીઠાઈ ખવડાવીને મોં મીઠા કરાવ્યા હતા. પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, જે જનાદેશ કર્ણાટકની પ્રજાએ આપ્યો તેને સહર્ષ સ્વીકારી છીએ. કર્ણાટકની જાગૃત પ્રજાનો ખૂબ ખૂબ આભાર. રાજ્યનું વરિષ્ઠ નેતૃત્વ અને પ્રજાનો ભરોસો મેળવવા કોંગ્રેસે કવાયત કરી છે.

સરકાર તોડીને બનાવવા વાળા લોકો કર્ણાટકની ચુંટણી જીતવા માંગતા હતા. જે મુદ્દાઓ ન હતા તે મુદ્દાઓ બનાવવામાં આવ્યા હતા. કર્ણાટકના મુદ્દાઓ પ્રજાએ સમજીને મત આપ્યો હતો.કોંગ્રેસના ઘોષણાપત્ર પર કર્ણાટકની પ્રજાને વિશ્વાસ છે. પ્રધાનમંત્રી પોતે કર્ણાટકની પ્રજાને વિશ્વાસ ન આપવી શક્યા. રાજસ્થાનમાં પણ કોંગ્રેસની સરકારે કામ કર્યું.

જ્યાં સરકાર અમારી બની ત્યાં કોંગ્રેસે કામ કર્યું છે. કોંગ્રેસને ખતમ કરવા માટે નકારાત્મકતા હતી. ખડગેજીને જાનથી મારી નાખવાની ધમકીનો મુદ્દો લોકોને સ્પર્શી ગયો હતો. પ્રધાનમંત્રીએ આત્મમંથન કરવું પડે તેવી સ્થિતિ કર્ણાટકની જનતાએ ઊભી કરી. અમે રાજસ્થાન,છત્તીસગઢમાં બોલ્યા તે કરી બતાવ્યું છે. ચૂંટણી જીતવા ભાજપ વચન આપે છે પણ કોંગ્રેસ વચન પાળે છે.

**કર્ણાટક ચૂંટણી પરિણામ**

## આમ આદમી પાર્ટીના મૉડલથી કોંગ્રેસે ૨ રાજ્ય જીતી લીધા, આપ-ભાજપ જોતી રહી ગઈ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૩

કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં મતગણતરીના તાજા વલણથી સ્પષ્ટ થઈ ચુક્યું છે કે રાજ્યમાં કોંગ્રેસની વાપસી થઇ છે અને સત્તાધારી ભાજપ હારી ગઇ છે

કોંગ્રેસની જીત પાછળ તેમની પાંચ ગેરેન્ટી સ્કીમનો મહત્વનો રોલ હોવાનું કહેવાય છે. કોંગ્રેસે કર્ણાટક ચૂંટણીમાં એલાન કર્યું હતું કે, જો તેમની સરકાર બનશે તો પ્રથમ કેબિનેટ બેઠકમાં પાંચ ગેરેન્ટી લાગૂ કરવામાં આવશે. જે અંતર્ગત ગૃહજ્યોતિ, ગૃહલક્ષ્મી, અનન્યા ભાગ્ય યુવા નિધિ અને શક્તિ યોજના સામેલ છે. કોંગ્રેસે પોતાના ઘોષણા પત્રમાં ગૃહજ્યોતિ યોજના અંતર્ગત કર્ણાટકમાં તમામ ઘરમાં ૨૦૦ યૂનિટ ફ્રી વીજળીનો વાયદો કર્યો છે. ગૃહલક્ષ્મી સ્કીમ દ્વારા પાર્ટીએ તમામ પરિવારની મહિલા પ્રમુખોને ૨૦૦૦ રુપિયા માસિક મદદ કરવાનું વચન આપ્યું છે. આવી જ રીતે અન્ના ભાગ્ય યોજના દ્વારા તમામ બીપીએલ પરિવારને દરેકને મહિને ૧૦ કિલો અનાજ આ ઉપરાંત બેરોજગાર સ્નાતકોને બે વર્ષ માટે ૩૦૦૦ રૂપિયા પ્રત્યેક મહિને અને બેરોજગાર ડિપ્લોમા ધારકોને ૧૫૦૦ રૂપિયા દર મહિને આપવાનું વચન કોંગ્રેસે આપ્યું છે. તેને યુવાનિધિ યોજના કહેવાય છે. શક્તિ યોજના અંતર્ગત રાજયની તમામ મહિલાઓને કર્ણાટકની સરકારી બસોમાં મફત યાત્રાનો વાયદો કર્યો છે. કોંગ્રેસે પોતાના ઘોષણાપત્રમાં સરકારી કર્મીઓને ખુશ કરવા માટે જૂની પેન્શન વ્યવસ્થા લાગૂ કરવાનું વચન આપ્યું છે.

કોંગ્રેસે ફેબ્રુઆરીમાં હિમાચલ પ્રદેશમાં પણ જીત નોંધાવી હતી. હિમાચલ પ્રદેશ ચૂંટણીમાં કોંગ્રેસ ઓપીએસ લાગૂ કરવાનું વચન આપ્યું હતું. જેને મોટા પાયા પર પસંદ કરવામાં આવી હતી અને કોંગ્રેસ તેના જોરે રાજ્યમાં પાંચ વર્ષ બાદ વાપસી કરવામાં સફળ રહી હતી. કોંગ્રેસે કર્ણાટકમાં પણ રિઝર્વેશન ૫૦ ટકાથી વધારીને ૭૫ ટકા કરવા અને મહિલાઓ માટે ફ્રી બસ સુવિધા આપવાનું વચન આપ્યું છે. કોંગ્રેસે કર્ણાટકના સરકારી વિભાગોમાં અપ્રૂવ્ડ વેકેન્સિઓને ફટાફટ ભરવા અને સરકારી નોકરીઓમાં ૮૦ ટકા આરક્ષણ સ્થાનિક લોકોને આપવાનું એલાન કર્યું છે. કોંગ્રેસે પોતાના ચૂંટણી ઘોષણાપત્રમાં નાઈટ ડ્યૂટી કરનારા પોલીસ અધિકારીઓને દર મહિને ૫૦૦૦ રૂપિયા વિશેષ ભથ્થા આપવાનું વચન આપ્યું છે. આ ઉપરાંત ગૃહજ્યોતિ યોજના દ્વારા ૨૦૦ યૂનિટ મફત વીજળી આપવા, અન્નભાગ્ય યોજના અંતર્ગત ૧૦ કિલો ચોખા આપવા અને આગામી ૫ વર્ષમાં ખેડૂત કલ્યાણ માટે ૧.૫ લાખ રૂપિયા, પાક નુકસાનની ભરપાઈ માટે ૫૦૦૦ કરોડ રૂપિયા અને નારિયળના ખેડૂતો તથા અન્ય માટે એમએસપી નક્કી કરવાની જાહેરાત કરી હતી. ભાજપ કોંગ્રેસના આ વચનોને ફ્રીબીજ કરીને મજાક ઉડાવતી રહી, પણ કોંગ્રેસ પોતાના વચન પર અડગ રહી. હકીકતમાં આ આપનો દાવ હતો. જેને પહેલા દિલ્હીમાં દર મહિને ૨૦૦ યૂનિટ ફ્રી વીજળી અને દર મહિને ૨૦,૦૦૦ લીટર પાણી ફ્રી કરીને તથા મોહલ્લા ક્લિનિક સ્થાપીને ફરી વાર સત્તા મેળવી હતી. આપની કેજરીવાલ સરકારે દિલ્હીમાં મહિલા માટે ડીટીસી બસોમાં ફ્રી યાત્રા કરી દીધી.એજ આધાર પર કોંગ્રેસ રાજ્યનો ચૂંટણી ઢંઢેરો નક્કી કર્યો. જો કે, ગુજરાત અને ઉત્તરાખંડમાં કોંગ્રેસનો આ દાવ કામે લાગ્યો નહોતો, પણ હિમાચલ અને કર્ણાટકમાં કામે લાગ્યો.

## ગોંડલમાં માતા-પુત્રએ એકસાથે ઝેરી દવા ગટગટાવી જીવનલીલા સંકેલી દીધી

(એ.આર.એલ),રાજકોટ,તા.૧૩

રાજકોટના ગોંડલ શહેરમાંથી કાળજું કંપાવી દેતી ઘટના સામે આવી છે. ગોંડલ શહેરના ગાયત્રી નગરમાં રહેતા માતા અને પુત્ર એ વહેલી સવારે ઝેરી દવા ગટગટાવી મોતને વાહલું કર્યું હતું. ઘટનાની વિગતે વાત કરીએ તો, પુત્ર કેન્સરની બીમારી થી તડપી રહ્યો હતો. કેન્સરની સારવાર ચાલુ હતી પરંતુ પુત્ર હંમેશા માનસિક તણાવમાં હતો. દીકરાને પોતાની નજર સામે ધડક તો જોઈ માતા પિતાની ચિંતા વધી રહી હતી. ત્યારે માતાએ વહેલી સવારે ગરમ પાણી સાથે દીકરાને આમળાના જયુસ ને બદલે ઝેર ખવડાવી પોતે પણ ઝેર ગટગટાવી લીધું.

ત્રણ ખુણીયા ગાયત્રી નગરમાં રહેતા વિનોદચંદ્ર જેરામભાઈ પીઠવાના પત્ની ભારતીબેન અને તેના પુત્ર મિરાજ વહેલી સવારે જ તેમના ઘરમાં બેભાન અવસ્થામાં મળી આવ્યા હતા. જેને તાત્કાલિક ડોક્ટર સુખવાલા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન બંનેએ દમ તોડ્યો હતો. ડોક્ટરે મોતનું કારણ જણાવતા કહ્યું હતું કે, ઝેરના કારણે માતા અને દીકરાનું મોત થયું છે. આ ઘટનાને પગલે પરિવારમાં માતમ છવાઈ ગયો છે.

વિનોદચંદ્ર પરિવાર સાથે આફ્રિકાના દારે સલામ રહેતા હતા. વ્યવસાયે વિનોદચંદ્ર ચાઈનીઝ વસ્તુઓનું માર્કેટિંગ કરતા હતા, પરંતુ છેલ્લા પાંચ વર્ષ પહેલા તેઓ પરિવાર સાથે ગોંડલ પાછા ફર્યા હતા. પુત્ર મિરાજે ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ આફ્રિકામાં જ કર્યો હતો, ગોંડલ પાછા ફર્યા બાદ પુત્ર મિરાજે પુના કોલેજમાં એડમિશન લીધું હતું.

પુત્ર મિરાજને કેન્સર ની બીમારી થતા સારવાર શરૂ થઈ હતી. પરંતુ બીમારીના કારણે મિરાજ સતત માનસિક તણાવ માં રહેતો હતો. નજર સામે દીકરાને તડપતો જોઈ માતા પિતા પણ ચિંતિત થતા હતા. ત્યારે એક વખત માતાએ રહેલી સવારમાં ગરમ પાણી સાથે ગામડાના જયુસ ને બદલે ઝેર ભેળવીને દીકરાને પાઈ દીધું હતું, અને પોતે પણ ઝેર ગટગટાવી લીધું હતું. ત્યારબાદ સારવાર દરમિયાન બંનેના કમકમાટી ભર્યા મોત થયા હતા.

જાણવા મળ્યું છે કે, વિનોદ ચંદ્રને સંતાનમાં માત્ર મિરાજ એકનો એક પુત્ર હતો, જેના લગ્ન પણ નહોતા થયા. પુત્ર અને પત્નીનું અકાળ મૃત્યુ થતાં વિનોદ ચંદ્ર પર દુ:ખના પહાડો તૂટી પડ્યા છે. હાલ સમગ્ર ઘટનાને અંગે પોલીસ તપાસ કરી રહી છે.

Home/Personal Tuition
Physics
Dr. Chintan Trivedi
M.Sc, M.Phil, Ph.D in Physics and 15 years of teaching experience
Admission open year 2023-24
Special Batch for Repeater students starts from 10th May, 2023
11TH -12TH Science Board/NEET/JEE
Call Or Whatsapp for Demo : 9925260536
Place : Gandhinagar

તમામ જ્ઞાતિના ઉચ્ચ અભ્યાસ ધરાવતાં
ઉમેદવારો માટે જીવનસાથી પસંદગી સંમેલન
બ્રાહ્મણ, પટેલ, વૈષ્ણવ, જૈન, ઠક્કર, સોની, મોદી, ભાવસાર, ખત્રી તેમજ વિશ્વકર્મા વંશજના લુહાર, પંચાલ, ગજ્જર તથા સુથાર સમાજના અપરિણીત યુવક-યુવતીઓ, વિધૂર, વિધવા, છૂટાછેડાવાળા પાત્રો ભાગ લઈ શકશે.
તા. ૧૧-૬-૨૦૨૩ રવિવાર
સમય : બપોરે ૩:૦૦ થી ૭:૦૦
સ્થળ : એચ.એચ. બત્રીસી હોલ, કલેક્ટર કચેરીની બાજુમાં, ગાંધી આશ્રમ સામે, સુભાષબ્રીજ, અમદાવાદ.
રજીસ્ટ્રેશન માટેની છેલ્લી તારીખ : ૨૦-૫-૨૦૨૩
-: આયોજક :-
લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ હેપ્પીનેસ અને સપ્તપદી મેરેજ બ્યૂરો
૫૫, ગ્રાઉન્ડ ફ્લોર, અજન્ટા કોમર્શીયલ સેન્ટર, ઈન્કમટેક્ષ, આશ્રમરોડ, અમદાવાદ
રજીસ્ટ્રેશન માટે બાયોડેટા અને પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે સંપર્ક કરો
મો. ૯૪૨૬૪ ૧૭૦૬૬,
૯૧૭૩૧ ૮૫૧૦૯
ઓ. ૦૭૯-૪૦૩૨૨૭૧૯

14 મે " વિશ્વ માતૃ દિવસ"૧૦ મે થી ૧૪ મે માતૃ વંદના સપ્તાહ ઉજવણી




"મા એક એવું વટવૃક્ષ કે જ્યા ઝંઝાવાત પણ નિરાંત નો શ્વાસ લે છે "

## માને પત્ર.



વહાલી મા,

તારી લાડલીનાં વહાલ ભર્યાં પ્રણામ.

મોબાઈલમાં સંદેશા મોકલનારી હું, પત્ર લખું એટલે નવાઈ લાગી ને! મા, મેં જોયેલ કુદરતી નજારાનું વર્ણન પત્રમાં સચવાયેલું રહેશે,મન થાય ત્યારે વાંચી લેવાય.

લીલી હરિયાળી, ષોડશી યુવતીની જેમ ઉછળતી કૂદતી નદી કે પહાડો પરથી પછડાતાં ધોધ, ખળખળ વહેતાં ઝરણાં, લીલાં પર્ણોથી આચ્છાદિત વૃક્ષો જોઈ આપણે બોલી ઉઠીએ કે,વાહ કુદરત! પરંતુ આજે તને એનાંથી અલગ કુદરતી સૌંદર્યની વાત જણાવું.

પર્ણો ખરી ગયેલાં એવાં સુકાભઠ્ઠ વૃક્ષો પણ જોવાં જેવાં.પર્ણોથી આચ્છાદિત વૃક્ષની ડાળીઓ જોવા ન મળે,એક ઘેઘૂર વૃક્ષ જ દેખાય, જ્યારે પર્ણ ન હોવાને કારણે ફેલાયેલી ડાળીઓ જોવા મળી. મા, શું વાત કરું? આ ડાળીઓ જાણે,પ્રેમી એની પ્રેમિકાને હાથ ફેલાવી આલિંગન આપવા આતુર હોય એવી આ ડાળીઓ દેખાય. કેટલાંક વૃક્ષોની ડાળીઓ પવનમાં ડોલતી હોય ત્યારે નૃત્ય કરતી હોય એવું લાગે. હું તો દંગ થઈ જોતી જ રહી.

નદી કિનારે ગઈ તો ઉછળકૂદ કરતી ષોડશી નદી કોઈ પ્રૌઢાની જેમ શાંત, સૌમ્ય પોતાની મસ્તીમાં ધીમે ધીમે મંઝિલ કાપતી હોય એવું લાગે એને જોતાં જ હૈયે ઠંડકનો અહેસાસ થાય. મન શાંત થઈ તાજગી અનુભવે. સાગનાં વૃક્ષો પર્ણો ખરી જવાને કારણે સરહદે ઊભેલાં ટટ્ટાર સૈનિક જેવાં દેખાય. વાંસનાં ઝૂંડ પવન આવતાં જ ડોલી ઉઠે અને એટલાં નમી જાય, જાણે વાંકા વળીને નમન કરતાં હોય.વહેતો પવન જાણે વાંસળીનાં મધુર સૂર રેલાવતો હોય એવો અવાજ સાંભળીને હું તો ઘેલી ઘેલી થઈ ગઈ.

મા,મને એક અલગ જ અનુભવ થયો કે, આથમતાં સૂર્યનું સૌંદર્ય માણવા જેવું હોય છે એમ જ પાનખરનું સૌંદર્ય પણ માણવા જેવું હોય છે. મા,તારી વાત સાચી જ છે કે સૌંદર્ય માણવા માટે આપણી દ્રષ્ટિ જોઈએ,' દ્રષ્ટિ એવી સૃષ્ટિ.

લિ.

તારી લાડલીનાં પ્રણામ.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

## મા



બાપના હૈયાંમાં તો પ્રેમનો સાગર હોય છે. એક કથા અનુસાર હુમાયુ એના જીવનનાં અંતિમ શ્વાસ ભરતો હતો, ત્યારે હુમાયુનાં મૃત્યુના બિછાને બેસીને બાબરે પોતાની જિંદગીના બદલામાં દીકરાની જિંદગી માંગી લીધી. આ પિતાનાં પ્રેમની ચરમસીમા હતી. હુમાયુની લાઈલાજ બીમારીનો એનાં કરતાં મોટો ઈલાજ બીજો ક્યો હોય. આ સંવેદના કરતા મોટું અમૃત બીજું કોઈ નથી.

આપણે સૌ જન્મજાત સંવેદનશીલ છીએ પણ, વખત જતાં આ સંવેદના ધીમે ધીમે દમ તોડવા લાગે છે. આપણે એને એટલી હદે તોડી મરોડી નાંખીએ છીએ કે પછી એ આપણાં કાબૂમાં રહેતી નથી. જોઈતું વસ્તુ ન પ્રાપ્ત થાય તો આપણે પ્રેમ કરવાનું બંધ કરી દઈએ છીએ. નવીપેઢીએ આ પરિસ્થિતિ માટે બહુ સરસ શબ્દ આપ્યો છે ડિપ્રેશન. એને નાથવા માટે આપણે જીવતોડ કોશિષ કરીએ છીએ. દવાઓ, ડોક્ટર, મેડિટેશન અને બીજું ઘણું બધું અજમાવીએ છીએ.

પણ એ છતાં સાવ સામાન્ય ઉપાય આપણે નથી જ કરતાં. બસ પ્રેમ નથી કરતાં. આપણાં જીવનને , આપણી આસપાસની વ્યક્તિઓને , ખડખડાટ હસતાં બાળકોને, સુંદર મજાના ફૂલોને, મધુર સંગીતને બસ પ્રેમની એ અમોઘ ઔષધિ લેવાનું ચૂકી જઈએ છીએ. આપણી મનઃસ્થિતિનો ઈલાજ આપણા હાથમાં જ હોય છે અને આપણે તરફડિયાં મારીએ છીએ. ચાલો સંકુચિત માનસ છોડીને વિશાળ અર્થમાં પ્રેમ કરીએ. ગૂંગળાવી નાખતાં એકાંતને છોડી પ્રેમનો ઓક્સિજન લેવાનું આજથી જ શરૂ કરીએ અને એ ગેરન્ટી મારી કે આ ઈલાજ ઘણો સસ્તો અને અકસીર છે. બીજું તો ઠીક પણ આ દવાની કોઈ એક્સપાયરી ડેટ નથી.

જ્યારે ઈચ્છો ત્યારે કાયમ તરોતાજા જ મળતી રહેશે.

**-શંભુભાઈ ડી. ઠક્કર (ભૂજ)**

---

## મા



ઈશ્વર પોતાના સર્જેલા સર્જન પર કૃપા, કરુણા અને આશીર્વાદ વરસાવવા તત્પર હોય જ પરંતુ તેઓ એકલા બધે પહોંચી ન શકે એટલે તેમણે માનું સર્જન કર્યું હશે! મા અને બાળકનો સંબંધ લોહી માંસનો છે. નવ મહિના પોતાની કૂખમાં રાખનાર મા હરપળ પોતાનાં બાળકની ચિંતા કરતી હોય છે. તેનાં સારાં સ્વાસ્થ્ય માટે પોતાની ખાણી પીણી બદલી નાંખે છે . તેનાં ઘડતર માટે ખાસ ઉત્તમ પુસ્તકોનું વાંચન કરે છે. જ્યારથી તેને ખબર પડે છે કે તેનાં ઉદરમાં એક બાળબીજ રોપાયું છે ત્યારથી જ એક સ્ત્રી, સ્ત્રી મટી જાય છે અને મા જન્મ લઈ લે છે. આ માનું ઋણ બાળક સાત જન્મમાં પણ ઉતારી શકતો નથી. કુટુંબમાં માતાનું સ્થાન શ્રેષ્ઠ છે. બાળ ઉછેરમાં માતા અજોડ છે. મા કદાચ અભણ હોય પણ તે પોતાના સંતાનને શ્રેષ્ઠ શિક્ષણ અપાવવા મજૂરી પણ કરે છે. શાસ્ત્રોમાં કહેવાયું છે કે, એક મા સો શિક્ષકની ગરજ સારે છે.

બાળકની પ્રથમ ગુરુ મા છે. માની મમતાનું શબ્દોમાં વર્ણન કરવાનું મારું ગજું નથી. હું તો એટલું જ કહીશ કે મા એ ભગવાનનું સ્વરૂપ છે. ઘરેથી માનાં આશીર્વાદ લઈને નીકળો તો દુનિયાની કોઈ તાકાત તમને હરાવી શકે નહિ . આપણાં મહાપુરુષો ગાંધીજી, શિવાજી, લોકમાન્ય તિલક વગેરેના જીવન ઘડતરમાં તેમની માતાનો ફાળો વિશેષ જોવા મળે છે. માતા ગરીબ હોય કે શ્રીમંત, બાળક દેખાવડું હોય કે લૂલું લંગડું તેનાં વાત્સલ્યમાં કોઈ ફરક પડતો નથી. માની મમતા કેવળ માનવ સૃષ્ટિમાં જ જોવા મળે છે તેવું નથી પશુ, પંખીમાં પણ પ્રબળ માતૃપ્રેમ જોઈ શકાય છે.

ધરતીનો છેડો ઘર અને ઘરનો છેડો મા.

બધે ફરી આવો પણ સાચી શાંતિ તો માનાં ખોળામાં જ મળે. પેટે પાટા બાંધીને સંતાનને મોટાં કરનારી માતાને ઘડપણમાં જો સંતાન તરફથી તિરસ્કાર મળે તો પણ તે સદાય સંતાનોને આશીર્વાદ જ આપે છે.

ખુદા કા દૂસરા રૂપ હૈ માં ,  
મમતા કી ગહરી ઝીલ હૈ માં .  
વો ઘર કિસી જન્નત સે કમ નહી,  
જિસ ઘર મેં ખુદા કી તરહ પૂજી જાતી હૈ માં !

મા સંતાનનાં ઘડતર માટે કડક અને કડવી પણ બનતી હોય છે ક્યારેક મીઠો ઠપકો તો ક્યારેક માર મારીને બાળકને સાચા રસ્તે વાળે છે. જે સંતાનનાં સુખે સુખી અને સંતાનનાં દુઃખે દુઃખી તે મા. મા એટલે નિઃસ્વાર્થ પ્રેમનું પ્રતીક. સ્નેહની સરવાણી, હેતનું ઝરણું, લાગણીઓનો પ્રપાત અને વાત્સલ્યનો ઘૂઘવતો સાગર. દુનિયાની હરેક માને મારાં સો સો પ્રણામ.

**-ભારતી ભંડેરી 'અંશુ',અમદાવાદ.**

---



માતા – શિક્ષક માતા - કલ્પતરુ  
માતા - મમતા સાગર માતા - અમૃતની ગાગર .  
તે કુક્ષીમાં ધારણ કરી ધાત્રી બની...  
જન્મ આપીને જનની બની...  
પાલન-પોષણ કરીને અમ્મા...  
અને વીર બાળકોના પ્રસવ ને કારણે તે વીરસુ કહેવાઈ...

માતાના ખોળામાં સૂઈને સ્તનપાન કરતું બાળક, અને તે બાળક પર સ્નેહ વરસાવતા માતાનાં નયન...ઉત્તમોત્તમ પવિત્રતા છે, પ્રકૃતિની સર્વોચ્ચ સુંદરતાનું પ્રતીક છે.

કુદરતનો કરિશ્મા છે. માનવતાનું અદ્ભુત ચિત્ર છે.

અહીં બાળકની કોઈ યાચના નથી,

અને માતા કોઈ હિસાબ રાખતી નથી.

એક તૃપ્ત થાય છે અને બીજો ધન્ય થાય છે.આનાથી મોટું આદાનપ્રદાનનું કોઈ ઉદાહરણ નથી.આનાથી વધુ સંતોષની પૂર્ણતાનું કોઈ ઉદાહરણ નથી.

કુદરતની વિશેષતાનું આનાથી મોટું કોઈ ઉદાહરણ નથી.

આ પરમ દિવ્યતા છે.

આ અંતિમ સત્ય છે.

માતૃત્વ પ્રકૃતિનું સર્જક તત્ત્વ છે.માતા જ પ્રકૃતિનું શ્રેષ્ઠ પ્રતિનિધિત્વ કરે છે.

માતા ફક્ત જન્મ આપી પોતાનું કર્તવ્ય સમાપ્ત કરતી નથી અપિતુ પોતાનાં સર્જનરૂપ બાળકને અસીમ, શુદ્ધ, બિનશરતી, પ્રેમ આપે છે.

જો માતાનું મૂલ્યાંકન કરવાનુ કોઈ ત્રાજવું હોત અને એક પલડામાં માત્ર આ ચાર શબ્દો 'મારી પાસે માતા છે' એ મૂકી બીજાં પલડામાં દુનિયાની તમામ સંપત્તિ રાખવામાં આવે તો પણ માવાળું પલડું ચોક્કસ નમશે, તેમાં કોઈ શંકા નથી.

શબ્દકોષમાં 'મા'નો ફક્ત શબ્દાર્થ જ જોવા મળશે.'મા'નો ભાવાર્થ તો હૃદયકોષમાં જ મળશે. કોઈ વિચારકે બહુ સરસ કહ્યું છે કે સ્વર્ગમાં માતાની ગોદ મળશે કે નહીં તે ખબર નથી, પણ માતાનાં ખોળામાં સ્વર્ગ ચોક્કસ મળશે એમાં કોઈ શંકા નથી.

માતાની ગર્ભાવસ્થા વિચારીએ, તો કેવા વિચારો આવશે? જો આપણે કોઈ વસ્તુ હાથમાં લઈએ, ઉદાહરણ તરીકે પાણીનો ગ્લાસ. ભલે તે વજનમાં ભારે ન હોય, કેટલી વાર સુધી હાથમાં પકડી રાખશો? એક, બે કલાક ? પછી ? એ વજન પણ ઉપાડી નહીં શકીએ.

દુનિયામાં 'મા' એકમાત્ર એવી વ્યક્તિ છે જે નવ મહિના સુધી બાળકને પોતાનાં પેટમાં રાખે છે અને તે પણ પૂર્ણ ખુશી સાથે. ગર્ભાવસ્થામાં કેટલું સંભાળવું પડે. ઊઠતાં, બેસતાં , ચાલતાં, કોઈ પણ કામ વખતે, સાવચેત રહેવું પડે.

માતાના અનંત ઉપકારમાંનો આ એક એવો ઉપકાર છે,જ્યારે તે નાનકડાં જીવને પોતાનાં ગર્ભમાં સુરક્ષિત અને સ્વસ્થ રાખે છે, સમગ્ર વિશ્વની નજરથી, તમામ સંકટથી દૂર, 'સેફ એન્ડ સાઉન્ડ', જેથી આપણે આ પૃથ્વી પર સુખપૂર્વક અવતરી શકીએ. આ એક ઉપકાર, માતા રૂપી તત્ત્વ સિવાય, કોઈના વશની વાત નથી.

**-ધનેશ એમ શાહ (હૈદરાબાદ)**

---



૧૯૫૬ ની વાત છે.

ભાવનગર જિલ્લાના એક નાનકડાં ગામ જીથરીની ટી.બી હોસ્પિટલમાં

રસુલબેન પતિ દાઉદભાઈને લઈને આવ્યાં ત્યારે એમને ખબર નહોતી કે આ હોસ્પિટલ પણ દાઉદભાઈને

બચાવી શકે એમ નહોતી .

રસુલબેન દાઉદભાઈને લઈને પોતાનાં ગામ ઈલોલ પાછાં ફર્યા. દાઉદભાઈ

દસમી મોહરમના દિવસે રસુલબેનને સાત બાળકો આપી આ ફાની દુનિયા છોડી ચાલ્યા ગયા.

આ સાત બાળકોમાં ચાર દીકરા અને ત્રણ દીકરીઓ. દાઉદભાઈ મકાન બનાવવાના કોન્ટ્રાકટર હતા . એ સમયે સઘળાં કામ ઉધારી પર ચાલતાં. જેની પાસે દાઉદભાઈ પૈસા માંગતા હતા એ બધાં લોકોએ મોઢું ફેરવી લીધું. પણ જેનું દેવું દાઉદભાઈએ લીધું હતું, એ લોકો રોજ રસુલબેનનાં ઘરે ઉઘરાણી કરવાં આવવાં લાગ્યાં.બત્રીસ વરસનાં વિધવા રસુલબેન નાનાં નાનાં બાળકો અને સગા વહાલાં વેરી શું કરે? ઈદત પૂરી થતાં ખેતર જવાનું ચાલુ કર્યું.

આ બાળકોમાં નસીરભાઈ સૌથી મોટા, પણ એબ્નોર્મલ હતા એટલે નસીરભાઈ રસુલબેન સાથે ખેતરમાં જઈ મજૂરી કરે અને બાકીનાં બાળકો શાળામાં જાય. રસુલબેનનું મગજ ચાલે અને નસીરભાઈનું શરીર! એક દીકરીનાં લગ્ન કર્યાં પણ સાસરાવાળાએ એટલા દુઃખ આપ્યા કે મૃત્યુ પામી, આ ઘા પણ રસુલબેન જીરવી ગયાં.

ખેતરમાં કાળી મજૂરી કરવી, ઘરમાં ભેંસો રાખવી, ઢોર માટે ચારો લાવવો, દૂધ દોહી દૂધ ડેરીમાં પહોંચાડવું આ બધાંમાં ક્યારે રાત પડી જાય ખબર પણ ના પડે .

સમયની એક વાત સારી છે સારો હોય કે ખરાબ વીતી જાય છે . બે દીકરા અમદાવાદ કૉલેજમાં ભણવા ગયા.બન્ને ફાર્માસીસ્ટ બન્યા . એક ઈલેક્ટ્રિક એન્જિનિયર બન્યો. રસુલબેન ક્યારે વૃદ્ધ થઈ ગયાં સમજ ના પડી. એક દીકરો તો અમેરિકામાં સ્થાયી થઈ ગયો. એક દીકરો ગાંધીનગર અને એક દીકરો ગામમાં જ રહ્યો. હવે રસૂલબેન કામ નથી કરતાં પણ રસુલબેન એકલાં પડી

ગયાં બધાં બચ્ચાં માળો મૂકી ઊડી ગયાં. રસુલબેનની સાથે એમનો એબ્નોર્મલ દીકરો નસીરભાઈ જીવનનાં છેલ્લાં શ્વાસ સુધી સાથે રહ્યો. કદાચ નસીરભાઈને અલ્લાહે એટલાં માટે એબ્નોર્મલ બનાવ્યા હશે કે રસુલબેનની બુઢાપાની લાકડી બને . ભણેલા ગણેલા દીકરાઓએ પોતાના ઘર વસાવ્યાં અને પોતાનાં સંસારમાં

મશગૂલ થઈ ગયાં. હવે મા અને નસીરભાઈ એકલાં હતાં. માળાનો કલરવ હવે સંભળાતો નથી. બધાં પંખી ઊડી ગયાં. રસુલબેનનો માળો સુનો થઈ ગયો.

છેવટે રસુલબેન ૯૨ વરસની ઉંમરે અલ્લાહને પ્યારાં થયાં ત્યારે બધા દીકરાને ઘરે કાર, બંગલા અને જીવ જરૂરિયાતની સઘળી સુવિધા ઉપલબ્ધ હતી.પણ મા ન હતી. આ છે ખરી મધર ઈન્ડિયા !

**-સપના વિજાપુરા (અમેરીકા)**

---



ખાંડ વિના મોળો કંસાર,  
મા વિના સૂનો સંસાર...

માતાની છત્રછાયા હેઠળ જીવન મધમીઠું! એની લાગણી વિના સાવ ફિક્કું...માતાનું કેટલું ઋણ!..

મા વિષય જ એટલો સંવેદનશીલ કે લખતાં પણ લાગણીથી ભીંજાય જવાય.બાળકથી માંડીને મોટા થતાં સુધીમાં કેટલી મહેનત, કેટલીય જવાબદારી, કેટલોય સંઘર્ષ ! અને એ જ બાળકની હેરાનગતિ હસ્તે મુખે સ્વીકારી વ્હાલ વરસાવતી એક મા જ કરી શકે.ક્યારેક દિકરા દિકરીને જીંદગીના પાઠ ભણાવવા કઠણ કાળજું કરી ઠપકારતી, ફટકારતી અને અંતે જાતે જ રડતી...મા એક એવું પાત્ર છે જેનું આખું જીવન જ બાળક માટે સમર્પિત અને ઓતપ્રોત છે.મા હંમેશા પોતાના બાળક પ્રત્યે ન્યોછાવર રહેતી ઈશ્વરની અદ્રશ્ય બેજોડ શક્તિ છે, ક્યારેય ખૂટે એવી લાગણી છે.

મા એ એવું નજીક નું સ્વજન છે, જે કોઈપણ સમયે, કોઈપણ સંજોગે, શરત વગર, કારણ વગર, નિર્દોષ પ્રેમ વરસાવતો અખંડ સ્ત્રોત છે એને ક્યારેય તરછોડશો નહીં...એ અનંત વ્હાલ ને અવગણશો નહીં... એમની નાની મોટી ભૂલ કે કયારેક ઉંમરના કારણે થયેલ ઓછી વધતી લાગણી ને આંકશો નહીં...

જીવનમાં જ્યારે જ્યારે રડ્યા હશો, તકલીફ માં હશો ત્યારે તે મા ની આંખ પણ ભીની થયાં વગર રહી ન હશે. અને તમારી પ્રગતિની ખુશી અન્યને જણાવી ખુશી બમણી કરી હશે. એટલે મા એ દીકરાના સુખમાં સુખી અને તેના દુઃખ માં દુઃખી થતી હોય છે. એટલે જ મા એ ઈશ્વરનું સ્વરૂપ કહેવાય છે. મા વિષય ઈશ્વરથી પણ ખુદ લાગણીથી પરિપૂર્ણ નથી થઈ શક્યા તો પછી આપણે આ લાગણી, વ્હાલ, વાત્સલ્ય ભાવ વિશે શબ્દોમાં કેમ ઢાળી શકીએ?

સાચી સુરક્ષા શું એ મા જ શીખવે.બાળકની માંદગી સમયે, જો દવા દ્વારા સારું ન થાય તો દોરા ધાગા બાંધી મા દુઆ માંગે છે, પણ મા ક્યાં હાર માને છે? આપણે સમજવાની જરૂર છે, કે પેઢી બદલાય, સમય બદલાય પણ મા નો પ્રેમ ક્યાં બદલાય? એ કરુણામય મૂર્તિ કાલે પણ પ્રેમ વરસાવતી અને આજે પણ એને પ્રેમ છે જ.એ આપણે એને સમર્પણમાં, તેનાં ત્યાગમાં, તેની કાળજીમાં સતત રહેતી ચિંતામાં શોધવાની જરૂર છે.

મા અભણ હોય તોયે એ 'સરસ્વતી' છે, મા ભણેલી ન હોવા છતાં પણ જીંદગીમાં જ્યારે હારી જઈએ ત્યારે સાહસ આપી મા જ શીખવે હવે આગળ કેમ વધવું... માંદગી સમયે બાળક માટે દિવસ રાત એક કરતી 'જગદંબા' અને પ્રગતિમાં આશિર્વાદ સમી પ્રોત્સાહન આપી હરખાતી 'લક્ષ્મી' મા જ છે...

**- આશા જયેશ બરૂવાલા.(સુરત)**

---

## માતૃત્વ પ્રેરણા



મા'ડી તારી યાદ બહુ આવે છે તું ક્યાં હોઈશ, નથી જડતું તારું ઠેકાણું તું ક્યાં હોઈશ ?

તારા વિરહની વેદનામાં હું જીવું છું, તારા વિરહની વેદનામાં હું .. હું ને જ આજે ભૂલી ગયો છું. ભણાવ્યાં તેં મને માણસાઈનાં પાઠ, ભણાવ્યાં તેં મને આધ્યાત્મનાં પાઠ, ઓળખાણ અપાવી હું કોણ છું. એ જ ઓળખાણે હું જીવું છું , કર્મ કરું છું, વિકારોથી મુક્ત રહું છું, જીવનનો ઉત્સવ માણી સદાબહાર રહું છું.. મા!

મા તું બતાવી ગઈ મને મારું જીવન,  
આ જિંદગીનાં ફેરામાં કેમ રહેવાય, કેમ જીવાય .

સત્યતાનાં તેં રાહ ચીંધી બનાવી મારું ગુલશન જીવન, મહેકાવી ગઈ ઉપવનનાં હરિયાળી પુષ્પો વચ્ચે તું મા. કાળ તે વિકરાળ નથી સમય સમય નું કામ કરે.. તે તું મા સમજાવતી ગઈ . મનુષ્ય મનુષ્યનો દુશ્મન નથી ,દુશ્મન તો છે તારાં પાંચ વિકાર એ તું જાણી લેજે.. એમ સમજાવતી ગઈ,

'ધરજે તું જીવનમાં ધીરજ, ધીરજમાં જ છે સુખ શાંતિ સમૃદ્ધિ વૈભવ ,

ઉત્સવ નથી શાંતિ સુખ અહંકારમાં, નથી શાન્તિ પર ચિંતન મોહ માયામાં,'એમ તું સમજાવતી ગઈ.

**-ડૉ.કનૈયાલાલ માલી 'ઉત્સવ' (અમદાવાદ)**

---

## માનું નામ મળશે ક્યારે?



મા શબ્દ સાવ નાનકડો છે પણ મહત્વ તેનું મોટું છે. પુત્રને જન્મ આપવાથી માંડી પાલન પોષણ તથા સંસ્કાર આપનાર મા છે. માનો મહિમા આપણા ઈતિહાસનાં પાને પાને લખાયેલ છે. કવિઓ અને લેખકોએ મા વિશે ઘણું લખ્યું છે. જનનીની જોડ સખી નહીં જડે રે લોલ જેવાં ગીતો પણ લખ્યાં છે. મા તે મા બીજા બધા વગડાના વા જેવી કહેવતો પણ છે.

આટલું બધું મહત્વ હોવા છતાં દરેક માણસનાં નામ પાછળ જનમનાં દાખલાથી માંડી માણસનાં મરણનાં દાખલા સુધી પાછળ પિતાનું નામ લખવામાં આવે છે. સમાજ અને સરકારમાં પિતાનાં નામથી વધુ ઓળખાય છે. હા ,ક્યારેક કોઈક અનૈતિક સંબંધોથી બાળકનો જન્મ થયો હોય અને પિતાનું નામ ખબર ન હોય કે જાહેર ન કરી શકાતું હોય ત્યારે અપવાદરૂપે કોઈનાં નામ પાછળ માતાનું નામ લખાય છે.

પિતા પાલનહાર છે, પિતાની સંપત્તિનો વારસદાર છે તેથી તેનું નામ પાછળ લખવામાં આવે છે એવી દલીલ ઘણાં કરે, તો શું જનની જન્મદાતા નથી? માતા સંસ્કારનો વારસો નથી આપતી ? પિતાનો અંશ ભલેને અંગમાં હોય તો શું માતાનું લોહી તેની નસેનસમાં નથી ફરતું? માતાનાં નામને બદલે સમાજમાં આપણાં નામ પાછળ પિતાનું નામ લખવાની પરંપરા ચાલે છે તેની પાછળનું એવું પણ કારણ હોઈ શકે કે પહેલાં પુરુષપ્રધાન સમાજ રચના હતી. સ્ત્રીને આગળ આવવા જ દેતાં નહોતાં. સ્ત્રી પણ ચૂપચાપ રહી આ પરંપરા સામે અવાજ ઉઠાવતી નહોતી. ઈશ્વર પણ દેવકીનંદન કાનજી, જશોદાનો જાયો કાનુડો, કૌશલ્યા નંદન રામ, પાર્વતી પુત્ર ગણેશ, અંજની પુત્ર હનુમાન જેવા માતાનાં નામથી ઓળખાય છે તો સામાન્ય માનવી કેમ માતાનાં નામને પોતાનાં નામ સાથે જોડતા અચકાય છે?) જો કે હવે સમય બદલાઈ ગયો છે. સ્ત્રી પુરુષ સમોવડી બની ગઈ છે તેથી માણસનાં નામ સાથે પિતાનાં નામ જેટલો જ અધિકાર માતાનાં નામ જોડવાનો છે. હવે ક્યાંક બાળકનાં નામ સાથે માતાનાં નામ લખવાની શરૂઆત થઈ છે પણ ખૂબ જ ઓછી છે. આ પરંપરા હવે તોડવી જોઈએ પણ તેની પહેલ કોણ કરે? કયો ગાંધી મોહનદાસ પૂતલીબાઈ ગાંધી લખશે?, કયો મોદી નરેન્દ્ર હીરાબા મોદી લખશે? જનનીનું નામ પોતાનાં નામ સાથે જોડી જનનીનું ઋણ ચૂકવશે કોણ? જનનીને ગૌરવ અપાવશે કોણ?

મધર્સ ડે આપણે દર વર્ષે ઉજવીએ છીએ તો સરકારથી માંડી પ્રજા સંકલ્પ ન લઈ શકીએ કે હવેથી પિતાનાં નામ સાથે માતાનું નામ સરકારી ચોપડે જોડી સાચા અર્થમાં મધર્સ ડે ઉજવીએ!

**-દિપકભાઈ મકવાણા 'દીપ' (ભાવનગર)**

---

## મા.......



એક તિથિ એ પણ હશે,  
જ્યારે હું નહીં હોઉં તમારી સાથે,  
અતિથિ થઈને આવીશ,  
તિથિઓ થકી તમારા સ્મરણમાં ...!  
-અજ્ઞાત

'મા'ની નજરમાં ફાયદા- નુકસાનનો હિસાબ શાનો!!

૭૫ વર્ષની વયે તમો પાંચ કિલોમીટર ચાલી શકો અને તમને નિયમિત ભૂખ લાગે તો તમો સુખી માણસની વ્યાખ્યામાં આવો છો. સામાન્ય રીતે આપણી તંદુરસ્તી સારી હોય તો ઈશ્વરની કૃપા કહીએ છીએ. ઈશ્વર તો બધી જગ્યાએ પહોંચી ના શકે એટલે પોતાના પ્રતિનિધિ તરીકે વંદનીય પૂ. 'મા' નું સર્જન કર્યું.

મૂળભૂત રીતે આપણી તંદુરસ્તીનું પાયાનું કારણ કયું હોઈ શકે? ફક્ત ને ફક્ત 'મા' જ પાયાનું કારણ છે. 'મા' સતત અનુભવાતી ઉષ્મા સમી લાગણી છે. જેથી સતત 'મધર્સ ડે' ઉજવીએ છીએ તેવી ઉરમાંથી સંવેદના હરરોજ પ્રગટે છે. જેથી પ્રત્યેક દિવસ 'મધર્સ ડે' બની જાય છે. વાત્સલ્યમૂર્તિ સ્નેહ વરસાવતી મારી 'મા'ને મેં પારણામાંથી જ અનુભવી છે. 'મા'ના પ્રેમને, તેની લાગણીઓને અનુભવવાની હોય. બચપણમાં ઘોડિયામાં માના હાલરડા સાંભળી 'મા' ના લયબધ્ધ અવાજને જ અનુભવી સુખની નીંદ આવી જતી હતી. ગર્ભથી જ સંસ્કરણ પામતો દરેક જીવ માનો જન્મોજનમનો ઋણી રહે છે.

જન્મ આપીને 'મા' આપણી પહેલી ગુરુ બને છે. 'મા' પથદર્શક બની આપણા જીવનને ઉજાળે છે. શરીરના રક્તના બુંદે બુંદેમાં 'મા'એ આપેલા સંસ્કારો વહે છે. 'મા' આપણા જીવનના દરેક પ્રશ્નોના જવાબોનું સરવૈયું છે. મારી તંદુરસ્તીનું રહસ્ય મારી ઉર્જા. મારી ઉર્જાનું રહસ્ય ફક્તને ફક્ત મારી વહાલી 'મા' છે. અસ્ખલિત શબ્દોમાં 'મા'નું વર્ણન કરીએ તો શબ્દો ખૂટે, વર્ણન નહીં. આપણા જતન માટે 'મા'ની શું લાલસા હોઈ શકે? ફક્ત અને ફક્ત 'શુદ્ધ પ્રેમની અપેક્ષા.'

દુનિયાની દરેક 'મા' એ વિશ્વરૂપ જગતજનની છે. કોઈ કહે કે, તમે ઈશ્વરની અનુભૂતિ કરેલી છે તો હું ફક્ત એટલું જ જણાવીશ કે, મારી 'મા' ની અંદર મેં ઈશ્વરને જોયો છે એ ઈશ્વરે મને હાથ પકડીને દોર્યો છે. ઈશોપદનીશમાં કહ્યું છે કે 'તેન ત્યક્તેન ભુંજિથાઃ' અથવા 'ત્યાગ કરીને ભોગવ' આ ત્યાગ 'મા' જ કરી શકે. દુનિયાની દરેક 'મા' મહેનતુ, સંઘર્ષશીલ મહિલાશક્તિ છે, જે જગતને જન્મ આપે છે, દોરે છે, ચલાવે છે. બાળકનું સંપૂર્ણપણે ઘડતર કરનાર 'મા' છે. 'મા' સમય સાથે બદલાતી નથી. જેથી દુનિયાની દરેક 'મા'ને આજના 'મધર્સ ડે' ના દિવસે નમ્ર વિનંતી કે, તમે તમારી તંદુરસ્તી માટે સભાન રહો. કેટલાય દુઃખોને સહન કરીને પણ મૌનને આભૂષણ બનાવનારી 'મા' તમે સુપરવુમન છો. તમારું પોતાનું અસ્તિત્વ તંદુરસ્તીની દૃષ્ટિએ ટકાવી રાખજો.

સર્વેને 'મધર્સ ડે'ની શુભકામનાઓ

**-દિલીપ સી સોની.(અમદાવાદ)**

---



માનું હૈયું એટલે મમતાની સુગંધ... લેખક- રમેશ પટેલ(આકાશદીપ)

સ્વીકારવા વિનંતી.

? માનું હૈયું એટલે મમતાની સુગંધ...?

સંસારનું વટવૃક્ષ ખીલે છે મા થકી. પશુ પંખી કે માનવજાત માટે વ્હાલ એજ અમૃતપાન. માનું હૈયું એટલે મમતાની સુગંધ..

બા બોલું ને ઝૂલે રે બાળપણ  
આયખે કેસર ઘોળેજી રે

લીલુડી ડુંગરમાળ અને રમતી રમતી વહેતી નાનકડી નદીને કાંઠે, ખેડા જીલ્લાના બાલાશિનોર તાલુકાના પ્રખ્યાત ડાયનોસર અસ્મી પાર્ક વાળા, રીયોલી ગામની નજીકનું ગામ જેઠોલી , એ મારી માતા કાશીબાનું પિયર ગામ.

બેઠી દડી , પણ મજબૂત બાંધો અને ગોળમટોળ મુખ અને હસમુખો સ્વભાવ, આઝાદી સંગ્રામ અને આઝાદી બંન્નેની હવા માણેલી આ પાણીદાર પેઢી , એ પરિચય એમનો.

ચાર ચોપડી ભણેલાં પણ જીવનનું ગણતર ખૂબ જ પાકું. ચૌદ વર્ષની કુમળી વયે પરણીને , ડાકોર પંથકમાં શ્રી રણછોડરાય મહારાજાની છાયા ઝીલતા ગામ મહિસામાં આવ્યા. બા એજ કહેલી થોડીક વાતો, જાણે કોઈ રસપ્રદ ઈતિહાસનું પાનું.

એ જમાનામાં ભણ્યા ના ભણ્યા ને સંતાનો બાપોતી ધંધામાં જોતરાઈ જતા. ખેતીવાડી સાથે ઘર આંગણ દુધાળાં જાનવર તથા બળદો એટલે ઘરનો ઠાઠ ગણાતો. એ જમાનામાં વીજળીની સુવિધા નહીં એટલે ગામડા ગામે ઘર ઘંટી , વલોણાં અને કુવાથી પાણી લાવી પાણિયારે ઝગમગાટ દાખવવામાં જ ઘરની મહિલાઓ ખૂંપી જતી.

બા એ આ સઘળી જવાબદારી ઊપાડી , આ તપસ્યાનાં ઋણ તો ઉતારે ના ઉતરે તેવાં છે. બા ભણેલાં ચાર ચોપડી પણ વાંચનનો શોખ ભારે અને મારા પિતાશ્રી ઝવેરભાઈએ, આ શોખને બિરદાવતાં, ધાર્મિક પુસ્તકો , સ્વામિ વિવેકાનંદ , આખ્યાનો,શ્રી ઝવેરચંદ મેઘાણીજી અને ચારિત્ર્ય ઘડતરનાં પુસ્તકોથી , ઘરમાં જ પુસ્તકાલય ઉભું કરી દીધેલ. મને કવિતાઓ લખવાની અને સાહિત્યને મજાથી માણવાની દેન ,એ કાશીબા અને પિતાશ્રી ને આભારી છે. કાશીબા એટલે પરોપકારની સુગંધ અને એ તેમની જીવન મૂડી. યુવાન વયે એક ગોરપદું કરતા , બ્રાહ્મણની દીકરી વિધવા બની, માવતર ગુજરી ગયાં એટલે શહેરમાં ભાઈ ભાભી સાથે ગઈ પણ સાથે રહેવું કઠિન લાગતાં , એક દિવસ કાશીબા પાસે આવી બોલીપ " ઓ કાશીબાપ. તમારા આશરે આવી છું. મરજાદી છું અને મારા આ લાલજી ઠાકોર સાથે આયખું પૂરું કરવું છે. તમે જાણો છો કે ગોરપદુ હતું એ બાપ ગયા પછી હવે આવકમાં કંઈ નથી. હવે આ ગામમાં તમારે ને આ લાલજીને આશરે આવી છું. દીકરીની વ્યથા જોઈ બાની આંખ ભીંની થઈ ગઈ. બહેન..તમે ચિંતા ના કરશો. આ મારા ફળિયાને તમારું ઘર જ માનજો.અગિયારસ પૂનમ કે ખડકીના કૌટુમ્બિક પ્રસંગોએ , સૌ ફોઈના લાલજી મહારાજના ચરણોમાં સેવા અર્પતા..દાન સીધું દઈ પૂણ્ય કમાતા . ફોઈનું આંગણું બાળકોને ભેગા થવાનું ,પ્રસાદ લેવા દોડતા જવાનું સ્થાન બની ગયું.

આખી જીંદગી તેમણે સુખથી વિતાવી ,કોઈ ઊણપ કાશીબાએ વરતાવા ના દીધી. રામરતીફોઈના અંતરના આર્શીવાદથી આખું ફળિયું સુખી થઈ ગયું. ક્યાં શોધવા હવે એવા માનવતાના દીવડા જેવા કાશીબા ને રામરતિફોઈ ને? બા અને કુટુમ્બ સાથેની એ દિવાળી , વિશાળ કુટુમ્બ ને ફળિયાની મીઠાશને યાદ કરતાં સાચે જ હૈયું ઊભરાઈ જાય ને બોલાઈ જવાય..કાશીબા એ કાશીબા.

**-રમેશ પટેલ "આકાશદીપ" (અમેરિકા)**

---

## મમ્મી,જો હવે તારે પગલે હું!



મમ્મી, આજે માતૃ દિવસે તને યાદ કરતી હતી ત્યાંજ તારા દ્વારા બોલાયેલું એ વાક્ય યાદ આવ્યું, ×તું મારા જેવડી થઈશ ત્યારે તને સમજણ પડશે!×

એ સમયે તો મને આ વાક્ય બહુ પજવતું પણ હવે સમજાય છે એ કેટલું યથાર્થ છે!

રોજ સવારના સાડા પાંચથી રાતના અગિયાર સુધી તું તારી ફરજ પર અડીખમ રહેતી. રોજે રોજ ઘરના અન્ય સભ્યોને ભાવતાં ભોજન બનાવતી અને એમાંથી જ તું પોતાને ભાવતું કંઈક શોધી લેતી. વળી ઘરના દરેક સભ્યોને જમાડી અંતે જ તું જમતી!

હજુ હમણાં જ રોટલી કરી થાક અને ગરમીથી ઘરાઈ ગયેલી હું જમવા બેઠી ત્યારે જ મને સમજણ પડી કે તારો ખોરાક સાવ ઓછો કેમ હતો?

ખરીદી કરવા જતી વખતે પણ તું હંમેશા પ્રથમ અમારી વસ્તુઓ ખરીદતી પછી વધતા પૈસા પ્રમાણે તું પોતાને માટે વસ્તુઓની પસંદગી કરતી!

તું ક્યારેક અમને ટપારતી, 'કામ શીખો નહીંતો મુશ્કેલી પડશે!'

ત્યારે મારો જવાબ રહેતો,×પડશે એવા દેવાશે, અત્યારથી શું ચિંતા કરવી?× પણ જ્યારે જ્યારે પરિસ્થિતિઓ સામે આવી ત્યારે મમ્મી મને તારી યાદ આવી! ક્યારેક મારે ઘરે આવતા મોડું થતું ને તું પ્રશ્નોની ઝડી વરસાવતી ત્યારે સામે જવાબ આપી હું પરિસ્થિતિને ટાળી દેતી પણ હવે હું પણ તરુણ સંતાનની માતા બની ત્યારે તારી અસલામતી અને ચિંતાના ભાવો એક મજબૂત વિચારસરણી ધરાવતી સ્ત્રીને કઈ રીતે અસર કરે છે એની સમજ પડી. તેં મને ઉચ્ચ શિક્ષા આપી અને મેં પણ ઘણી ડિગ્રીઓ મેળવી પણ એ ડિગ્રીઓ તો તને ક્યારેય કામમાં ન આવી, ત્યારે મને બાળક પ્રત્યેના ત્યાગ, સમર્પણની એ કહાણી સમજાઈ. કષ્ટ વેઠી જન્મ આપી દીધા પછી તો સ્ત્રી જીવનના લાંબા નવા જ અધ્યાયની શરૂઆત થાય છે!

માતા પોતાના સંતાન માટે સઘળું કરી છૂટે છે,દરેક પરિસ્થિતિ સામે લડી લે છે, સંતાનને કાબેલ બનાવવા માટે નિસ્વાર્થ ભાવે તન,મન,ધનથી સંઘર્ષ કરે છે એ વાત હવે મને સંપૂર્ણ પણે સમજાય છે! આજે તારે પગલે હું પણ ચાલી રહી છું ત્યારે તને અને વિશ્વની દરેક માતાઓને મારા અંતઃકરણથી વંદન!

**-વૈશાલી રાવલ (મુબાઈ)**

---



આ સંસાર માં સૌથી વધુ જો કોઈ આપણને ઓળખતું હોય તો એ છે મા . નવ મહિના તકલીફ ભોગવી આપણને જન્મ આપી શકે અને આટલી તકલીફ ભોગવ્યા પછી પણ જે હસી શકે એ છે મા . જન્મ પહેલાં પેટમાં હોઈએ ત્યારે નાળ દ્વારા આપણને પોષણ પૂરું પાડે અને જન્મ પછી પોતે ઓછું જમે અને પોતાની થાળીમાંથી પોતાનાં કરતાં વધુ અને બધું આપણને જમાડે અને પોષણ પૂરું પાડે એ છે મા .

રસોઈ પોતે બનાવે અને તો પણ પોતે છેલ્લે ખાય , બાળકોને અને ઘરનાં સભ્યોને પહેલાં જમાડે અને એ પણ ગરમા ગરમ જમાડે એ છે મા .

કહેવાય ઘરની રાણી પણ કામ કરે જેમ નોકરાણી . ઘરમાં સૌથી વધુ જો કોઈ સહન કરતુ હોય તો એ છે મા ! ઘરનું બનેલું જમવાનું પણ ઢાંકે , ઘરનાં લોકોનું પણ ઢાંકે અને પોતાનું માથું ઢાંકીને માથે ઓઢવાની પ્રથા પણ જાળવી રાખે એ છે મા . ( કારણકે પહેલાં તો માથે ઓઢવાનો રિવાજ હતો હવે તો આ માથે ઓઢવાનો રિવાજ ઓછો થઈ ગયો છે..અને હા હું કોઈ રિવાજ કે પ્રથાનો વિરોધી નથી જો કોઈની લાગણીને ઠેસ પહોંચી હોય તો ક્ષમા કરજો .) બાળક જ્યારે ખૂબ તોફાન કરે અને સહન કરવાની હદ પાર થાય ત્યારે ખૂબ કંટાળ્યા પછી બાળકને જ્યારે એ થપ્પડ મારે અને પછી બાળક રડે ત્યારે પોતે પણ રડે એ છે મા .

જેનાં પ્રેમ અને લાગણીનો કોઈ પર્યાય નથી એ છે મા . જે શબ્દ બોલીએ અને એક મોટો હાશકારો થાય , એક શાંતિનો અનુભવ થાય એ શબ્દ એટલે મા . આ સંસારમાં મા જેવો કોઈ યોદ્ધા નથી . આ સંસારમાં કેટલાંયે નાનાં મોટાં તકલીફરૂપી યુદ્ધો લડ્યાં હશે અને અંતરમનનાં મેદાનમાં તો કેટકેટલાંયે યુદ્ધો લડ્યાં હશે ;જે યુદ્ધ તો ક્યારેય બહાર આવ્યાં જ નહીં હોય . કેટકેટલુંય સહન કર્યું હશે તો પણ ચહેરા પર ક્યારેય દેખાવા ના દે એ છે મા .

આમ તો એમનાં માટે જેટલું લખીએ અને કહીએ એટલું ઓછું છે એટલે છેલ્લે બે લાઈન કહી દઉં.. માની ઉંમર ચોંત્રીસની હોય કે માની ઉંમર ચોપ્પનની હોય પણ જે ક્યારેય ના બદલાય એ છે મા !

**-વિરેન પ્રજાપતિ(જામનગર)**

---

## મા



તુજ થકી આ દુનિયામાં આવી છું હું મા,તારા ખોળે રમી મોટી થઈ છું હું મા.

તારા ચીંધેલા માર્ગ પર અવિરત પણે ચાલતી રહીશ મા, કાંટા તો ઘણાં બધાં હશે માર્ગ પર, પણ મા તું ફૂલ બની સદા રહેજે મારી સાથે.

'ગોળ વિના મોડો કંસાર, તેમ મા વિના સુનો સંસાર !'

'મા તે મા બીજા બધાં વનવગડાનાં વા.'

એટલે જ તો આપણાં કવિશ્રી બોટાદકર સાહેબે લખ્યું છે કે

મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ,  
એથી મીઠી છે મોરી માત રે જનનીની જોડ સખી નહિ જડે રે લોલ....  
પ્રભુનું એ પ્રેમ તણી પૂતડી રે લોલ,  
જગથી જુદી છે એની જાત રે  
જનનીની જોડ સખી નહિ જુએ રે લોલ....

છે ઘણાં બધાં પ્રિયજન મારા, તેમ છતાં મા એકલું એકલું લાગે છે. ઘણાં બધાં મિત્રો,સગા વ્હાલા છે પણ મા તારા જેવું કોઈ નથી !

મા તો મા છે એના જેવું આ દુનિયામાં કોઈ હતું નહિ, છે પણ નહિ ને થશે પણ નહીં ! મા જ એક એવું પાત્ર છે જે પોતાના સંતાનને જન્મ આપે છે ને ખુદ પોતે પણ જન્મે છે. જ્યારે એક સ્ત્રી માતા બને છે,ત્યારે એનો ફરીથી જન્મ થાય છે.

મા ના ઉપકારનો બદલો સંતાન પોતાના શરીરની ચામડીનાં પગરખાં બનાવી પહેરાવી તો પણ ઓછું છે.

પોતાનાં સંતાન માટે થકી મા આખી દુનિયા સાથે લડે છે,એટલે જ તો એ મા છે.એક માતા સો શિક્ષકની ગરજ સારે છે.બાળકની પહેલી ગુરુ માતા છે. ભગવાનથી પણ માતાનો દરજ્જો ઊંચો છે.

મા શબ્દ એટલો વાત્સલ્ય,પ્રેમ,સ્નેહ,કરૂણા,વ્હાલ અને લાગણીથી ભરેલો છે.એટલે જ તો બાળક બોલતા શીખે છે ત્યારે સૌ પ્રથમ એ 'મા' શબ્દ બોલે છે.સૌથી પહેલા એ પોતાની મા ને યાદ કરે છે. પરિવારનાં બધાં કરતાં મા સાથે એનો ગાઢ સંબંધ છે,જન્મતાં પહેલા નવ મહિના પહેલાનો સંબંધ વધારે છે.

હવે તો બસ તારી યાદો જ મારી જિંદગી છે મા, નથી હયાત છતાં પણ પાસે ભાનુ તને મા,મા અને સંતાનનો સંબંધ લોહીનો સંબંધ છે.એક હૃદય છે તો બીજું ધડકન છે.બાળક ને કંઈ પણ થશે તો એના મુખમાંથી ઓ મા એવો જ શબ્દ નીકળશે.આ એક અનેરો પ્રેમ અને લાગણી છે.

નયન મારા છલકે છે અવિરત આંસુની ધારે મા,

હે જગત જનની,હે જન્મદાત્રી માતા,હે મારી વ્હાલી જનેતા આજનાં માતૃત્વ દિવસે મારા કોટિ કોટિ વંદન....

પલ્લવી જોશી. 'સરિતા'(વડોદરા)

NEWS OF GANDHINAGAR_P-2

## મમ્મી

મમ્મી મારી પેન ડ્રાઈવ...જે સારી વસ્તુઓ સંગ્રહી રાખે મારા માટે બધી જ.
મા મારી મારા માટે હાર્ડ ડીસ્ક જેનો ડેટા કોઇ દિવસ ખતમ ન થાય. ધીરજ પુર્વક સાંભળે બધી વાતો.
મા કરે ડીલીટ કરે નકામા વિચારો.અપલોડ કરે ઉમંગ ભરી વાતો.
મા મારી બેક સ્પેસ કી જ્યારે મારી ભૂલ થાય તે ભૂસીને સુધારી આપે અને આગળ વધવાનો મોકો આપે.
મા મારો સ્ક્રિન મારી તકલીફો તેના ચહેરા પર વંચાય.
મા મારું મધરબોર્ડ જે સંચાલન કરે મારા જીવનનું જેનાથી ના થાવ કોઇ દિવસ નાસીપાસ કે કોઇ દિવસ શટડાઉન. તે મારા જીવનમાં સારા વિચારો ઈનપુટ કરતી રહે છે.
મા તે મા .
**-બીના એશ્વાર (પૂના)**

---

## માડી ઓ મારી માડી

માડી ઓ મારી માડી, કેમ પકડી તે સ્વર્ગની વાટડી?
તારા વિના થઈ હું એકલડી, તું જ મારી સખી હતી મીઠડી.
માડી ઓ મારી માડી, યાદ આવે તારી મારી ગોઠડી;
હું તો તારી લાડકી છોડી, કેમ ગઈ તું મને એકલડી છોડી?
માડી ઓ મારી માડી, તું તો મારા મન મંદિરની ઘંટડી;
તારા વિના ભૂલી હું કરવી ગોઠડી, યાદમાં તારા ભીંજાય મારી આંખલડી.
માડી ઓ મારી માડી, તને લેવા તોડી મેં મારી બધી એકડી.
તને લેવા આવું હું લઈ મારી ગાડી ઓડી
આવીશને તું પાછી મારી માડી?
માડી ઓ મારી માડી, તું જ મારી વ્હાલપની વેલડી, બનાવીશને તું ફરી મારા માટે સુખડી?
કરીશને તું ફરી મારા સાથે ગોઠડી?
**-સુનિતા મહાજન.'સુનિ' મુંબઈ,**

---

## માં

શું માં ની કોઈ વ્યાખ્યા હોઈ શકે...
અગણિત ઉપકાર જેના,
એને કયા ત્રાજવામાં તોલું હું??
પ્રભુ,તારા આ સર્જન ને કોની ઉપમા આપું હું?
દેવી.... પરી....કે ખુદ ઈશ્વર તું..??
મને જ્યારથી આ દુનિયામાં લાવી
ત્યારથી ખુદ ને વિસરી તું ...
આંગળી પકડી મુજ ને ચલાવતા...
ખુદ ના સપનાં વિસરી તું..
પોતાનું અસ્તિત્વ ગુમાવી ,
અમ માટે જીવતી તું ...
મ્હારા સુખે સુખી તું,
ને મ્હારા દુઃખે દુઃખી તું ...
હે માં... કઈ માટી ની બની છે તું...??
દેવી....પરી....કે ખુદ ઈશ્વર તું..??
**-નિકી શાહ (સૂરત)**

---

## મા

દર વર્ષની જેમ
આ વખતે પણ
ગુલાબી ઠંડીની શરૂઆત,
માની ગુલાબી વ્હાલની યાદ,
અહીં શહેરમાં રહીને
તન-મનમાં ફરી વળી.. !!!
હવે લાગણીઓ પણ ખેંચાઈને ફાટવા માંડી,
સૂકી ત્વચાની જેમ...!!!
આજે પણ શોધું છું
હું માની હુંફનું -'બોડી-લોશન'
**-યોગેશ ભટ્ટ (અદાવાદ)**

---

## તું 'મા'

રહુ છું સતત તારા વિચારમાં હું 'મા',
ગળે છે રંગબેરંગી ટીકડા મારા માટે તું 'મા'.
અઘરું છે તારા વગર જીવન મારું 'મા',
માન અપમાન સહન કરે છે મારા માટે તું 'મા'.
પ્રસૂતાની પીડા વેઠી આપે છે જીવન તુ 'મા',
સદાય ઋણી રહીશ તારો હું 'મા'.
તારા સપનાં તોડી મારા કોડ પૂરા કર્યા તે 'મા',
પોતે સુખમાં પાછળ રહી મને આગળ કર્યો તે 'મા'.
યાદ છે મને જમાડિયો કોળિયો તે 'મા',
પાણી પી ને ઓડકાર ખાધો તે 'મા'.
**- નેહલ ત્રિવેદી (આણંદ)**

---

## માનો પાલવ

અઢળક 'વેદનાને' પાલવમાં છુપાવી રાખે છે,
'મા' મારી પાલવ કેટલો મજબૂત રાખે છે.
નિશ્ચિત થઈ જાઉં છું, જ્યારે હોઉં છું એની સાથે,
'મા' મારી પાલવમાં કેટલી હુંફ રાખે છે.
દોડતી રહે છે, લડતી રહે છે, મારા સપના માટે,
પોતાના સપનાને પાલવની કોરમા બાન્ધી રાખે છે,
'મા' મારી પાલવમાં કેટલું સમાવી જાણે છે.
હોઠને મુસ્કાનથી હંમેશા સજાવી રાખે છે,
'મા' મારી પાલવની કોર કેટલી ભીની રાખે છે.
**-ધરતી શર્મા 'ધરી'(ભુજ)**

---



મા તું મારી મા, જગત મારું જ મા,
તુજ વિના ક્યાં હું, કશું ધારું જ મા.
વ્હાલની વેલી ને કરુણા નિતરતી,
વજ્ર જેવી, ફૂલ દિલ તારું જ મા.
દિશ દસે સૂરજ હજારો ઝળહળે,
દિલ દુખે તારું તો, અંધારું જ મા.
ટેવ એવી, કદિ નાં સાચું બોલતી,
ક્યાં મને ભાવે, કે' પરભારું જ મા.
આ સમય બળુકો સકંજો છે કસે,
ચિર મળી નિંદ્રા, છે જગ ખારું જ મા.
**-હસ્મિતા વોરા.'મીતા'(અમદાવાદ)**

---

## માતૃત્વ પ્રેરણા



માં 'ડી તારી યાદ બહું આવે છે તું ક્યાં હોઈશ, નથી જડતુ તારો ઢેકાનું તું ક્યાં હોઈશ,
તારા વીરહ ની વેદના મા હું જીવું છું, તારા વિરહ ની વેદના મા હું .. હું ને જ આજે ભૂલી ગયો છું.
ભણાવ્યા તે મને માણસાઈ ના પાઠ, ભણાવ્યા તે મને આધ્યાત્મ ના પાઠ, ઓળખાણ અપાવી હું કોણ છું,
એજ ઓળખાણ હું જીવું છું , કર્મ કરું છું, વિકારો થી મુક્ત રહું છું, જીવન નો ઊત્સવ



માણી સદાબહાર રહું છું.. માં
માં તું બતાવી ગઈ મને મારું જીવન.. આ જીંદગી ના ફેરા મા કેમ રેહવાય કેમ જીવાય,
સત્યતા ના તે રાહ ચીધી બનાવી મારું ગુલશન જીવન, મહકાવી ગઈ ઉપવન ના હરિયાળી પુષ્પો વચ્ચે તું માં..
કાળ તે વિકરાળ નથી સમય સમય નું કામ કરે.... તે તું માં સમજાવતી ગઈ, મનુષ્ય મનુષ્ય નો દુશ્મન નથી ,દુશ્મન તો છે તારા પાચ વિકાર એ તુ જાણી લેજે.. એમ સમજાવતી ગઈ,
ધરજે તું જીવન મા ધીરજ, 'ધીરજ મા 'જ છે સુખ શાંતી સમૃદ્ધિ વૈભવ ઉત્સવ', નથી શાંતિ સુખ અહંકાર મા, નથી શાન્તિ પર ચીંતન મોહ માયા મા, 'એમ તુ સમજાવતી ગઈ'
**-ડૉ. કનૈયાલાલ માલી 'ઉત્સવ' (અમદાવાદ)**

---

માઁ એટલે સ્નેહનો ઉછળતો ઉદધિ,
વત્સલ્યના નિર્મળ ઝરણાની પ્રતીતિ
માઁ ની સાંત્વનાનાં શબ્દો હિંમત અર્પિત કરે,
દુષ્કર જીવન પથ પર સદા પ્રેરણા ધરે
ત્યાગની મુરત અને ઈશ્વર સમ સૂરત,
તમારા ચહેરામાં જીવનની વ્યાખ્યા વાંચી લીધી
માઁ તમારા મૌનમાં અનંત કહાણી અવ્યક્ત ,
પણ વહેતા અશ્રુએ પામી લીધી મેં સર્વ
માઁ તુજ ઋણ ચૂકવવા હું નથી સમર્થ,
તમને નમન કરું સદા શત શત.
**-નમ્રતા જોશી ઓઝા 'સુરભિ' (અમદાવાદ)**

---

નથી આશ મને ઈશ્વર ના સાક્ષાત્કારની,
માઁ ઈશ્વર થી પેહલા તારા દર્શન જો થાય છે...
ચૂકવવી પડે છે કિંમત દરેક સંબંધની,
એક માત્ર તારી લાગણીઓ નિઃસ્વાર્થ છલકાય છે....
ઠોકર જો વાગે મને, ચિત્કાર તારું હૈયું કરે છે,
માઁ તારા વગર આ દુનિયા માં સાચો પ્રેમ કોણ કરે છે. ...
પાનખર માં પણ વસંત નો એહસાસ થાય છે,
તારો મમતા ભર્યો હાથ જ્યારે મારા મસ્તક પર ફરી જાય છે. ...
સમસ્ત બ્રાહ્માંડ ની ખુશીઓ મને મળી જાય છે,
માઁ જ્યારે 'બેટા' કહી ને તું ગળે લગાવી જાય છે.....
**-નેહલ મયુર પટેલ (અમદાવાદ)**

---

મા મારું અસ્તિત્વ તારા થી તારો પડછાયો તારી છબી
મા મારું અસ્તિત્વ તારા થી તારું ચાલવું તારું બેસવું
તારું ઉઠવું તારું બોલવું મા મારું અસ્તિત્વ તારા થી
તારી ફાવટ તારી ચીવટ તારી સમજણ તારી આવડત
મા મારું અસ્તિત્વ તારા થી તારું રૂપ તારો અવાજ
તારો નિખાર તારો મિજાજ મા મારું અસ્તિત્વ તારા થી
આયખું તારું જીવન મારું નામ તારું પહેચાન મારી
મા મારું અસ્તિત્વ તારા થી
**-તોરલ શાહ(ગાંધીધામ)**

---

હે,, મા મારે હૂંફ જોઈએ બીજા ની ક્યાં જરુર છે,
મારુ જીવન જ મુફ છે બીજા મુફ ની ક્યાં જરુર છે.
અહર્નિશ મળે આશીષ કાશી ની ક્યાં જરુર છે,
ચાહું તમને ચિન્તા કરુ ચિત્તચોર ની ક્યાં જરુર છે.
સજાવ્યુ અમ જીવન દીપ જલાવ્યા દિલ માં,
શિખરે શોભાવ્યો મને શણગાર ની ક્યાં જરુર છે.
સફળતા અપાવી સંસારે અમ સપના કીધા પુરા,
ઈશ્વર થી ય શ્રેષ્ઠ તુ છે ઈબાદત ની ક્યાં જરુર છે.
હે મા તુ છે મારો માધવ તુ જ મારો રામ ને રાઘવ,
તવ પાલવ પ્રેમ અભિલાષી પૈસા ની ક્યાં જરુર છે.
**-અમૃત શ્રીમાળી (અમદાવાદ)**

---

ગમો ને અણગમો ખોટ્ટો મમત છે મા,
લીસોટા હોય પાણીનો ગમત છે મા.
સદા ફેલાય હદયે સાચી મહોબત મા,
રમ્યા છે દિલમાં પ્યારી એ રમત છે મા.
થયા છો લાગણી વશ આપ કરુણામય,
દીધા દુઃખ તે છતાંપણ એ ખમત છે મા.
સદા વેઠ્યા છે દુઃખ દર્શન અહીં જગમાં,
દુઆઓ દઈને હો રાજી ફકત છે મા.
સદા આનંદની છે, મૂર્તિ ત્યાગી બધું,
થઈને સ્નેહ સરવાણી વહત છે મા.
**-મોહનભાઈ આનંદ (વડોદરા)**

---

## બા

વ્યોમથી જેમ તારો ખરે,
તેમ બા સ્વર્ગે સંચરી ગઇ.
વાદળી જેમ આકાશે તરે,
તેમ બા નભમાં તરી ગઇ.
પુષ્પ જેમ છોડ પરથી ખરે,
તેમ બા ખોળિયું ત્યજી ગઇ.
સુવાસ જેમ હવામાં મહેકે,
બાની સ્મૃતિ પ્રસરી ગઈ.
જીવન જીવવા જેવું ઘણું હતું,
પણ બા મરવા અથરી થઇ
સ્થૂળ દેહ છૂટ્યો,સૂક્ષ્મ દેહે,
ઉરમાં સદૈવ ઉતરી ગઇ!!!
(હદયસ્થ મંજુલાબાને અર્પણ- હેપી મધર્સ ડે!!
**-ભરત વૈષ્ણવ (ગાધીનગર)**

---

ગોદડું.
તમારા
લક્ષરીયસ આવાસનાં "સ્ટોરેજ" માં
એક જૂનું ગોદડું ગડી વાળીને રાખી મુકજો.
જેમાં તમારી માતાએ , તમારા સ્વજનોનાં જુના કપડાં
કાપી, ગોઠવી ને, તમારી પતંગની દોરની રઝળતી લચ્છીના
દોરા વડે,
કામગરા હાથથી એનાં ટેભાં લીધા હશે.
એની ખોળ સીવી હશે પોતાના જુના સુતરાઉ સાડલાંમાંથી,
જેનો પાલવને ગોદડું શોભે એમ ગોઠવ્યો હશે.
એ પાલવ , જે તમારા ઈષ્ટ માટે ઈષ્ટદેવ સામે પથરાયો હશે.
એ પાલવ, જેની નીચે સંતાડીને માતાએ તમને અમૃત પાયું હશે,
ને પછી એ જ પાલવ વડે દુધિયા હોઠ લૂછી આપ્યા હશે.
એ પાલવ, જેના છેડે બાંધેલો રૂપિયો તમને ભમરડો ખરીદવા મળ્યો હશે.
એ પાલવ નીચે પિતાના રોષથી બચવા તમને શરણ મળ્યું હશે.
એ પાલવે તમે પડી આખડી ને આવ્યા હશો ત્યારે તમારા ધૂળ મિશ્રિત આંસુ લૂછ્યાં હશે ને પછી છાનામાના પોતાની આંખમાં આવેલ પાણી પણ લૂછી લીધું હશે.
ઈમ્પોર્ટેડ બ્લેન્કેટમાં જ્યારે અનિંદ્રા સતાવે ત્યારે,
એ પાલવવાળા ભાગને તમારી છાતી નજીક રાખી
એ ગોદડું ઓઢી જજો. તમને ઊંઘ આવી જશેઃ બાળક જેવી.
**-મનીષા મહેતા (ધરા)**

---

## માને શ્રધ્ધાંજલિ.

અમ બાલૂડાં તારા ને ,
નમાયા બનાવી આજ,
સૂર તારાં ગુંજાવતી અમ ઉરે ,
યાત્રાએ અનંતની તું ચાલી નીકળી .
ક્યારેય ન મળે તારો આશિષ ભર્યો હાથ આમ શિરે
પ્રભુ પ્રેમથી રાખજો અમ માડીને,
હવે એ તારે ભરોસે .
અમ બાલૂડાની પૂરજો એટલી આશ.
અમ માવડીને પરમ શાંતિ અર્પો એ જ પ્રાર્થના.
**-વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.**

---

## મા

ઘોર કળિયુગમાં છે પ્રભુનો અંશ,
જનની જેનું નામ જે ટકાવે વંશ.
જેના અસ્તિત્વથી દુનિયા ગમતી,
એ માં ના ચરણોમાં સૃષ્ટિ નમતી.
નવ માસ ઉદરમાં સહર્ષે સેવ્યાં જેણે,
ગર્ભસંસ્કાર તણાં બીજ રોપ્યાં એણે.
વ્હાલસોયી હૂંફ એની દુઃખ ભુલાવતી,
ખોળામાં રાહતના ફૂલો એ ખિલાવતી.
પળેપળ સાથ રહી હિંમત વધારતી,
મારા જીવનરથની જાણે એ સારથિ.
**-ડૉ.ત્વિષા .ભટ્ટ 'મનસ્વી' (આણંદ)**

---

## મા

પાંચ પાંડવ ને છઠ્ઠો કર્ણ, સદાય તરસે જોવા નેણ.
ઔરસ અનૌરસના ભેદ, કુંતી તરસી જીવન ભર.
લાડ લડાવે યશોદા માત, જેલમાં રૂએ દેવકી માત.
કેવા તે વિધીના લેખ, કોની કૂખ ને કોનો અંક.
માતૃસુખથી વંચિત સ્ત્રી દત્તક લે યા ભાડે કૂખ.
શ્રેષ્ઠ સુખને પામે મા બાળ પામી ધન્ય થાય.
દેવોથી પરમ પદ માતાનું, તોલે એની કોઈ ના આવે.
માતૃઋણ ચૂકવવા માટે સાત જન્મ પણ ઓછા પડે.
બધું ભલે તુ ભૂલે મનવા, માના ગુણ ના ભૂલતો.
દુઃખી કરી રડાવીશ માને તો પ્રભુ પણ માફ ના કરશે.
**-હેમા ત્રિવેદી (અમદાવાદ)**

---

હે માતા ! તું મારી ભાગ્યવિધાતા.
ડુંગરાની માતા સાથે તને સંભારું હે ઉંબરાની માતા.
હે માતા. ! તું મારી ભાગ્યવિધાતા.
તારી હેતલ લોરીએ પારણાંમાં ઊંઘ મળતી રહેતી,
તારા વ્હાલના વૈભવની અણસમજણની ક્ષણ વહેતી;
મારાં નવલખધારે સમણાં વરસતાં, તું પ્રેરણાદાતા,
હે માતા ! તું મારી ભાગ્યવિધાતા.
ભીતર અતીતની મીઠી મધુરી પુલકિત વાસળી વાગે,
જ્યાં સપનાંનાં સનાતન ઝરણાં એકધારાં વહેવા લાગે;
તારા રણઝણતા રણકારે જીવતરના વાયરા ઝીલાઈ જાતા,
હે માતા ! તું મારી ભાગ્યવિધાતા.
**-દેવજી ત્રિકમજી થાનકી.( ગાંધીનગર)**

---

## 'જગત જનની'



જોઈ શકું છું ગહનતા ઉછરતા કુદતા એ સમદરની,
માંહે બાળકના એ નિર્દોષ આસુંડામાં.
સાભળી શકું છું સાયુજ્ય એ સાત સ્વરોના નાદબ્રહ્મનું,
માંહે બાળકની કાલઘેલ કીલકારીમાં.
અનુભવી શકું છું એ નિજાનંદ નૃત્ય નટરાજનું,
માંહે બાળકની નટખટ ચાલમાં.
અરે સાક્ષાત્કાર કરી શકું છું એ પરમબ્રહ્મનો,
માંહે બાળકની નિર્મળ અલગારી આંખોમાં.
ધન્ય છે જગત જનની એ બાળકની જનેતાને,
માણે છે સર્વ રસગુણ અસ્તિત્વના નજદીકથી તેના એ નટખટ નાનડામાં.
**-મનોજ પટેલ(અમદાવાદ)**

---

માં નામે એક મંદિરનો ના ઘંટારવ સંભળાય,
ગર્ભગ્રહણ બાળકનું કરી એ રગરગમાં હરખાય.
અંગઅંગમાં આહ્લાદકતા જનનીના ઊભરાય,
જોઈ જતન બાળકનું ઈર્ષા ઈશ્વરને પણ થાય.
અવધિ આખી ઉંમરની સંતાનમાં ઓછી થાય,
યૌવન એનુ બાળકના એ શૈશવમાં હોમાય.
એજ નારીની વૃધ્ધાવસ્થા વૃધ્ધાશ્રમમાં જાય,
હર્ષ બધો હૈયાનો આખર આંસુમાં વહી જાય.
સહેતી સઘળા અન્યાયો માં મંથન કરતી જાય,
રામ નામમાં રત રહીને એ તનમનથી મુરઝાય.
**-નીતિન શાહ (અમદાવાદ)**

---

અને તે શું કામ કરે છે ? મા, માતા કે અમ્મા,
તે છે પ્રત્યક્ષ સાક્ષાત ભગવાન.
ને તે છે પદવી વિનાનો તબીબ અને શિક્ષક!
જે ના કરે કોઈ કામ તે કરે છે માતા માત્ર ....
મા તને કોટિ કોટિ વંદન! મા તેના સંતાનો માટે મહાન
કરુણાનો અદભુત,
તેનો પ્રેમ,મમતા, ત્યાગ ને બલિદાન અવિરતને છે
અનહદ. સમગ્ર ગુણોની છે માતા ખાણ,
કયા શબ્દોમાં કોણી છે હિંમત કે માતાની મમતાને
પ્રેમનું કરે મૂલ્યાંકન? નોરતાં ના ઉજાગરા નવરાત્રિના નવ,
માતાની વેદનાને પીડાના મહિના છે નવ.
તોય માતાને થાય છે અમિત સુખનો અનુભવ.
સંતાનથી અલગ થવું કેટલું છે માતા માટે કષ્ટદાયક,
તેનું નથી કરી શકતું કોઈ અનુમાન....
સંતાનોના પ્રેમ માટે માતા કદી ના કરે ઉંમરનો વિચાર,
ગમે તેટલી ઉંમરે પણ જાણે તાજી જ તેમ કરે પ્રેમ,
મા સર્વકાળે હોય છે તાજી જ. એટલે જ દેવીઓને લોકો કહે છે માતાજી!
ઈંઉમુઈ માતા તો મૃત્યુ પછી પણ આપે છે આશીર્વાદ.
માતા માટે નથી મારી પાસે શબ્દનો કોઈ વિકલ્પ?
તે તો છે મારી સદાની ઓળખાણ, અને ઈચ્છે છે કાયમ સંતાનોનું કલ્યાણ.
ભલેને ભૂલે સંતાનો માનો પ્રેમ,
ઈંઉમુઈમાટે તો હતું, છે ને રહેશે એક માત્ર માટેનું નામ.
ઉમાકાન્ત હીરાલાલ સોની (અમદાવાદ)

---

## મા ની હાજરી....

મમ્મી તારા સાનિધ્યમાં જ સુખ હતું,
દુઃખને તો તું ક્યાં સમીપ જ આવવા દેતી હતી !
દુનિયામાં ઘણા સ્વાર્થના સગા જોયા,
એક તને જ નિસ્વાર્થ પ્રેમ કરતા જોઈ ,
મારો ઉદાસ ચહેરો પળવારમાં તું કળી જાય,
ઘણા મને ઉદાસ જોઈ ખુશ થઈ જાય,
એક તારું જ હદય મારા માટે જીવ બાળ્યા કરતું જોયું !
તારા હદયના દરેક ધબકારમાં મારું જ સ્પંદન જોયું !
હે મા તારા સ્નેહનો સરવાળો તો કમ્પ્યુટર પણ ના કરી શકે,
ભગવાન પણ તારી આગળ નતમસ્તક થઈ નમી પડે..
**- કેતન પટેલ (અમદાવાદ)**

---

## ''માં''

તું મારા રક્તનું પ્રતિબિંબ માં..
મારા જતન પ્રેમથી સદાયે કર્યા માં..
હસતે મુખે વિરહ તણી વેદનાઓ સહી તે માં..
તોયે તું મને લાડથી વ્હાલ દેતી માં..
ના ભૂલું મીઠા ઉપકાર તારા..
હું જાણું હૃદય માં તારી વહેતી ભાવનાઓ..
કર્યા જતન દિલથી કેમ વિસારું માં..
કેમ ભૂલું મીઠું મુખ તારું..
સંસ્કારોથી જીવન સઘળું તે આપ્યું માં..
જીવન મધુર મારું બનાવ્યું તે માં..
દીધા આશિષ હૃદયથી મને
ખૂણે ખૂણે 'દિપક' ના હૃદયમાં વસે છે તું માં..
**-દિપક ટુંડજવાળા 'સાહિલ'(ભરૂચ)**

---

## કહીશને મા..

નવોઢાથી લઈ નાની-દાદી થઈ ગઈ,
તારી ફિકર કોણે કરી કહીશ મા ?
ક્યારેય ન રાખી કોઈ અપેક્ષા ,
તું કયા વિશ્વાસે જીવી ગઈ મા ?
ગમતી વસ્તુને તું અડકી જરા
સુખ વસ્તુ મળ્યાનુ મેળવતી .
ગમતી નથી કે ફેશન નથી કહી
જુઠ્ઠાણુ એમાં ભેળવતી .
ગમતી વસ્તુની તો વાત જવા દે તે
ગમતી એક ક્ષણ મેળવી હતી?
તે જાત ને તે કેવીરીતે કેળવી હતી?
તું આજે તો સાચું કહીશ ને મા ?
**-ભરત જોશી (લંડન)**

---

જોયું જાણ્યું નીકળ્યું છેલ્લે તારણ કે,
સૌની મા પણ આખરે માણસ છે!
થાય ના ધાર્યું તો ગાળો પણ ભાંડે;
કારણ,મા પણ આખરે માણસ છે!
ગણાવ્યા કરે રોજ એક એક ઉપકાર
કેમ કે મા પણ આખરે માણસ છે.
નથી તે મોટી તે હોઈ શકે છે ખોટી,
જોજો, મા પણ આખરે માણસ છે!
માણસની દુઆ હોય ખુદાથી વધારે;
રહે યાદ કે મા પણ આખરે માણસ છે.
**-હાર્દિક ભટ્ટ (બોટાદ)**

---

## મા તારા સંભારણાં

શહેરમાં આજે મધર્સ ડે ની ઉજાણી છે
પણ જુઓ ને મારી મા ક્યાં સંતાણી છે ?
સોડમાં એનો સાડલો લઈ ઊંઘી જાતા
બચપણમાં આમ અમે ખુશ્બુ માણી છે
મા કહીં હું તો ખૂણેખૂણા શોધી વળું
પણ મા તો કાયમ માટે ખોવાણી છે
હૈયેથી હોઠે હિલ્લોળતી માની યાદ
આંખના ઉના આંસુએ પખાળી છે
હર પળે તારા સહવાસની ઝંખનાએ
કેટલીયે રાતો ઊંઘ વીણા ગાળી છે
મા વગર...
**-જે. કે. મારુ (મૂબઈ)**

---

આવી જા ને પાછી, માં .....
વાતો કેટલી, વણકહી રહી ગઈ, માં,
તું અચાનક ક્યાં ચાલી ગઈ ?
જીંદગી આખી, ઢસરડા કર્યા તેં, સુખની ક્ષણે,
તું કેમ જતી રહી ?
દર્શન કરાવી, દુનિયાના અમને,
તું અચાનક ક્યાં અલોપ થઈ ગઈ ?
માં જીવતાં શિખવાડી અમને,
ખુદ જ કેમ જીવવાનું ભૂલી ગઈ ?
આવી જા ને પાછી, માં,
જીંદગી તારા વગર નીરસ થઈ ગઈ.
**-જયેન્દ્ર દેસાઈ. (અમદાવાદ)**

---

મા તે મા અને બીજા બધાં વન વગડાના વા.
જનની જોડ નહીં મળે રે લોલ. જેમ ગોળ વિના મોળો કંસાર,
તેમ માં વિના મોળો સંસાર.
માતા માટે કોઈ નથી મારી પાસે શબ્દ,
મા ના જેટલી મમતા કે નથી કોઈનો પ્રેમ....
પ્રથમ પ્રણામ કરું મારી માતાને,
માન્યું મારા જેવા ઘેલાંને રતન. ભૂખ્યા રહીને જમાડ્યો મને,
ઉજાગરા કરીને રાતનાં ઊંઘાડ્યો મને, તન, મનને ધન ગુમાવ્યું માત્ર મારા માટે....
કાયા નિચોવી મારી કાયાના કાજે, કેમકે માતૃત્વ સદાય પવિત્ર જ હોય છે.
હું જે પૃથ્વી પર રહું છું તે પણ છે પવિત્ર, કહી શકે કોઈ તેનાથી કોણ છે પવિત્ર?
કારણ કે પૃથ્વી પણ એક માતા જ છેને!
કહું છું હું તને નમસ્કાર કરીને, હે માતા ! જો મેં પૂણ્ય કર્મો કર્યા હોય,
તો બીજા ભવે ભવમાં પણ, તું જ મારી માતા થજે.
નહીં તો નથી થવું મારે મનુષ્ય.....
**-કુસુમ ઉમાકાન્ત સોની (અમદાવાદ)**

---

14 મે " વિશ્વ માતૃ દિવસ"૧૦ મેં થી ૧૪ મે માતૃ વંદના સપ્તાહ ઉજવણી

"મા એક એવું વટવૃક્ષ કે જ્યા ઝંઝાવાત પણ નિરાંત નો શ્વાસ લે છે "

## મા

જીવનની પાટીમાં શબ્દો સારા ને સાચા પર લખજો,
બીજુ કાંઇ ના સૂઝે ત્યારે પ્રથમ અક્ષર મા પર લખજો.
લખજો પિતા પર પણ લખજો, લખજો ભ્રાતા પર પણ લખજો,
સ્નેહી ને સંબંધી સાથે જનની જનેતા પર લખજો .
લાડ લડાવ્યા મન મૂકીને કાયમ એની હા પર લખજો,
રોકયા ખોટા રસ્તે જાતા સાદર એની ના પર લખજો .
જન્મ સાથે દૂધ પીવરાવ્યા મુખે કોળિયા દીધા જેણે,
એ અન્નપૂર્ણા ને યાદ કરીને પેટ ભરી ખાધા પર લખજો .
શરદી ખાંસી ,તાવ તરીયો જયારે જયારે જે જે આવ્યુ,
ઔષધ સાથે એણે રાખેલ આખડી બાધા પર લખજો .
શ્રદધાંજલિ, ગીતાપાઠ, ગરુડપુરાણ બદધુયે સાચું,
એ વખત વીત્યા કેરોનુ છે, હાજર એ મોકા પર લખજો .
જીવનની પાટીમાં શબ્દો સારા ને સાચા પર લખજો,
બીજુ કાંઇ ના સૂઝે ત્યારે પ્રથમ અક્ષર મા પર લખજો .
**-દિલીપસિંહ પુવાર(ગોધરા)**

---

## ગીત.....

(માં) ને વાંચ્યા પછી થી પુસ્તક લાગે રે..કાગળિયું.
સ્વઃહસ્તે જેને છોડી આ નાભિની તે સળિયું.
માને...
આખ્યુય વિશ્વ વાંચવાનો જેને દીધો છે અવસર.
ક્કો બળાક્ષરી થી જેને કર્યો મુખે પગભર.
સાવ મીઠું શીખવાડી ને સ્વરનું લીધું તળિયું.
માને...
એજ નાડી ધબકેછે જે એ 'માએ ખોળે દીધી.
અમેય પછી તો નસહેનશોમાં અનહદતા થી પીધી.
સ્મરતા જેને આવી જાતુ આંખોમાં જળજળિયું.
**-દિપક બેબસ.**

---

## 'મા'

જગ આખું ભલે જાય રૂઠી...મા તું કેમ રૂઠી..?
ચેતના છૂટીને નનામી તારી ઊઠી...મા તું કેમ ગાયબ છે આજ..!
કહે છે કોણ..કે અર્થી તારી ઊઠી...
તારા લાડકવાયાની જિંદગી અહીં લૂંટી...મા તું કેમ..!
વેળા-કવેળાએ કોણ પૂછશે મારા હાલ..?
વિયોગના આંસુડે કોણ કરશે મને વ્હાલ..? મા તું કેમ..!
દેખું દુનિયા અહીં સઘળી છે સ્વાર્થી...
ધરતી પર એક મા તું જ છે પરમાર્થી...મા તું કેમ..!
તારા લાડકાને ભાર ઘણેરો ખાંધે...
મેલો-ઘેલો પાલવ તારા સડલાનો શોધે...મા તું કેમ..!
નાદાનગીની યાદો નથી તને સતાવતી..?
ડૂસકાં મારાં કેમ તું નથી સાંભળતી..? મા તું કેમ...!
મા તું તો છે સઘળી મારી આશા...
વ્યાપી છે આ જગમાં મને નિરાશા...મા તું કેમ..!
લોક કહે છે કે આ જગત છે ગોળ-ગોળ...
ગોળમાંય શોધું છું ખૂણો, થઈ ઓળ-ધોળ...મા તું કેમ..!
માભોમ ખુદીને શોધું હું તારી ખામોશી...
થાય છે ઠેર ઠેર મા વિહોણી નામોશી...મા તું કેમ..!
જીવતરને ખેડતાં ખોદતાં મળી સરસ્વતી...
મન મારે તું જ છે મહાન ઘડતરની કૃતિ...મા તું કેમ..!
અથડાતાં કૂટાતાં તારા નામે મળી ખુબ લક્ષ્મી...
દિનદુઃખીયાં બાળને નારીનાં આંસુ પોંચાવું...
તારી યાદમાં એક ડગલું નિત ઉઠાવું...મા તું કેમ મૌન છે આજ..!
**-ડૉ. સુરેશભાઈ પટેલ."સ્મૃતિ"**

---

## 'મા' નો મહિમા

એક જ અક્ષર અજર-અમર છે, એક જ મંત્ર છે - 'મા',
માતાના લાલન-પાલનમાં સૌ પામે છે શાતા,
માતાના પ્રેમ આગળ ચૂપ થઈ જાય વિધાતા.'
એક અક્ષરનો શબ્દ 'મા' છે નાનો, પણ છે મહિમા મોટો,
'મા' તો જગનું જીવન જાણો, એનો ક્યાંય જો ના જોટો.
'મા' ની મ્હેંક.....શી જિંદગી છે આપણી,
આ મ્હેંકની ગ્હેંક.....કોઈ શું સમજે ?
ઘર-ઘર તણું ઘરેણું છે.....'મા',
ઘર-ઘર તણો ધબકાર છે.....'મા',
મૂંઝાયેલી, ગૂંચવાયેલી, વિખરાયેલી
વિટંબણાનો વિશ્વાસ છે.....'મા',
દુનિયામાં ઘણા જેને સમજી નથી શક્યા,
એ દુનિયાનો જવાબ છે.....'મા'.
હોય ભલે ઘણા સંબંધો જીવનમાં,
પણ...આ એક જ સંબંધ છે અનેરો,
'મા' ની છત્રછાયાનો અકલ્પ્ય છે નજારો,
ચરણમાં 'મા' ના તીર્થધામ છે હજારો...
**-ઉષાબેન સોલંકી (નવસારી)**

---

૧. બાનો સાડલો
પૂર્ણ પુરુષોતમ
ખૂશ્બુ રે ભર્યો .
૨. વ્હાલી દીકરી
બાપનો પડછાયો
માની પ્રતિમા .
૩. આપ્યાનો હર્ષ
જીલવાની ક્ષમતા
અદભૂત બા .
૪. હૈયાની વાત
મુકવાનું લોકર
માતૃ શરણે .
૫. તારી જુવાની
માવતર સેવાની
અમર ગાથા .
૬. બાનો પાલવ
અશ્રુથી છલકાવે
દિલના દર્દો .
**-હર્ષદરાય જે. શાહ (અમેરિકા)**

---

માની અધીરાઈથી રાહ જોઉં છું
દીકરાના ફોનની અને તરત યાદ આવી જાય છે
મારી બા, મને જોવા,મળવા, તલસતી,
મારી બા, બધું પડતું મૂકી,
બાની સાથે મનભરીને વાતો કરું છું,
સાવ સાદા માયાળુ શબ્દોની આપ લે,
અને ભીંજાઉં છું હેતની હેલીમાં, કેમ નહીં?
છેવટે એક મા રાજી રાજી થઈ છે.
**-રેખાબેન ભટ્ટ (ગાંધીનગર)**

---

## હાઈકુ

જનેતા તે 'મા'
રહી બાકી જનતા
વગડાના વા..!
છે ઉપકાર
અગણિત એમના
ચૂકવું ઋણ..!
મળશે નહીં
મિલ્કત, માવતર
સમ સંપત..!
ઈશ પહેલી
બીજો છે જગપાળ
હરખે હૈયું..!
માભોમ બની
અસ્તિત્વ સર્જયું
વહેતા રક્તે..!
દેવું ચૂકવું
કેમ, રહું સદાય
તુજ ચરણે..!
**-ડૉ.સુરેશભાઈ પટેલ. (લુણાવાડા)**

---

મા મા
દૂધમાં ઘસેલા જાયફળનો માથે લગાવેલો લેપ છે
મા મા
જલારામની ખીચડીની જમ કદી ના ખૂટતી મમતા છે
માં મા
કાઈ કહયા વિના સમજી જતી સમજણ છે
મા મા
સંતાનોનું ગૂગલ છે માગો એનાથી વધુ આપે છે
મા મા
લોહીઝાણ ચીરા પર હળદરનું હેત છે
મા મા
સર્વર છે જ્યા ઘરના બધા સેવ છે
મા મા
સંબંધનો સિલેબસ છે મા જીવનની યુનિવર્સિટી છે
મા મા
દિશા ચીંધતી દીવાદાંડી છે મા મિત્ર છે વાત વિસામો છે
મા મા કાળજે લાગતો કોળિયો છે
માઆંગળીએ વીંટિલીહિંચકાની દોરી છે
મા માફાટેલી ચડી પર સિવેલું થિંગડું છે
માં વ્હાલપની વહેતીગંગા છે
માં મા પ્રેમની પ્રસ્તાવના છે મા પ્રેમનું તીર્થ છે
મા મા સંવેદનાનો સૂર છે મા સાત સૂરોની સરગમ છે
મા મા તો મા છે....
**-કૌશિક મહેતા (રજકોટ)**

---

## મા

સમગ્ર બ્રહ્માંડમાં વસતી, ઈશ્વરની તું પ્રતિકૃતિ, મા.
પારણીયે પોઢાડતી, હાલરડા તું સંભળાવતી, મા
ધોળા ધાવણના ઝરણા નિત્ય તું વહેવડાવતી, મા.
ખખડતી ડેલી ને હંમેશ મારી વાટ તું નિરખતી, મા.
પ્રસ્વેદબિંદુ મારા લલાટના, પાલવડે તું લૂછતી મા.
હૈયાના હેતે મને અમૃત કોર, તું ભરાવતી, મા.
થાય તારાથી પણ બધું જ, વિશ્વાસ તું અપાવતી મા.
કદી ન પાછળ હટજે, મારો આધારસ્તંભ તું બનતી, મા.
કેમ છો, તો સૌ પૂછે, ખરો ખયાલ તો તું જ રાખતી મા.
બધા રંગ ફિકા, બસ, તારો પ્રેમ જ કસુંબલ રંગ, મા.pk.
પૂર્વી પટેલ pk.(સુરત)

---

મા યાદ કરી તને મારી આંખની પાંપણો છલકાય છે,
તારાં વગર મારું જીવન આમતેમ વલખાય છે,
યાદ આવે છે તારી સાથે
વિતાવેલ જિંદગી સોનેરી અક્ષરે લખાય છે,
કરું છું તુલના મારી સાથે જોડાયેલ બીજાં ની તારી સાથે
મારું મન પહેલાં તારા થી હરખાય છે,
કશું જ લીધાં વગર બધું જ આપવાં
ની તારી ભાવના આ જમાનાં માં તારી કિંમત પરખાય છે.
**-જીતેનદ્ર શાહ (અમદાવાદ)**

---

## મા

પ્રથમ હું નમું તુંજ નેં મા ભવાની;
ભજું હું તને ભાવે થીં શિશ નમી!
મને જન્મ દેનારી તું જન્મદાત્રી;
અહો! કેમ હું વિનવું માત! મ્હોરી ,
નથી શબ્દ મારી કને એક એવો;
બને પૂર્ણ થીં પૂર્ણ જ્યાં બ્રહ્મ જેવો.....(૧) ... પ્રથમ...
હું.....
સકલ સૃષ્ટિ માં એક એવી નિશાની;
મળે વિશ્વ માં પ્રેમ ની કદરદાની ,
છોરું કછોરું કદિ બાળ થાયેં;
ભરે ચુમી લૈ બાલ નાં ગાલ ત્યારે.....(૨) ..... પ્રથમ... હું.....
મને શૈશવ મળે ઝંખના એજ એની;
સદા સર્વદા ધન્યતા પામું જેની ,
સહજ હાસ્ય થીં બાળ એનું ખીલે ત્યાં;
છાતી ચાંપી કરે વ્હાલ ની હેમવર્ષા.....(૩)..... પ્રથમ... હું...
સહે પંડ પીડા તજે સ્વાદ તે તો;
રહે મસ્ત ગુલશન સમી સૌમ્ય થીં તો ,
મને સુખ માટે સદા ધ્યાન ધરતી;
'ધરમ' રાખતી ટેક થીં મગ્ન તે તો (૪) ..... પ્રથમ... હું....
**-ધર્મેન્દ્ર એમ.ઓઝા.(મુંબઈ)**

---

વણકહેલી વાત માંડુ તો વિષયમાં તું જ છે,
હાર માં સામેલ મારી ને વિજયમાં તું જ છે.
અંતમાં આવીને એ શરુઆત પર અટકી ગઈ,
આ અધૂરી પ્રેમગાથાનાં વલયમાં તું જ છે.
રુકમણીનાં ભાગ્યમાં મીરાંનાં ભક્તિ ગાનમાં,
આંખથી રાધા વહાવે જળ પ્રલયમાં તું જ છે.
તું મિલનમાં તું વિરહમાં, સ્મિતમાં ને આંસુમાં
લાગણીનું વિશ્વ મારું તું, વિલયમાં તું જ છે.
તું જ તારાં હાથથી કણકણ થઈ તૂટી ગયો,
ચેતવ્યો' તો મેં તને કાન્હા હૃદયમાં તું જ છે.
**-ઈશ્વરી ડૉક્ટર-"ઈશ" (અમદાવાદ)**

---

તારા સિવાય મારું કોઈ નથી રે લોલ.
મારું તું સાચું સગપણ છે માં,
હરખની હેલી મારી ઉડતી રે લોલ.
મને આંગળી ઝાલી રાહ બતાવતી રહી.
મારગેથી કાંટા સૌ હટાવતી રહી.
ડગલેને પગલે એવી સંભાળતી રહી.
દુનિયાના રંગમાં મુને રંગાવતી રહી.
પ્રેમનું જ સાચું ગળપણ છે માં,
હરખની હેલી મારી ઉડતી રે લોલ.
તે તો દિવસને રાત ક્યારેય જોયા નથી.
તે આંખોથી સપના કોઈ દી ખોયા નથી.
તને હસતી ભાળીને અમે તો રોયા નથી.
તે તો ઉઝરડા ઝીલ્યા એને ધોયા નથી.
એવું તું સાચું વળગણ છે માં,
હરખની હેલી મારી ઉડતી રે લોલ
**-દિવ્યા મંડલી (અમદાવાદ)**

---

## મા એટલે મા એટલે મા છે

મા એટલે મા એટલે મા છે.
અનુપમ, અવિરત, અવિનાશી આ છે
મા એટલે મા એટલે મા છે.
હા
આ મારી મા છે.
એની ક્યાં કોઈ દિ ના છે,
હા, એ મા છે
હા, એટલે જ એ મા છે
જેવી હોય સૌની,
એવી જ આ છે
બાપનાં અનેક પ્રકાર-સ્વભાવ,
મા તો, સૌની સરખી, મા છે.
સવારે ઉઠતાં,રાત્રે સૂતાં
બસ બાળકોની રાહ છે.
જગ આખું ધિક્કારે ત્યારે ને તો ય,
સંતાન માટે એનાં મુખે સદૈવ વાહ છે.
કલ્પવૃક્ષ પાસે તો માંગવું પડે,
મા નાં ખોળે 'જગ વૈભવ'ની
હંમેશની હા છે.
મા એટલે મા એટલે મા છે
દેહ માં થી દેહ આપી પ્રગટાવતી તું,
હાંફી ને આવીએ ત્યારે હૂંફ આપતી તું,
ઘરે ઘરે બિરાજતી પ્રભુ નો અવતાર તું,
યમરાજ ને પણ પ્રવેશની ના છે.
મા એટલે મા એટલે મા છે.
પત્ની, પિતા, બાળકો,બંધુ-ભગિની-મિત્ર-ગુરુ-દેવ,
આ બધાને વટતી,
સર્વોપરી સેવક એ આ છે.
હા, એ મા છે.
મા એટલે મા એટલે મા છે
નબળું બાળક વધું ગમે,
એને ક્યાં કોઈ વહેવારીક પરવા છે.
એટલે જ
મા એટલે મા એટલે મા છે
તુ દેવી, તારું નામ જ હરદેવી,
તારાં પાલવ માં દુઃખો સૌ સ્વાહા છે.
મા એટલે મા એટલે મા છે
તમે એકલાં ક્યારેય નહીં હો જગ મહીં,
જો તમારી પાસ હો મા ઘ્યાત,
કે દિવંગતની પ્રતિમા છે.
હા,
આ મારી મા છે.
હા, એ તમારી મા છે.
એની ક્યાં કોઈ દિ ના છે
હાં, એટલે જ એ 'મા' છે.
હાં, આ મા છે.
'હેતુ વિનાનાં હેત' એ 'આ' છે.
મા એટલે મા એટલે મા છે.
**- મિત્તલ ખેતાણી**



14 મે " વિશ્વ માતૃ દિવસ"૧૦ મેં થી ૧૪ મે માતૃ વંદના સપ્તાહ ઉજવણી

ન્યૂઝ ઓફ ગાંધીનગર
દૈનિક
સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ

## 4 મે વિશ્વ માતૃ દિવસ..માતૃ વંદના સપ્તાહ ઉજવણી

શીર્ષકઃ મા સંસારી ત્યાગી
લેખિકા નામઃ ડૉ. મનીષા વ્યાસ
હતો પરપોટો માત્ર અણુ સરીખો
પાળી પોષી જીવ મૂકી કર્યો મોટો
નવમાસનો ભાર વેઠી મોતે પગ મૂકે
જીવમાંથી જીવ આણી નવી સૃષ્ટિ રચે
મા, બાળુડાંનું દરદ કેવું હૈયેથી માપે..
બેઠાં દેશ પરદેશ સદા આશિષ આપે
કદી જો પડે માંદાં રાત આખી તાપે
આપી હેયા હુંફ, કરે દવાદારૂ મંત્ર જાપે
અંગારે રાઈ મરચાં ઉતારી કરે ધુમાડો
દેખી પત્થર કરે વ્રત પૂજાનો લે ઉપાડો
સદા મુજ અંતરની પામતી દુઃખ વ્યથા
થાઉં સુખી સંપન્ન સેવે અંતરની આસ્થા
લઈ ઓવારણાં ટચાકા ફોડે તું પાકાં
ના આવે ઉની આંચ પ્રાણ પાથરે સાચાં
નિરંતર આજીવન કરું માતૃ ગુણ ગાથા
અમૃત નેહવાળી તું પમાડે સુખ સાતા
જગત જાયા મા તું હેતાળ કલ્યાણી
પામું ભવોભવ કુંખ એ સંસારી ત્યાગી

---

NOG SS NO - 0050
વિષય -માતૃ દિવસ નિમિત્તે માતૃવંદના.
શબ્દ -
શીર્ષક - મા
લેખિકા નામ - રાગીની શુક્લ 'રાગ'.
..... જ્યાં જોવું ત્યાં તારી છબી દેખાય...!
મારાં મન મંદિરમાં તારી મૂર્તિ
વસે...!
મારા હૈયાને ઝૂલાવતી તું મા...!
હસતાં મુખે મળતી'તી સદાય...!
બાવન પકવાનો પણ ફિક્કા લાગે...!
તારા હાથે કોળિયો જમતાં..!
પોતાની ભીતર વેદનાંઓને દબાવે..!
ખુદની કદી પરવાર ન કરતી...!
લોહીથી જતન કરતી કુખમાં...!
નયનો જતાવે માની મમતા...!
સપનાં થયાં સાકાર માવડી...!
અઢળક ભરીને લાગણીઓ મોહિ...!
બે શબ્દો લખું મમતા વિશે તો રડી પડે છે..!
કાગળ આજ તો...!
માડી માટે સદાય તરસતી આંખો મારા માટે...!
હળવા હાથે માથે સ્પર્શ કરતી હૈયાની રજૂઆત આજ...!
કે તારાં કુખે જન્મ લીધો ...!
ને આજ થોડું લખતાં શીખી મા ...!
તારા આશીર્વાદથી લો...!
તારા આશિષ અંધકારમાં પણ ઉજાસ ફેલાવે લો મા...!
ઈશ્વરનો સાક્ષાત કાર આજ...!
તારું ઋણ ક્યારેય ના ચૂકવાયું...!
જાણે જીવતો જાગતો મારો ઈશ્વર મારી જ મા...!
પણ હવે ક્યાં મળવાની મને...!
દેતી રહેજે આશિષ સદાય મને..!
રાગીની શુક્લ 'રાગ'
મુંબઈ.

# નેપાળનું ચીન જેવું કૃત્ય! ઉત્તરાખંડના પિથૌરાગઢમાં સરહદે કર્યો અચાનક પથ્થરમારો, શ્રમિકો ભયભીત થયા

(એ.આર.એલ),કાઠમાંડુ,તા.૧૩

ભારતના પાડોશી દેશ નેપાળે ફરી એકવાર ભારતનું ટેન્શન વધાર્યું છે. નેપાળના નાગરિકો તરફથી ઊઠાવાયેલા પગલાં બાદ ભારત પણ બોર્ડર પર એલર્ટ થઈ ગયું છે. ઉત્તરાખંડના પિથૌરાગઢ જિલ્લામાં આ મામલો સામે આવ્યો છે. કાળી નદીના કિનારે ઘટખોલામાં ડેમના નિર્માણનો વિરોધ કરતાં નેપાળના નાગરિકો દ્વારા પથ્થરમારો કરાયાની ઘટના બની હતી.

આ દરમિયાન ત્યાં કાર્યરત જેસીબીને નુકસાન થયું હતું. પથ્થરમારા વખતે ત્યાં કામ કરતા શ્રમિકોએ હેમખેમ જીવ બચાવ્યો હતો. શુક્રવારે બે નેપાળી યુવકોએ અચાનક ઝીરો પોઈન્ટ ઘટખોલામાં ભારતીય ક્ષેત્રમાં કામ કરતા મશીનો પર પથ્થરમારો શરૂ કરી દીધો હતો. અચાનક થયેલા પથ્થરમારાને લીધે ત્યાં કામ કરતાં મજૂરો ડરી ગયા હતા. આ ઘટનાની જાણકારી પોલીસ અધિકારી કુંવર સિંહ રાવતને આપવામાં આવી હતી. તેમને જણાવાયું કે પથ્થરબાજી સાથે નેપાળના યુવકોએ અશ્લીલ હરકતો પણ કરી હતી.

જોકે અચરજની વાત તો એ છે કે આ સમયે નેપાળ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી પણ નેપાળ પોલીસ તરફથી પથ્થરમારો કરી રહેલા યુવકોને અટકાવાયા નહોતા. આ ઘટનાને લીધે ભારતીય નાગરિકો રોષે ભરાયા હતા. માગ કરાઈ હતી કે બોર્ડર પર કડકાઈ કરવામાં આવે જેથી આવી ઘટના ફરીવાર ન બને.

# કોટન-ખાંડી વાયદામાં રૂ.૧,૨૨૦નો સાપ્તાહિક ધોરણે ઘટાડોઃ મેન્થા તેલ ઢીલું

## સોનાના વાયદામાં રૂ.૬૦૧ અને ચાંદીમાં રૂ.૪,૨૩૦નો કડાકોઃ ક્રૂડ તેલમાં સેંકડા વધ્યાઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૧,૦૯,૦૯૫ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૩૪૦૯૭૪ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૩૮૭ કરોડનાં કામકાજ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૫ થી ૧૧ મે સુધીના સપ્તાહ દરમિયાન ૫૭,૭૩,૨૨૨ સોદાઓમાં કુલ રૂ.૪,૫૦,૪૫૮.૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧,૦૯,૦૯૫.૯૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૩૪૦૯૭૪.૯૭ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧૦,૪૪,૬૧૬ સોદાઓમાં રૂ.૭૦,૪૮૬.૧૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૬૧,૫૬૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૧,૬૫૧ અને નીચામાં રૂ.૬૦,૨૫૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૬૦૧ ઘટી રૂ.૬૦,૮૯૨ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૯૪ ઘટી રૂ.૪૮,૮૬૫ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૪૩ ઘટી રૂ.૬,૧૧૮ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૬૧ ઘટી રૂ.૬૦,૮૮૬ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે ૧ કિલોદીઠ રૂ.૭૮,૧૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭૮,૨૯૨ અને નીચામાં રૂ.૭૩,૭૧૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૪,૨૩૦ ઘટી રૂ.૭૩,૮૦૮ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૩,૯૯૫ ઘટી રૂ.૭૩,૮૧૫ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૩,૯૯૯ ઘટી રૂ.૭૩,૮૦૪ બંધ થયો હતો. બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮૫,૨૭૭ સોદાઓમાં રૂ.૧૦,૧૨૫.૪૪ કરોડના વેપાર થયા હતા. તાંબુ મે વાયદો રૂ.૭૩૮.૪૫ના ભાવે ખૂલી, રૂ.૯.૩૫ ઘટી રૂ.૭૨૯.૨૦ જ્યારે એલ્યુમિનિયમ મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૫ ઘટી રૂ.૨૦૫.૯૫ તેમ જ સીસું મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૫ વધી રૂ.૧૮૪ના ભાવ થયા હતા. જસત મે કોન્ટ્રેક્ટ રૂ.૪.૫૦ ઘટી રૂ.૨૩૧ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૫૦ ઘટી રૂ.૨૦૬.૨૫ સીસુ-મિની મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૫ વધી રૂ.૧૮૩.૯૫ જસત-મિની મે વાયદો રૂ.૪.૨૫ ઘટી રૂ.૨૩૦.૯૦ બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૭,૯૪,૬૨૬ સોદાઓમાં રૂ.૨૮,૪૨૪.૯૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો સપ્તાહના પ્રારંભે ૧ બેરલદીઠ રૂ.૫,૬૬૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૦૬૦ અને નીચામાં રૂ.૫,૬૫૩ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૫૪ વધી રૂ.૫,૮૪૩ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૧૫૪ વધી રૂ.૫,૮૪૭ બંધ થયો હતો. નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૭૨ના ભાવે ખૂલી, રૂ.૫.૪૦ વધી રૂ.૧૭૯.૬૦ અને નેચરલ ગેસ-મિની મે વાયદો ૫.૪ વધી ૧૭૯.૮ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૫૯.૪૨ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જૂન વાયદો સપ્તાહના પ્રારંભે ૧ ખાંડીદીઠ રૂ.૬૩,૧૪૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૩,૪૦૦ અને નીચામાં રૂ.૬૧,૭૨૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૨૨૦ ઘટી રૂ.૬૧,૮૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૧.૬૦ ઘટી રૂ.૯૫૫.૮૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨૭,૯૩૨.૬૯ કરોડનાં ૪૫,૭૨૦.૫૦૬ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૪૨,૫૫૩.૪૮ કરોડનાં ૫,૫૬૩.૧૨૧ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૧૩,૫૯૩.૪૮ કરોડનાં ૨૨,૯૨૦,૪૬૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧૪,૮૩૧.૪૩ કરોડનાં ૮૧૪,૬૦૩,૨૫૦ એમએમબીટીયૂનાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧,૫૦૫.૫૧ કરોડનાં ૭૨,૪૮૮ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૮૧.૫૧ કરોડનાં ૧૫,૨૮૩ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૫,૯૧૬.૫૬ કરોડનાં ૭૯,૫૯૮ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨,૪૨૧.૮૬ કરોડનાં ૧૦૨,૫૨૨ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૪૭.૯૭ કરોડનાં ૭,૬૮૦ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૧૧.૪૫ કરોડનાં ૧૧૮.૪૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર સપ્તાહના અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૧,૫૪૦.૬૩૫ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૪૬.૬૩૬ ટન, તાંબાના વાયદાઓમાં ૧૮,૦૦૫ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૩,૭૬૦ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૯૨૮ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૯,૩૬૭ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૨,૦૭૭,૧૭૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૬૦,૫૫૬,૭૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૬,૩૨૦ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૨૭૭.૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૩૮૭.૪૯ કરોડનાં ૪૬૫૫ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૫૭૨ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ મે વાયદો ૧૬,૭૦૫ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૮૮૦ અને નીચામાં ૧૬,૪૫૫ બોલાઈ, ૪૨૫ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૩૫૧ પોઈન્ટ ઘટી ૧૬,૪૬૨ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૩૪૦૯૭૪.૯૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૯૯૦૦.૦૪ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૨૨૪.૯૩ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૮૦૭૪૯.૪૩ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૫૦૮૦.૫ કરોડનાં કામકાજ થયાં હતાં.

# જો તમારા માતા આજે તમારી સાથે છે તો ચુપચાપ પગ પકડીને રડી લેજો



તમે સાચું કહેજો તમે દિવસમાં એક વાર પણ તમારી માતા સાથે ૧૫ મિનિટ વાતચીત કરો છો? તમારી પાસે રોજ તમારી માં પાસે શાંતિથી બેસવાનો સમય હોય છે ખરો?

તમે ખરેખર રોજ સવારે ઘરની બહાર નીકળતા પહેલા માને પગે લાગો છો ખરા? માના આશીર્વાદ લેવા તમે જરૂરી ગણો છો કે નહી? તમે તમારી માં ને બરાબર ઘરમાં માનસન્માન આદર આપો છો ખરા? કે માને સ્ટોર રૂમમાં વધારાના નક્કામાં ફર્નિચરની જેમ રાખો છો? તમારી માને કઈ દવા જોઈએ છે એ તમને ખબર ખરી? તમારી માને સમયસર નાસ્તો ચાહ પાણી બપોરનું ભોજન રાતનું ભોજન મળી રહે છે ખરા? તમારી માને આંખે બરાબર દેખાય છે કે ઝાંખું દેખાય છે તમને ખબર છે ખરી? તમારી માના ચશ્માં તમે છેલ્લે ક્યારે બનાવ્યા હતા તમને યાદ છે ખરું? તમારી માને રાતે પાણીની તરસ લાગે ત્યારે પાણીનો જગ ભરેલો હોય છે કે નહી? કદાચ ઉંમરના હિસાબે અર્ધી રાતે બાથરૂમ જવું પડે તો કોણ લઈ જાય છે ? તમે તમારી માંને મળવા જાવ છો તે વખતે તમારો મોબાઈલ તમારા હાથોમાં હોય છે કે તમારા ખિસ્સામાં હોય છે.?

તમારી માં તમને કઈ કહે છે એ વખતે તમારું ધ્યાન નજર મોબાઈલમાં હોય છે કે તમારી માં સામે? તમે તમારી માતાની વાત બરાબર સાંભળો છો કે એક કાનેથી સાંભળી બીજા કાનેથી કાઢી નાંખો છો? તમારી માતાની આસ્થા માન્યતાને માન આપો છો કે મજાક ઉડાવો છો? તમેં તમારી માં સાથે વાત કરો છો તે વખતે માં શુ છે તમને ખબર છે ખરી? માં ના યોગદાન અને મહેનત પરિશ્રમની વાત કોઈ દિવસ તમે ઘરમાં બધાને કહો છો ખરા? સામાન્ય વાતચીતમાં માની તારીફ વખાણ કરો છો કે મોઢું બગાડો છો? તમને કોઈ સારા સમાચાર મળે કે સફળતા મળે કે ફાયદો થાય એ વાત તમે હોંશે હોંશે ખુશ થઈ તમારી માને કહો છો ખરા? કે અસ વાત માને કહેવાની તમને જરૂર લાગતી નથી

કોઈ ખરાબ ઘટના કે બનાવની ખબર તમારી માને ના પડે એની કાળજી લો છો ખરા? માની કોઈ સહેલી કે સગાંવહાલાં આવે તે વખતે તમે ગુસ્સામાં આવી જાવ છો ? નારાજ થઈ જાવ છો? માના મહેમાનો સાથેની વાતચીતમાં તમે જોડાવ છો ખરા ? કે ઊભા થઈ બહાર ચાલ્યા જાવ છો? માતાની સારી વાતો કોઈ દિવસ તમારી ઝબાન પર આવે છે કે નહી? માનાં મહેમાનો માટે ચાહ પાણીની વ્યવસ્થા મનથી કરો છો કે કમને કરો છો? ઉંમરના હિસાબે તમારી માં એકની એક વાત વારંવાર કહે છે તો તમે એ વાત શાંતીથી સાંભળી લો છો કે મગજ પરનો કાબૂ ગુમાવી દો છો? ભુતકાળની કડવી વાતોને માં સામે ના કરવી જોઈએ એનું પ્રમાણભાન રાખો છો કે નહી? તમારી પત્ની સામે બેઠી હોય તો અને માં પણ હોય તો તમે પત્નીના કાનમાં ગપસપ કરો છો? તમને ખબર છે તમારી આ હરકતથી તમારી માને ઓછું આવશે? તમે તમારી માતા સાથે સભ્યતાથી શાલીનતાથી વર્તન વાતચીત કરો છો ખરા?

માની અમુક ટેવો તમને ના ગમતી હોય તે વખતે નકારાત્મક ટીકા કરો છો કે તમારું મગજ છટકી જાય છે? તમારી માં તમને કોઈ વાત કહેતી હોય તો તમે વાત પૂરી થવાની રાહ જુવો છો કે વાત વચ્ચેથી કાપી નાખો છો? માની માન મર્યાદા મરતબાની કદર કરો છો ખરા? માં સામે તેમના પૌત્ર પૌત્રીઓને મારપીટ કરવાની ભુલ કરો છો ખરા? માં મોટા છે તેમના સલાહ સુચન લો છો ખરા? માનું નેતૃત્વ સ્વીકારો છો ખરા? માં પાસેથી માર્ગદર્શન મેળવો છો કે નહી? માતાની સમેથી પસાર થવાની ભુલ આખા દિવસમાં કેટલી વાર કરો છો? માં સાથે ઊંચા અવાજે વાત કરો છો કે નીચા ધીમા અવાજે? તમારી માં જમી લે પછી તમે જમો છો કે પહેલા જમી લો છો? તમારી માં છે તો તમને બહુ મોટો માનસિક ટેકો છે મોટી રાહત છે એમ કબુલ કરો છો કે નહી?. માની કોઈ ભુલ પર તમે ઘરમાં કકળાટ કરી મુકો છો કે નહી?

માની હાજરીમાં તમે થાક કંટાળો અનુભવો છો કે ખુશ થાવ છો? માને નવી ટેકનોલોજીમાં સમજ પડતી ના હોય તો તમે એની મજાક કેમ ઉડાવો છો? યાદ રાખો આ ઘરબાર આ સામ્રાજ્ય આ ઠાઠમાઠ બધું તમારી માને આભારી છે . તમે તમારી માં સાથે રહો છો તમારી માં તમારી સાથે રહેતા નથી. માંથી મોટા ભગવાન આ ધરતી પર બીજા કોઈ છે જ નહી. જે લોકોની માં નથી એ લોકોની આંખમાં માનું નામ આવતા આંસુ આવી જાય છે એમને માની કદર અને કિંમત પુછો. માત્ર વોટ્સએપ પર માના ફોટા મૂકવાથી કઈ થવાનું નથી માને બરાબર સમજો માને બરાબર સાચવો.

**અબ્બાસભાઈ કૌકાવાલા, સુરત**

**કર્ણાટકમાં થયેલી કોંગ્રેસ પક્ષની ઐતિહાસીક જીત**

# રાજસ્થાન છત્તીસગઢમાં પ્રજાને જે વચન આપ્યા હતા એ પુરા કર્યા એટલે કર્ણાટકની જનતાએ કોંગ્રેસની સરકારને ચુંટી

કર્ણાટકમાં કોંગ્રેસ પક્ષના ઐતિહાસીક વિજય બાદ રાજીવ ગાંધી ભવન ખાતે કાર્યકરો સાથે ભવ્ય ઉજવણી બાદ પત્રકારો સાથે વાત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષનાં રાષ્ટ્રીય નેતાશ્રીમતી સોનિયા ગાંધીજી, કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી મલ્લિકાર્જુન ખરગેજી, કોંગ્રેસ પક્ષનાં રાષ્ટ્રીય નેતાશ્રી રાહુલ ગાંધીજી, કોંગ્રેસ પક્ષનાં રાષ્ટ્રીય મહામંત્રીશ્રી પ્રિયંકાજી દ્વારા કર્ણાટકની જનતાનાં મુદ્દાઓને પ્રચારમાં મજબૂતાઈથી રજૂ કર્યા. કોંગ્રેસ પક્ષનાં તમામ આગેવાનો, નેતાઓ, કાર્યકરો સૌ સાથે મળીને ટીમ કોંગ્રેસ તરીકે કામ કરી કર્ણાટકની જનતાના આશીર્વાદ સાથે અદ્વિતીય ઐતિહાસિક જીત મેળવી છે. કોંગ્રેસ પક્ષે ગરીબોના ન્યાય મુદ્દે લડ્યા અને પ્રેમથી ચૂંટણી લડ્યા હતા. કર્ણાટકના લોકોએ અમને બતાવ્યું કે, આ દેશ પ્રેમને પસંદ કરે છે અને પ્રેમની દુકાનો ખુલ્લી છે તે દરેકની જીત છે. મોંઘવારીમાંથી રાહત માટે મહિલાઓને દર મહિને ૨૦૦૦ રૂપિયા, ૨૦૦ યુનિટ વીજળી ફ્રિ, ૧૦ કિલો ચોખા, મહિલાઓને નિઃશુલ્ક પરિવહન સહિતની જનલક્ષી યોજનાઓને કર્ણાટકની જનતાએ ઉમળકાભેર આવકારી છે. ૪૦ ટકા કમિશનવાળી ભાજપની ભ્રષ્ટ સરકારને જનતાએ ઉખાડી ફેંકી છે. કર્ણાટકની જનતાને આપેલા પાંચ વચનોને કોંગ્રેસ પક્ષ પ્રથમ કેબિનેટમાં જ પૂર્ણ કરશે. કોંગ્રેસ પક્ષે રાજસ્થાન, છત્તીસગઢમાં પ્રજાને જે વચન આપ્યા હતા એ પુરા કર્યા એટલે કર્ણાટકની જનતાએ કોંગ્રેસની સરકારને ચુંટી છે.

બેરોજગારી, મોંઘવારી અને ૪૦ ટકા કમિશનના ભ્રષ્ટાચારને હટાવો જેવા પ્રજાલક્ષી મુદ્દાઓને કોંગ્રેસ પક્ષ દ્વારા મજબૂતિથી ઉઠાવ્યા હતા. જ્યારે ભાજપ દ્વારા કોમવાદી, ભાગલાવાદી, કર્ણાટક વિરોધી નકારાત્મક માનસિકતા સમગ્ર ચૂંટણી પ્રચાર દરમ્યાન જોવા મળી હતી. ભાજપ ભ્રષ્ટાચાર કરે છે એ વાત જનતા હવે જાણી ગઈ છે. કર્ણાટકની પ્રજાના પ્રાણ પ્રશ્નોને બદલે યુવા, ખેડૂત, મહિલા અંગે કોઈ જાહેરાત કે નક્કર નીતિ રજુ કરવામાં આવી ન હતી. ભાજપના નેતા-આગેવાનો દ્વારા ગુંડાગર્દી, ડરાવવા-ધમકાવવા સહિતની નકારાત્મક કામગીરીના ભાગરૂપે કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ આદરણીયશ્રી મલ્લીકાર્જુનજીની હત્યા તેમજ તેમના પરિવારને પણ જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી આ તમામ પ્રકારની ભાજપની નકારાત્મક માનસિકતાને કર્ણાટકની જનતાએ જાકારો આપી કોંગ્રેસ પક્ષને આપ્યો છે. કર્ણાટકમાં થયેલી કોંગ્રેસ પક્ષની ઐતિહાસીક જીતની ગુલાલ ઉડાડી, ફટાકડા ફોડી, કાર્યકર્તા-આગેવાનોનું મોઢુ મીઠુ કરાવી ઉજવણી રાજીવ ગાંધી ભવન ખાતે કરવામાં આવી હતી. ઉજવણીમાં એ.આઈ.સી.સી.ના પૂર્વ મહામંત્રીશ્રી દિપક બાબરીયા, રાષ્ટ્રીય પ્રવક્તાશ્રી રોહન ગુપ્તા, કાર્યકારી પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલ, ધારાસભ્યશ્રી ઈમરાન ખેડાવાડા, મીડીયા કો-ઓર્ડીનેટર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી, પ્રદેશ ઉપપ્રમુખશ્રી ડૉ. જીતુભાઈ પટેલ, શ્રી બિમલ શાહ, શ્રી નીશિત વ્યાસ, શ્રી પંકજ શાહ, પ્રદેશ મહિલા પ્રમુખશ્રી જેનીબેન ઠુમ્મર, પ્રદેશ એસ.સી. સેલના ચેરમેનશ્રી હિતેન્દ્ર પીઠડીયા, પ્રદેશ પ્રવક્તાશ્રી રત્નાબેન વોરા, શ્રી હિરેન બેંકર, પાર્થીવરાજસિંહ કઠવાડીયા, શ્રી અમિત નાયક સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ-આગેવાનો જોડાયા હતા અને સૌએ એકબીજાને અભિનંદન પાઠવ્યાં હતા સાથોસાથ કર્ણાટકની જનતાનો આભાર પણ વ્યક્ત કર્યો હતો.

# પીવામાં જલદી કરો મરીજ, એક તો ઓછી મદિરા છે ને ગળતું જામ છે

રાજા મહારાજા, બાદશાહ, શહેનશાહ, સૂબાઓ, ખંડિયા રાજાઓ દરબાર ભરીને કેસો સાંભળીને ન્યાય આપતા હતા. જહાંગીર જેવા તો મહેલના દરવાજે ઘંટ ટાંગતા હતા. પ્રજાજનો રાતના બાર વાગ્યે ઘંટ વગાડે તો જહાંગીર રાતે બાર વાગ્યે પણ ન્યાય તોલતા હતા . એમાં પરથી ફલિત થાય છે કે જહાંગીર અનિંદ્રાના રોગી હતા અને ઊંઘના ઔષધો અસરકારક ન હતા!જૂના જમાનામાં નાના મોટા વિવાદોની પતાવટ માટે જ્ઞાતિ પંચો હતા. એમનો નિર્ણય બંને પક્ષોને માટે શિરોધાર્ય રહેતો હતો. ખાપ પંચાયત આવી જ સશક્ત સંસ્થા છે. તેને કોર્ટથી પર માને છે. તેના નિર્ણયની અવગણના કરનારને નાતબહાર કરવામાં આવે છે. ગર્ભપાત, પ્રેમલગ્ન વગેરે જેવી જલદ બાબતોમાં ખાપ પંચાયતનું વલણ અંગ્રેજ કે જમાને કે જેલર જેવું રહે છે!!

હવેના સમયમાં નાનીમોટી અદાલતો છે. લોકો નાના મુદાઓને પ્રતિષ્ઠાનો મુદો બનાવી અદાલતના દરવાજા ખખડાવે છે. સીતાની સ્વયંવર સમયે અદાલત હોત તો અશક્ય ટાર્ગેટ સેટ કરવાના મુદ્દે અદાલતમાં અરજી કરી મનાઇ હુકમની માંગણી થયેલ હોત તો ન્યાયના હિતમાં મનાઇ હુકમ-સ્ટે આપવામાં આવેલ હોત. જે આજદિન સુધી વેકેટ ન થયો હોત!!!

એક વ્યકિત કૂતરો પાળે તો પાડોશીને રાત્રે કૂતરાંના અવાજથી ઊંઘ હરામ થઇ જાય એટલે અદાલતમ્ શરણમ્ ગચ્છામિ!! લોકો મિલકત, જમીન, દાગીના, મકાન, ચોરી, લૂંટફાટ, છેતરપિંડી , બળાત્કાર, ચેક રિટર્ન, નોનપેમેન્ટ, ભાગીદારીમાં દગો, પેટન્ટ કોપી રાઇટનો ભંગ, બૌદ્ધિક સંપદા, ઓનલાઇન ફ્રોડ, લગ્નનું વચન ન પાળવા, ખરાબ માલસામાન ન જાણે કેટકેટલા કારણો માટે અદાલતમાં જાય છે. કોર્ટો પણ ભગવાન કે ભગવાનની મૂર્તિને મુજરિમ હાજર હોમી ગુહાર લગાવે છે.ચાર ચાર પેઢી ખુવાર થઇ જાય પણ કાયદાની દેવી આંખોથી પટી ઉતારતી નથી એને ન્યાય તોળતી નથી. કદાચ માતાની આડી હોય!! દેશની તમામ અદાલતોમાં સાડા ચાર કરોડ કેસો ન્યાય અને નિર્ણય અર્થે માનનીય જજ સાહેબ પાસે વિચારણાધીન છે( કેસો પડતર છે તેમ કહીએ તો માઇબાપ નારાજ થઇનેકન્ટેમ્પટ પીટીશન ફાઇલ કરે તો લેવાના દેવા પડી જાય, બરખુદ્દાર!!) હાલના સ્ટાફથી આ કેસોનો ૮૪૦ વરસે નિર્ણય થાય.શક્ય છેકે કોઇ તહોમતદાર સામેના આરોપો નાસાબિત થાય અને બાઇજજત બરી કરવામાં આવે તો તેનો અમલ થઇ શરે નહીં. કેમ કે તહોમતદારનો સાતવો વરસ પહેલાં ઇંતેકાલ થઇ ગયો હોય અને તેના સીધી કે આડી લીટીના કોઇ વારસદાર જીવિત ન હોય એવું પણ બને અને તેવું પણ બને!! ઉત્તરાખંડના હરિદ્વારમાં એક વિચિત્ર કેસ સામે આવ્યો છે. જયાં વૃધ્ધ માતા-પિતાએ પુત્રા અને પુત્રાવધૂને પૌત્ર-પૌત્રીનું સુખ ન આપવા બદલ કોર્ટમાં અરજી કરી છે. તેઓએ કોર્ટમાં પુત્રને ભણાવવા અને ઉછેર માટે કરવામાં આવેલ ખર્ચ બદલ ૫ કરોડ રૂપિયા પરત આપવાની અરજી કરી છે.

એસ.આર. પ્રસાદ બીએચઈએલમાં નોકરીકરતા હતા હાલ તેઓ નિવૃત છે અને એક હાઉસીંગ સોસાયટીમાં રહે છે. શ્રેય તેમનો એકનો એક પુત્ર છે જેના વિરૂધ્ધ તેમને ફરીયાદ કરી છે. રંજનપ્રસાદનો પુત્ર શ્રેય પાયલટ છે અને પુત્રવધૂ નોઈડામાં જ કામ કરે છે. તેના લગ્ન વર્ષ ૨૦૧૬માં નોયડામાં રહેતી શુભાંગી સાથે થયા હતા. માતા પિતાએ કોર્ટમાં જણાવ્યું કે લગ્નના ૬ વર્ષ પછી પણ તેમના પુત્ર પુત્રવધુએ તેમને દાદા-દાદી બનાવવાનું સુખ નથી આપ્યું.

જેના કારણે તેમનું માનસિક સંતુલન સ્વસ્થ નથી રહેતુ. વધુમાં તેઓએ જણાવ્યું કે પુત્રના ઉછેરમાં અંદાજે ૫ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે. પુત્ર તે પૈસા તેમને પરત કરે. પુત્ર-પુત્રવધુના નિરસ વલણના કારણે સબક શિખવવા કેસ કર્યો છે.

હવે શ્રેયે તેનું શ્રેય કે પ્રેય શેમાં છે તે વિચારવાનું છે. જો છડેછડા એટલે કે નછોરવા રહેવું હોય તો પાંચ કરોડની કડકડતી( તેના માટે કકળતી) નોટો તૈયાર રાખે. નહીંતર બુલેટ ટ્રેનની માફક ગતિ પકડે. શ્રેયને આટલું જ કહેવાનું ,” પીવામાં જલદી કરો મરીજ, એક તો ઓછી મદિરા છે ને ગળતું જામ છે” ઓલ ધી બેસ્ટ ટુ શ્રેય એન્ડ શુભાંગી !!

**-ભરત વૈષ્ણવ**

## મોરબીમાં ચાર શખ્સ વિરુદ્ધ બ્યુટીપાર્લરમાં કામ કરતી મહિલાએ નોંધાવી દુષ્કર્મની ફરિયાદ

(એ.આર.એલ),મોરબી,તા.૧૩

મોરબીમાં બ્યુટીપાર્લરનો વ્યવસાય કરતી મહિલાએ ચાર શખ્સો સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે. મોરબી સિટી એ–ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. બ્યુટીપાર્લરની બાજુમાં આવેલી ઓફિસમાં દુષ્કર્મ આચર્યુ હોવાની ફરિયાદ નોંધાવી છે. પરિણિતાને કેફી દ્રવ્ય પીવડાવી દુષ્કર્મ આચર્યુ હોવાનો આક્ષેપ કરાયો છે. ધરમ ઉર્ફે ટીટો ચૌહાણ, અભી પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. યશ દેસાઈ અને એક અજાણ્યા ઈસમનો પણ ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે. તો બીજી તરફ રાજકોટના વકીલ સંજય પંડીત સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ હતી. વકીલની ઓફિસમાં કામ કરતી મહિલાએ જ દુષ્કમનો આરોપ લગાવ્યો છો. ઓફિસ અને ફ્લેટમાં દુષ્કર્મ આચર્યુ હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે. ફરિયાદ બાદ છ ડિવિઝન પોલીસે વકીલ સંજય પંડીતની ધરપકડ કરી છે.

### ગોલ્ડ

મારું ઈજન સમજે નહીં,
ભરત સાવ કન્ફ્યુઝડ!
હુ બ્યુટીફૂલ અને બોલ્ડ,
એ મુઓ બરફ શો કોલ્ડ.
ગમે તેમ ગમે ત્યાં વાળો,
એ કયાં રહ્યો છે અનફોલ્ડ.
પ્રેમની રીંગમાં કૂદી પડે છે,
કેવી રીતે ગણવો ઓલ્ડ??
હું કેવી રીતે હક્ક જતાઉં
સાલ્લો પહેલેથી છે સોલ્ડ!!
સૌ કોઇ પિતળ કથીર માને,
શ્રધ્ધા માટે હોલમાર્ક ગોલ્ડ!!

**-ભરત વૈષ્ણવ**

# જલંધરમાં આમ આદમી પાર્ટીની ઐતિહાસિક જીત, ૨૦૨૪માં તમામ બેઠકો જીતીશું : કેજરીવાલ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૩

આમ આદમી પાર્ટીએ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ચાર બેઠકો જીતીને તેની સંસદીય યાત્રાની ભવ્ય શરૂઆત કરી હતી. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટી માત્ર એક સીટ પર જ ઘટી ગઈ હતી અને ભગવંત માનના મુખ્યમંત્રી બન્યા પછી યોજાયેલી પેટાચૂંટણીમાં પણ તે સીટ હારી ગઇ હતી. લોકસભામાં આમ આદમી પાર્ટી શૂન્ય પર પહોંચી ગઈ હતી. હવે જલંધર પેટાચૂંટણીએ પાર્ટીમાં નવો પ્રાણ ફૂંક્યો છે. જલંધર લોકસભા પેટાચૂંટણીની મતગણતરી બાદ આમ આદમી પાર્ટીના ઉમેદવાર સુશીલ કુમાર રિંકુ ૫૭ હજારથી વધુ મતોથી જીત્યા છે. કોંગ્રેસના કરમજીત કૌર બીજા નંબરે છે. શિરોમણી અકાલી દળ-બીએસપી ગઠબંધનના ઉમેદવાર સુખવિંદર સુખી ત્રીજા સ્થાને રહ્યાં છે. ભાજપ ચોથા ક્રમે છે.દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનને ગળે લગાવીને જલંધરમાં જીત માટે અભિનંદન આપ્યા અને ત્યારબાદ બંને નેતાઓ પાર્ટી હેડક્વાર્ટર પહોંચ્યા હતા. આમ આદમી પાર્ટીના હેડક્વાર્ટર ખાતે પત્રકારો સાથે વાત કરતા અરવિંદ કેજરીવાલે લોકસભા ચૂંટણી ૨૦૧૪ અને ૨૦૧૯માં પાર્ટીના પ્રદર્શન અંગે ચર્ચા કરી અને લોકસભામાં શૂન્ય સુધી પહોંચવાનો પણ ઉલ્લેખ કર્યો. કેજરીવાલે કહ્યું કે જલંધરમાં આમ આદમી પાર્ટીએ ઐતિહાસિક જીત મેળવી છે. તેમણે કહ્યું કે આ બેઠક કોંગ્રેસનો ગઢ રહી છે અને ૫૦ વર્ષથી કોંગ્રેસ અહીં જીતતી હતી. તેમણે કહ્યું કે કોંગ્રેસ એવું વિચારતી હતી કે આ તેમની સીટ છે, તેથી લોકો તેમને જ મત આપશે. કોંગ્રેસના કોઈ મોટા નેતા ત્યાં વોટ માંગવા આવ્યા નથી. કેજરીવાલે કહ્યું કે હવે એવું નથી. અમે ૨૦૨૪માં પણ ૧૩માંથી ૧૩ લોકસભા સીટ જીતીશું. તેમણે કહ્યું કે કોઈ પણ સરકાર માટે શાસનનું પ્રથમ વર્ષ ઘણું મુશ્કેલ હોય છે. કેજરીવાલે કહ્યું કે અમને અગાઉની સરકારમાંથી ઘણી મોટી ખામીઓ વારસામાં મળી છે. પંજાબના મુખ્યમંત્રીના વખાણ કરતા તેમણે કહ્યું કે ભગવંત માન એ અદ્ભુત કામ કર્યું છે. કેજરીવાલે કહ્યું કે અમે કામની રાજનીતિ કરીએ છીએ. તેમણે એમ પણ કહ્યું કે ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં જ્યારે આમ આદમી પાર્ટીની લહેર ચાલી રહી હતી ત્યારે પણ અમે જલંધરમાં નવમાંથી માત્ર ચાર સીટો જીતી શક્યા હતા. અરવિંદ કેજરીવાલે કહ્યું કે આ વખતે અમે જલંધરની નવમાંથી સાત વિધાનસભા સીટ જીતી છે. તેમણે કહ્યું કે જલંધર પેટાચૂંટણીમાં અમને ૩૪ ટકા વોટ મળ્યા છે. દિલ્હીના મુખ્યમંત્રીએ કહ્યું કે પંજાબના મતદારોએ વંશવાદની રાજનીતિને હરાવી છે. કેજરીવાલે ભારતીય જનતા પાર્ટી (ભ્જીઁ)ના ચૂંટણી પ્રચાર પર પણ ટિપ્પણી કરી હતી. તેમણે કર્ણાટક ચૂંટણીમાં જીત માટે કોંગ્રેસને અભિનંદન પણ આપ્યા અને કહ્યું કે ભાજપે સમજવું જોઈએ કે આ યુક્તિઓ (કોમી પ્રચાર) કામ નથી કરી રહી. કર્ણાટકમાં ભાજપની હાર પર કેજરીવાલે કહ્યું કે લોકો વિકાસના કામો ઈચ્છે છે.

# અંકલેશ્વરની શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ પબ્લિક સ્કુલ (CBSE) ધોરણ ૧૦ નું શાનદાર ૧૦૦% પરિણામ

અંકલેશ્વર જીઆઈડીસી સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ પબ્લિક સ્કુલ (CBSE)ધોરણ - ૧૦ નું ૧૦૦% પરિણામ આવતા વિદ્યાર્થીઓ સહિત આચાર્યાશ્રી તેમજ શિક્ષકમિત્રોની કપરી મહેનતની સંસ્થાના વડા સ્વામી કૃષ્ણસ્વરુપ શાસ્ત્રીજી, ટ્રસ્ટી જયસ્વરુપ શાસ્ત્રી તેમજ ટ્રસ્ટી કિશોરભાઈ પાનસુરીયા સર દ્વારા અભિનંદન પાઠવી કદર કરવામાં આવી હતી. શાળા કક્ષાએ પ્રથમ ક્રમાંકે ધ્રુવી પટેલ ૯૪.૨૦ ટકા સાથે ગ્રેડ ૭૧, દ્વિતીય ક્રમાંકે શિવાની પાંડે ૯૨.૪૦ ટકા સાથે ગ્રેટ A1 તેમજ તૃતીય ક્રમાંકે પ્રિયાંશી ગુપ્તા ૮૮% ટકા સાથે ગ્રેડ A2 પ્રાપ્ત કરીને ગુરુકુલ પરિવારનું ગૌરવ વધાર્યું



પૂજ્ય ગુરુજીએ ભવિષ્યમાં પણ સારા

આશીર્વાદ પાઠવ્યા હતા.

# રણાસણ ગામે સિકોતર માતાજી નો હવન યોજાયો



રણાસણ ગામે આવેલ બ્રાહ્મણ વાસ મા સિકોતર માતાજી નો હવન યોજાયો હતો જેમા ધર્મ પ્રેમી જનતા એ દર્શન તેમજ પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી. પાટણ જિલ્લા ના તાલુકા મથક ચાણસ્મા ના રણાસણ ગામે આવેલ બ્રાહ્મણ વાસ મા નિખીલ જોષી ના પરિવાર દ્વારા સિકોતર માતાજી નો હવન યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહી દર્શન તેમજ પ્રસાદ નો લ્હાવો લીધો હતો.

# મદર્સ ડે - સંત રાજીન્દર સિંહજી મહારાજ

માતૃદિન - મદર્સ ડે - વિશ્વભરમાં માતાનુ સન્માન આપવા ઉજવવામાં આવે એક એવો દિવસ છે . સંસાર મા માતા અને બાળક વચ્ચેના સાંસારિક પ્રેમને ઉચ્ચતમ માનવામા આવે છે. માતા અને બાળકનો સંબંધ પવિત્ર છે અને બિનશરતી થી ભરેલો છે. આપણી માતા વિના આપણે અહીં ન હોત. તેને આ દુનિયામાં પ્રવેશવામાં મદદ કરવા માટે બલિદાન આપ્યું, તેમ છતાં, જેમ આપણે મોટા થયા તેમ આ બલિદાનને, ઘણા ભૂલી જાય છે. આ દિવસ આપણે માતા પ્રત્યે શા માટે આભારી છે તેના માટે સ્મૃતિપત્ર છે. અસભ્ય શિશુ સાથેની માતા વિશે વિચારો. માતા બાળક પર પ્રેમ વરસાવે છે. બાળક માટે પ્રેમ થી ભરેલી હોય છે.

એ જ રીતે, આપણે પણ ભૂલીએ છીએ કે આપણી બધી માતાઓ અને પિતૃઓ સહિત તેમની આગળની પેઢી, અહીં સાચા માતાના કારણે છે જે આપણા માતા પિતા ભગવાન છે. ભગવાન આપણા બધાના માતા-પિતા છે. આપણે ભૂલીએ છીએ કે આપણે ફક્ત અસ્તિત્વમાં છે કારણ કે આપણે બનાવેલ આ દુનીયા છે.



ઘણા માને છે કે ભગવાન બ્રહ્માંડ નું કેન્દ્ર છે. અગાઉના સમયમાં, વૈજ્ઞાનિકો માનતા હતા કે સૂર્યમંડળનો વિકાસ થયો છે .પૃથ્વીની આસપાસ ફરે છે જોકે, પાછળથી તેઓ જાણ્યું કે સૂર્યમંડળ સૂર્યની આસપાસ ફરે છે. એ જ રીતે, આપણે વિચારીએ છીએ કે બધી રચના આસપાસ ફરે છે. આપણે ભગવાનના વિશાળ નાટકમાં ખેલાડીઓ છીએ. આ સર્જન એ ભગવાનનું નાટક છે. મધર ડે નુ ઉંડુ અર્થ એ છે કે ફક્ત આપણી માતાને જે અમને શારીરિક જીવન આપે છે સન્માન નહીં , પણ આપણા સાચા પિતૃ, ભગવાનને સન્માન આપવા માટે પણ છે, જેમણે અમને આપ્યું છે. જીવનના તમામ સ્તરેઃ શારીરિક, બુદ્ધિપૂર્વક અને આધ્યાત્મિક રીતે જેમ આપણે આપણી માતાને યાદ રાખીએ છે,તેમ આપણે અમને બનાવવા માટે ભગવાનને પણ યાદ રાખવું જોઈએ. ક્યારે આપણે જીવન માટે ભગવાનનો આભાર માન્યો છે? અમે જ્યારે વસ્તુઓ ખોટી હોય ત્યારે ભગવાનને ફરિયાદ કરતા હોય છે, પરંતુ સેંકડો વસ્તુઓ જે ભગવાન એ આપી એનું શું? આપણે ભગવાનને કેવી રીતે યાદ કરી શકીએ છે? આપણા આંતરિક આધ્યાત્મિક આંખથી ભગવાનને જોઈને અને આપણા આંતરિક આધ્યાત્મિક કાનથી ભગવાન નો અવાજ સાંભળીને જ્યારે આપણે મૌન ધ્યાનમાં બેસી એ ધ્યાન માટે, આપણે ભગવાનનો અનુભવ કરી શકીએ છીએ. તે અનુભવ દ્વારા, આપણે પછી જાણીએ છીએ કે ભગવાન ખરેખર છે, આપણે આત્મા છીએ, અને બંનેને ફરીથી જોડવા નો માર્ગ છે. આમ ધ્યાન, મેડીટેશન થી જેટલું વધારે આપણે ઈશ્વરનો અનુભવ કરીએ છીએ, એટલું વધારે આપણે કદર કરી શકીએ છીએ અને આભારી થઈ શકીએ છીએ. સાવન કૃપાલ રૂહાની મિશનની વધુ વિગતો માટે સંપર્ક કરો ૯૮૨૫૪૬૭૧૧૦

# ઓછા માર્જિનમાં ટ્રેડિંગ કરવા ટ્રેડરો માટે બેસ્ટ વિકલ્પઃ ક્રૂડ તેલ, સોના-ચાંદીના ઓપ્શન્સ

**કોમોડિટીની પાઠશાળા**



**નૈમિષ ત્રિવેદી**
**સીનિયર મેનેજર, કોમ્યુનિકેશન્સ, એમસીએક્સ**

આપણે જાણીએ છીએ કે ભારતીય કોમોડિટી વાયદા બજારમાં ઓપ્શન્સ ટ્રેડિંગને સેબી દ્વારા મંજૂરી આપવામાં આવ્યા બાદ દેશના કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ દ્વારા વર્ષ ૨૦૧૭માં સોનાના 1 કિલોગ્રામના ઓપ્શન્સ કોન્ટ્રેક્ટથી કોમોડિટી ઓપ્શન્સની શરૂઆત થઈ હતી. ત્યારબાદ સોનાની સાથે-સાથે સોનું-મિની, ચાંદી, ચાંદી-મિની, બિનલોહ ધાતુઓ તથા એનર્જીમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસમાં પણ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સમાં કામકાજ ઓફર થઈ રહ્યા છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે હાલમાં ટ્રેડરો ઓછા માર્જિનમાં જે પ્રોડક્ટમાં કામકાજ થઈ શકતા હોય તેમાં વિશેષ રસ ધરાવતા થયા છે.

કોમોડિટી એક્સચેન્જ પરના ટ્રેડિંગના આંકડાઓ પર નજર નાખીએ તો હાલમાં કોમોડિટી ઓપ્શન્સ ટ્રેડરોમાં હોટ ફેવરિટ બન્યા છે.

તાજેતરમાં 25 એપ્રિલ, 2023ના રોજ સોનાના મિની 100 ગ્રામ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.971 કરોડનાં 1,610 કિલો અને ચાંદીના 30 કિલોના ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.9,733 કરોડનાં 1,310 મે.ટનનાં ઓલ ટાઈમ હાઈ કામકાજ નોંધાયાં હતાં. આ ઉપરાંત 15 માર્ચના રોજ ક્રૂડ તેલના ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.1,24,952 કરોડનું અને નેચરલ ગેસના ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સમાં 22 નવેમ્બર, 2022ના રોજ રૂ.25,283.43 કરોડનાં રેકોર્ડ કામકાજ નોંધાયાં હતાં.

તો આવો આપણે આ સૌથી વધુ પ્રચલિત ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સ વિશે વધુ જાણીએ.

ઓપ્શન્સ એ ડેરિવેટિવ્ઝ ઈન્સ્ટ્રુમેન્ટ્સ છે, જે ખરીદનારને ચોક્કસ તારીખે અથવા તે પહેલાં એક ચોક્કસ ભાવે અંતર્ગત અસ્કયામત (અંડરલાઈંગ એસેટ)/ઈન્સ્ટ્રુમેન્ટને ખરીદવા અથવા વેચવા માટેનો અધિકાર આપે છે, પરંતુ જવાબદારી આપતું નથી.

ઓપ્શન કોન્ટ્રેક્ટ માટે અંડરલાઈંગ ઈક્વિટી, કોમોડિટી, વિદેશી વિનિમય, વાયદા કોન્ટ્રેક્ટ્સ, વ્યાજના દરો, રીઅલ એસ્ટેટ અથવા અન્ય કોઈ એસેટ/ઈન્સ્ટ્રુમેન્ટ હોઈ શકે છે. ઉદાહરણ તરીકે, સોનાનો વાયદા કોન્ટ્રેક્ટ સોનાના ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ માટે અંતર્ગત હોઈ શકે છે.

ઓપ્શન તેના ધારકને કોઈ જવાબદારી વગર અંતર્ગતના ભાવને લોક-ઈન કરવા માટે (બાંધી લેવાની) પરવાનગી આપે છે અને તેથી ભાવમાં બિનતરફેણકારી વધઘટના જોખમને ટાળી શકાય છે. તે વીમા પોલિસીની માફક કાર્ય કરે છે અને પ્રીમિયમની ચુકવણી દ્વારા પ્રતિકૂળ ભાવ વધઘટ સામે સુરક્ષા મેળવવા તેનો ઉપયોગ કરી શકાય છે.

દા.ત. ખેડૂત ઓપ્શન ખરીદીને ભાવમાં સંભવિત ઘટાડા સામે રક્ષણ મેળવી શકે છે, એટલે કે પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ. ઓપ્શન ખેડૂતને તેની ઊપજને પૂર્વનિર્ધારિત ભાવે વેચવાનો અધિકાર આપે છે, પરંતુ જવાબદારી આપતું નથી.

કોમોડિટી ઓપ્શન્સમાં બે પ્રકારના ઓપ્શન્સ હોય છે (1) કોલ ઓપ્શન્સ અને (2) પુટ ઓપ્શન્સ. સૌપ્રથમ કોલ ઓપ્શનની વાત કરીએ તો કોલ ઓપ્શન, ઓપ્શનના ખરીદનાર (ધારક)ને ઓપ્શનની સમાપ્તિની તારીખે અથવા તે પહેલાં પૂર્વનિર્ધારિત ભાવે અંતર્ગત (દા.ત. કોમોડિટી વાયદા કોન્ટ્રેક્ટ) ખરીદવાનો અધિકાર આપે છે, જ્યારે પુટ ઓપ્શન, ઓપ્શનના ખરીદનાર (ધારક)ને ઓપ્શનની સમાપ્તિની તારીખે અથવા તે પહેલાં નિયત ભાવે અંતર્ગત (દા.ત. કોમોડિટી વાયદા કોન્ટ્રેક્ટ) વેચવાનો અધિકાર આપે છે.

એક્સરસાઈઝના આધારે ઓપ્શન્સના બે પ્રકારો છે અમેરિકન અને યુરોપિયન. ભારતમાં હાલમાં માત્ર યુરોપિયન પ્રકારના ઓપ્શન કોન્ટ્રેક્ટમાં કામકાજને જ મંજૂરી છે.

જે વ્યક્તિ ઓપ્શન ખરીદે છે તેનો ઓપ્શન ધારક કહેવામાં આવે છે. ઓપ્શન ધારક મર્યાદિત જોખમ (ઓપ્શન પ્રીમિયમનું નુકસાન) ધરાવે છે, પરંતુ પ્રત્યક્ષ રીતે સંભવિત લાભો અમર્યાદિત ધરાવે છે, જ્યારે તેનાથી વિપરીત જે વ્યક્તિ ઓપ્શન વેચે છે, તેને ઓપ્શન રાઈટર/વેચનાર કહે છે. ઓપ્શન રાઈટરને મર્યાદિત લાભો (ઓપ્શન પ્રીમિયમ જેટલા) સાથે પ્રત્યક્ષ રીતે અમર્યાદિત જોખમ રહે છે. ઓપ્શન ધારક જ્યારે ઓપ્શનનો ઉપયોગ કરે છે, ત્યારે વેચનાર, જે સ્ટ્રાઈક પ્રાઈસ પર અંતર્ગતની ખરીદી/વેચવા માટે જવાબદાર છે, તે સોંપણી કરે છે. ઓપ્શનની એક્સરસાઈઝ વખતે માત્ર ખરીદનારને ઓપ્શનનો ઉપયોગ (એક્સરસાઈઝ) કરવાનો અધિકાર હોય છે. કોઈપણ ચોક્કસ સમયે પ્રવર્તમાન ઓપન અથવા




આઉટસ્ટેન્ડિંગ (જે બંધ કરાયા નથી કે ડિલિવર કરાયા નથી) ઓપ્શન્સ કોન્ટ્રેક્ટની કુલ સંખ્યાને ઓપન ઈન્ટરેસ્ટ કહે છે.

કોમોડિટી ઓપ્શન્સમાં ત્રણ પ્રકારની સ્ટ્રાઈક્સ હોય છે.

**ઈન ધ મની (આઈટીએમ) સ્ટ્રાઈક**

આઈટીએમ એટલે નફાવાળી સ્ટ્રાઈક્સ. કોલ માટે બજાર ભાવથી નીચેની સ્ટ્રાઈક આઈટીએમ ગણાય અને પુટ માટે બજાર ભાવથી ઉપરના ભાવની સ્ટ્રાઈક આઈટીએમ ગણાય. દા.ત. નેચરલ ગેસના ભાવ રૂ.200 હોય તો, રૂ.195નો કોલ આઈટીએમ કહેવાય. એવી જ રીતે રૂ.205નો પુટ આઈટીએમ ગણાય.

**એટ ધ મની સ્ટ્રાઈક**

એટ ધ મની સ્ટ્રાઈક (એટીએમ) એટીએમ એટલે જે બજાર ભાવ ચાલતો હોય એ જ ભાવની કોલ અને પુટ સ્ટ્રાઈક ને એટીએમ સ્ટ્રાઈક કહેવામાં આવે છે. દા.ત. ક્રૂડ ઓઈલનો ભાવ રૂ.5,800 હોય તો રૂ. 5,800નો કોલ અને રૂ. 5,800નો પુટની સ્ટ્રાઈક્સને એટ ધ મની સ્ટ્રાઈક્સ કહેવામાં આવે છે.

**આઉટ ઓફ ધ મની સ્ટ્રાઈક**

આઉટ ઓફ ધ મની સ્ટ્રાઈક (ઓટીએમ) એટલે જ્યારે બજારભાવથી દૂરની સ્ટ્રાઈક્સમાં ટ્રેડ કરવામાં આવે એટલે કે કોલમાં ઉપરની સ્ટ્રાઈક અને પુટમાં નીચેની સ્ટ્રાઈક્સને ઓટીએમ સ્ટ્રાઈક્સ કહેવામાં આવે છે.

દા.ત. સોનાનો ભાવ રૂ.60,000 હોય ત્યારે રૂ.60,500નો કોલ અને રૂ.59,500નો પુટ આઉટ ઓફ મની કોલ અને પુટ સ્ટ્રાઈક્સ અનુક્રમે કહી શકાય. ભાવની વધઘટ ત્રણેય સ્ટ્રાઈક્સમાં જુદા-જુદા પ્રકારની જોવા મળે છે, કેમ કે તેમની ડેલ્ટા, વેગા અને થીટા મૂલ્ય જુદા-જુદા હોય છે.

## ઓપ્શન્સના પ્રીમિયમ પર અસર કરનારા મુખ્ય પરીબળો

એક્સચેન્જો પર કોલ-પુટ ઓપ્શન્સમાં પ્રીમિયમનું ટ્રેડિંગ થતું જોવા મળે છે. પ્રીમિયમની વધઘટ ઘણા પરીબળો પર નિર્ભર હોય છે. તો સવાલ એ થાય કે કોલ અને પુટ ઓપ્શન્સના નિર્ધારક પરીબળો ક્યા-ક્યા છે? અને તેની અસર પ્રીમિયમ પર કઈ રીતે થતી હોય છે.

ઓપ્શન્સના પ્રીમિયમના મુખ્ય બે ભાગ હોય છે (૧) ઈન્ટ્રિન્સીક વેલ્યૂ અને (૨) ટાઈમ વેલ્યૂ.

ઈન્ટ્રિન્સીક વેલ્યૂ ઓપ્શન્સની સ્ટ્રાઈક પ્રાઈસ અને અંડરલાઈંગ ભાવ ઉપર નક્કી થાય છે, જ્યારે ટાઈમ વેલ્યૂ ઓપ્શન્સની એક્સપાયરી (પાકતી તારીખ)ને આધારે નક્કી થતી હોય છે. જેમ સમય વધુ હોય એમ પ્રીમિયમ મોંઘુ હોય છે, કેમ કે એટલી જ અનિશ્ચિતતા વધી જાય છે અને જેમ અનિશ્ચિતતા વધુ તેમ વોલેટાલિટી વધુ અને જેમ વોલેટાલિટી વધુ તેમ પ્રીમિયમ ઊંચું રહે છે. ઓપ્શન્સને અસરકર્તા મુખ્ય પાંચ પરીબળો છે.

**અંડરલાઈંગ ભાવ**

ઓપ્શન્સના ભાવ તેના અંડરલાઈંગ ભાવની વધઘટ પર નિર્ભર હોય છે. જો અંડરલાઈંગ ભાવ વધે તો કોલનું પ્રીમિયમ વધે અને પુટનું પ્રીમિયમ ઘટે છે અને તેનાથી વિરૂદ્ધ જો ભાવ ઘટે તો કોલનું પ્રીમિયમ ઘટે અને પુટનું પ્રીમિયમ વધે છે.

એટલે કહી શકાય કે, કોલના ભાવ અને અંડરલાઈંગ ભાવને હકારાત્મક સંબંધ છે અને પુટ સાથે અંડરલાઈંગ ભાવનો નકારાત્મક સંબંધ હોય છે.

**સ્ટ્રાઈક ભાવ**

ઓપ્શન્સ ટ્રેડિંગમાં આપણે અલગ-અલગ સ્ટ્રાઈક પ્રાઈસના કોલ અને પુટ ખરીદી કે વેચી શકીએ છીએ. જેમ અંડરલાઈંગથી સ્ટ્રાઈક પ્રાઈસ વધુ તેમ કોલના ભાવ ઓછા અને પુટના ભાવ વધુ જોવા મળે છે અને એનાથી ઊલ્ટું જેમ અંડરલાઈંગ બજાર ભાવથી સ્ટ્રાઈક પ્રાઈસ નીચે હોય તો કોલનું પ્રીમિયમ વધુ અને પુટનું પ્રીમિયમ ઓછું જોવા મળે છે. આમ સ્ટ્રાઈક ભાવ અને કોલના પ્રીમિયમને નકારાત્મક જ્યારે પુટના પ્રીમિયમને હકારાત્મક સંબધ જોવા મળે છે.

**વોલેટાલિટી (વધઘટ)**

ઓપ્શન્સના પ્રીમિયમને સૌથી વધુ અસરકર્તા અને અનિશ્ચિત પરીબળ હોય તો એ છે અંડરલાઈંગ ભાવની વધઘટ. જેમ વધઘટનું પ્રમાણ વધુ તેમ કોલ અને પુટ ઓપ્શન્સ બંનેના ભાવ ઊંચા અને જેમ વધઘટ ઓછી તેમ બંને ઓપ્શન્સના પ્રીમિયમ ઓછા જોવા મળે છે. એટલે કહી શકાય કે વોલેટાલિટી અને બંને ઓપ્શન્સના પ્રીમિયમને સકારાત્મક સંબંધ હોય છે.

ઊંચી વધઘટ=ઊંચું પ્રીમિયમ અને નીચી વધઘટ=નીચું પ્રીમિયમ

**સમય**

ઓપ્શન્સની કિંમત તેના સમય ઉપર ટકેલી હોય છે એટલે જેમ-જેમ પાકતી તારીખ નજીક આવે તેમ-તેમ ઓપ્શન્સનું પ્રીમિયમ ઘટતું જોવા મળે છે. કોલ અને પુટ બંને ઓપ્શન્સમાં જેમ સમય વધુ તેમ એનું પ્રીમિયમ ઊંચું હોય છે અને જેમ-જેમ સમય ઓછો થતો જાય તેમ ઓપ્શન્સના પ્રીમિયમમાં ઘટાડો જોવા મળતો હોય છે. આને ટાઈમ-ડિકે તરીકે ઓળખવામાં આવે છે. ઓપ્શન્સ પ્રીમિયમના આ પરીબળના કારણે ઘણા રોકાણકારો ઓપ્શન્સ સેલિંગ કરીને નફો રળતા હોય છે. અત્રે યાદ રાખવું જરૂરી છે કે ઓપ્શન્સ સેલિંગમાં પૂરતું હેજિંગ કરવું ખૂબ જ અનિવાર્ય હોય છે.

**વ્યાજના દર**

દરેક નાણાકીય બજારને અસર કરનારા કોઈ પરીબળ હોય તો એ પ્રવર્તમાન વ્યાજના દરો હોય છે. જો વ્યાજનો દર વધુ તો કોલના પ્રીમિયમ ઊંચા બોલાય અને પુટના પ્રીમિયમ નીચા જોવા મળે અને એથી વિરૂદ્ધ જો વ્યાજના દર ઘટે તો કોલના પ્રીમિયમ નીચા અને પુટના પ્રીમિયમ વધતા જોવા મળતા હોય છે.

અંતમાં આપણે કહી શકીએ કે કોલ-પુટ ઓપ્શન્સને અસરકર્તા પરીબળોમાં અંડરલાઈંગ ભાવ અને વ્યાજના દરને કોલ સાથે સકારાત્મક અને પુટ સાથે નકારાત્મક સંબંધ હોય છે, જ્યારે સ્ટ્રાઈક પ્રાઈસને કોલ અને પુટ સાથે ક્રમશઃ નકારાત્મક અને સકારાત્મક સંબંધ હોય છે.

સમય અને વધઘટ બંને ઓપ્શન્સ સાથે સકારાત્મક સંબંધ ધરાવે છે. આમ જ્યારે પણ તમે કોલ-પુટ ઓપ્શન્સમાં કામ કરો ત્યારે વધઘટ, સમય, સ્ટ્રાઈક પ્રાઈસ, અંડરલાઈંગ ભાવ અને વ્યાજના દરોને ધ્યાનમાં લઈને જો ટ્રેડિંગ કરો તો નુકસાન જવાની સંભાવના ઘટી જતી હોય છે. માટે આ બાબત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ.

## ઓપ્શન્સની વિવિધ સ્ટ્રેટેજીઓ

એમાં કોઈ શંકા નથી કે, રિટેલ હોય કે સંસ્થાકીય મોટાભાગના વેપારીઓ માટે પસંદગીનું બજાર એ ઓપ્શન્સ માર્કેટ છે. જોખમની રૂપરેખા સંસ્થાકીય રોકાણકારોને અનુકૂળ છે અને રિટેલ વેપારીઓને આકર્ષે તેવા વળતરની સંભવિતતા છે. જોકે, મોટાભાગના રિટેલ વેપારીઓ, ક્યારેક-ક્યારેક નફાના સોદા સિવાય જેટલા નાણાં પ્રાપ્ત ન કરે તેટલાં અંતમાં ગુમાવે છે. આ પાછળનું એક કારણ એ છે કે, આ વેપારીઓ પાસે કોઈ યોજના નથી અને બીજું તે તમામ વખતે સમાન યોજના ધરાવે છે. જો તેઓને તેજી લાગતી હોય તો તેઓ કોલની ખરીદી કરે છે અને જો તેમને મંદી લાગતી હોય તો તેઓ પુટની ખરીદી કરે છે. પરંતુ આ વ્યૂહરચના માત્ર થોડીક પરિસ્થિતિઓમાં જ ઉપયોગી છે. વધુમાં, બજારમાં ઘટાડાનો રૂખ હોય ત્યારે મોટાભાગે સાંકડી રેન્જમાં વધઘટ જોવા મળે છે.

એક રિટેલ ટ્રેડરે લઘુત્તમ લેગ્સ સાથેની કેટલીક એવી મૂળભૂત વ્યૂહરચનાઓ જોવી જોઈએ કે તે અથવા તેણી તેમના રોજેરોજના વેપાર માટે ઉપયોગ કરી શકે. આ વ્યૂહરચનાનો ઉપયોગ કરવા માટેનો મહત્વનું ઘટક એ છે કે, સોનાના ભાવ આગળ વધવાની અપેક્ષા રાખવામાં આવે છે. સોનાની બજારના અભિપ્રાય માટે કઈ વ્યૂહરચનાનો ઉપયોગ કરવો તે નક્કી કરવું સૌથી મહત્વપૂર્ણ છે. જો બજારની ચાલ તમારી તરફેણમાં હોય ત્યારે જો તમે બુલિશ હોવ તો કોલ ખરીદી શકાય અથવા તમે બેરિશ હોવ તો પુટ ખરીદી શકાય.

સોનું સામાન્ય રીતે તેની ઉપર જવાની કે નીચે જવાની દિશાને સખત રીતે અનુસરે છે, પરંતુ કેટલાંક કિસ્સાઓમાં તેમાં તીવ્ર વધઘટ જોવા મળે છે. આથી, મોટાભાગના કિસ્સામાં કોલ્સ અને પુટ્સ ખરીદવું તે તમારી તરફેણમાં કામ કરતું નથી.

ચાલો આપણે વિવિધ પરિસ્થિતિઓને ધ્યાનમાં લઈને અમુક ખૂબ જ પ્રચલિત ઓપ્શન્સ સ્ટ્રેટેજી વિશે જાણીએ. બજારના ઓપ્શન્સમાં કામ કરતા સહભાગીઓ મોટા ભાગે હેજિંગ પોઝિશન બનવતા હોય છે, એટલે કે તેજી-મંદીને ન્યુટ્રલ કરીને ફક્ત વોલેટાલિટી (વધઘટ)માં બદલાવના આધારે પોતાનો વેપાર ગોઠવતા હોય છે. આવી એક સ્ટ્રેટેજીને સ્ટ્રેડલ (જોટો) તરીકે ઓળખવામાં આવે છે.

**સ્ટ્રેડલ સ્ટ્રેટેજી**

આ સ્ટ્રેટેજીમાં વેપારી કોલ અને પુટ એક જ સ્ટ્રાઈકના ખરીદી અથવા વેચાણ કરતા હોય છે.

સ્ટ્રેડલના બે પ્રકાર હોય છેઃ (1) લૉંગ સ્ટ્રેડલ અને (2) શોર્ટ સ્ટ્રેડલ.

**લૉંગ સ્ટ્રેડલ**

આમાં વેપારી એક જ ભાવનો કોલ અને પુટ સ્ટ્રાઈક ખરીદી કરતાં જોવા મળે છે. દા.ત. ક્રૂડ ઓઈલનો ભાવ રૂ.8,500 ચાલતો હોય તો રૂ.8,500ની સ્ટ્રાઈકનો કોલ અને રૂ.8,500નો પુટ બંને ખરીદી કરતા હોય છે. આમાં બંનેનું પ્રીમિયમ ચૂકવવામાં આવે છે, એટલે આને નેટ ડેબિટ સ્પ્રેડ પણ કહેવામાં આવે છે.

**લૉંગ સ્ટ્રેડલ ક્યારે કરવું જોઈએ?**

જ્યારે બજારમાં અનિશ્ચિતતાનું વાતાવરણ વધુ હોય અને વધઘટ આવવાની તૈયારી હોય, પરંતુ બજાર વધશે કે ઘટશે એ નક્કી ના કરી શકાતું હોય ત્યારે લૉંગ સ્ટ્રેડલ ખૂબ જ ફાયદારૂપ જોવા મળતું હોય છે.

આ સ્ટ્રેટેજી વોલેટાલિટી આધારિત સ્ટ્રેટેજી છે એટલે વોલેટાલિટીનું વધવું ખૂબ જ જરૂરી બની જાય છે. જો વોલેટાલિટી ના વધે તો થીટાનો માર પડી શકે છે. એટલે જ્યારે પણ કોઈ મોટી ઈવેન્ટ કે ડેટા આવવાનો હોય ત્યારે લૉંગ સ્ટ્રેડલ દ્વારા વેપાર ગોઠવીને કોમોડિટી ઓપ્શન્સમાં કમાણી કરી શકાય છે.

**શોર્ટ સ્ટ્રેડલ**

આ સ્ટ્રેટેજીમાં ટ્રેડર્સ કોલ અને પુટ સમાન ભાવના સ્ટ્રાઈક્સના વેચે છે, એને જોડી વેચી કહેવાય. આ સ્ટ્રેટેજીમાં પ્રીમિયમ વેચનારને જમા મળતું હોય છે. દા.ત. ચાંદીનો ભાવ રૂ.70,000નો ચાલી રહ્યો છે. તો તમે શોર્ટ સ્ટ્રેડલ દ્વારા રૂ.70,000નો કોલ અને રૂ.70,000નો પુટ વેચીને વેપાર ગોઠવી શકો છો. અહિંયા પ્રીમિયમ જમા મળતું હોવાથી આને ક્રેડિટ સ્પ્રેડ તરીકે પણ ઓળખવામાં આવે છે.

**શોર્ટ સ્ટ્રેડલ ક્યારે કરવું જોઈએ?**

જ્યારે બજારમાં વધઘટ ઓછી થઈ જવા પામે અથવા બજાર રેન્જ-બાઉન્ડ કે સાઈડબેઈઝ મૂવમેન્ટમાં ચાલતું હોય ત્યારે શોર્ટ સ્ટ્રેડલમાં સારી કમાણી કરી શકાય. શોર્ટ સ્ટ્રેડલ જ્યારે ઊંચી વોલેટાલિટી હોય ત્યારે બનાવવું હિતાવહ છે. અહીં તમને થીટા ડિકે (સમયનો ઘસારો)નો લાભ મળે છે. ખાસ ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે જો બજારમાં ભાવની વધઘટ વધે તો પ્રીમિયમથી વધુનું નુકસાન ન જાય તેનું ખાસ ધ્યાન રાખવું જરૂરી બની જાય છે.

મોટા ભાગે જ્યારે કોઈ મોટી ઈવેન્ટ કે ડેટા આવી ગયા પછી બજાર સીમિત રેન્જમાં અથડાતું હોય છે ત્યારે શોર્ટ સ્ટ્રેડલ દ્વારા કમાણી કરી શકાય છે. આમાં માર્જિનનું રોકાણ કરવું પડતું હોય છે.

**ડિસ્ક્લેમર**

*આ આર્ટિકલમાં અપાયેલી વ્યૂહરચનાઓની વિગતો લેખકના અંગત મંતવ્યો છે અને માત્ર શૈક્ષણિક હેતુ માટે આપવામાં આવેલી છે. બજાર બીજા ઘણા અન્ય પરિબળો પર આધારિત હોય છે માટે ઈન્ટેલીજન્ટ વાચકોને વિનંતી છે કે તેઓ અહિંયા અપાયેલી વ્યૂહરચનાઓનો ઉપયોગ કરીને કોઈ નવા સોદા કે પોઝિશન બનાવે, તે અગાઉ પોતાની વિવેક બુદ્ધિથી બજારનું આકલન કરે.*

# જીવદયા ફાઉન્ડેશન દ્વારા કાળઝાળ ગરમીમા ચપ્પલ વિતરણ કરાયા



તારીખ ૧૨.૦૫.૨૦૨૩ ના રોજ જીવ દયા ફાઉન્ડેશન દ્વારા જીવદયા પ્રેમી ઠાકોર દાસ ખત્રી સહયોગથી પાલનપુરથી ૨૦ કિલોમીટર દૂર રામપુરા વડલા થી વિરમપુર સુધી આદિવાસી વિસ્તારમાં ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે આદિવાસી વિસ્તાર ના બાળકોને ચપ્પલ નું વિતરણ કરવામાં આવ્યું હતું આ સાથે જીવદયા ફાઉન્ડેશન ના પ્રમુખ ઠાકોરદાસ ખત્રી, અને કાર્તિક ખત્રી .પરાગભાઈ સ્વામી.હરિભાઈ વિષ્ણુ મહારાજ, વગેરે સહયોગી બન્યા હતા તથા કાળઝાળ ગરમીમાં પણ ઠાકોરદાસ ખત્રી દ્વારા આવી જ રીતે અવનવી સેવાકીય પ્રવુતિઓ કરવામાં આવતી હોઈ છે જેમાં પશુઓ માટે પાણીની ટાંકી, પાણીના કુંડ, ચપ્પલ વિતરણ,પાણીની પરબ ખુલ્લી મૂકી આવી અનેક સેવાકીય પ્રવુતિઓ કરવામાં આવતી હોઈ છે.



જર્મનીથી સ્વામી અનિરૂધ્ધાનંદજી ગુરૂશ્રી પરમહંસ વિશ્વાનંદજી ભક્તિ માર્ગ આશ્રમ અને વૃંદાવનથી બ્રહ્મચારી સંદીપદાસનંદજી પરમહંસ વિશ્વાનંદ આશ્રમ ગિરિધર ધામ થી વિહળધામ પાળીયાદ જગ્યાની મુલાકાતે આવેલ. વિશ્વપ્રસિધ્ધ પરમ પૂજ્ય શ્રી વિસામણબાપુની જગ્યા પાળિયાદ માં જર્મનીથી સ્વામી અનિરૂધ્ધાનંદજી ગુરૂશ્રી પરમહંસ વિશ્વાનંદજી ભક્તિ માર્ગ આશ્રમ અને વૃંદાવનથી બ્રહ્મચારી સંદીપદાસનંદજી પરમહંસ વિશ્વાનંદ આશ્રમ ગિરિધર ધામ થી તા. ૧૩/૦૫/૨૦૨૩ ને શનિવારનાં રોજ જગ્યાની મુલાકાત બદલ આવેલ જયાં તેમણે રામદરબાર અને બધાજ સમાધિ મંદિરનાં દર્શન કર્યા. પ. પૂ. શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર નિર્મળાબા અને પૂ. શ્રી ભયલુબાપુ નાં દર્શન કર્યા, પૂ. બાળઠાકરશ્રી પૃથ્વીરાજબાપુને રમાડીયા. પૂ. બાશ્રી અને પૂ. બાપુ સાથે વાત કરતાં તેમણે કહ્યું કે જગ્યા ની વ્યવસ્થા અને સ્વચ્છતાથી ખૂબજ પ્રભાવિત થયા અને પોતે ભાવવ્યક્ત કર્યો કે જર્મની આશ્રમ ખાતે ભારતની અનેક સંસ્થાનાં ગાદીપતિઓની પ્રસાદીની વસ્તુઓ છે તો અમારે પરમ પૂજ્ય શ્રી વિસામણબાપુ ની પ્રસાદીની વસ્તુ પણ જર્મની આશ્રમ ખાતે લઈ જવા ભાવવ્યક્ત કર્યો. ગુજરાતમાં આવ્યા બાદ આ જગ્યામાં એમણે પહેલીવાર પ્રસાદ લઈ કહ્યું કે આ જગ્યાનો પ્રસાદ ખૂબ જ સાત્વિક અને સ્વાદિષ્ટ છે એવો આનંદ વ્યક્ત કર્યો

# ગુજરાતમાં ઉનાળો આકરો બન્યો

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૩

ગુજરાતમાં અંગ દઝાડતી ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. ઉનાળો દિવસે દિવસે આકરો બનતો જઈ રહ્યો છે. સૂરજ આકાશમાંથી અગનગોળા વરસાવી રહ્યુ હોય તેવુ લાગી રહ્યુ છે. આકરી ગરમીથી લોકો કોપાયમાન થઈ ગયા છે. ત્યારે આ વચ્ચે હજુ પણ ગરમી યથાવત રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગે ગુજરાતમાં બે દિવસ હીટવેવની આગાહી કરી છે. ગુજરાતમાં આકરી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. ૧૨ મે એટલે કે ગઈકાલે અમદાવાદ ૪૪.૪ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યુ હોવાનું નોંધાયુ છે.

# કેનેરા બેંક દ્વારા દહેગામના જાલિયાનો મઠ અને ખાનપુર ગામ ખાતે સામાજિક સુરક્ષા કેમ્પ યોજાયો

ગાંધીનગર,

દહેગામ તાલુકાના જાળિયાનો મઠ તથા ખાનપુર ગ્રામ પંચાયત ખાતે જનસુરક્ષા અભિયાન અંતર્ગત સામાજિક સુરક્ષા કેમ્પનું આયોજન કેનેરા બેંક દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એસ.બી.આઈ.ના નાણાકીય પરામર્શક શ્રી રમેશભાઇ પરમાર દ્વારા પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના તથા પ્રધાનમંત્રી જીવન જયોતિ યોજના વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ગ્રામજનોને આ યોજનાનો લાભ કેવી રીતે લઇ શકાય, કેમ લેવો જોઈએ તે વિશે દ્દષ્ટાંતપૂર્વક વાત કરીને ગ્રામજનોને આ યોજનામાં જોડાવા ભારપૂર્વક જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન કનેરાબેંક-જાલિયાના મઠ શાખાના મેનેજર શ્રી વિકી પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમાં એસ.બી.આઈ.ના સ્થાનિક મુખ્ય કાર્યાલય, અમદાવાદના શ્રીમતી રીની સિંઘ, લીડ બેંક મેનેજર, ગાંધીનગર શ્રી આદેશ જુનેજા, કેનેરા બેંકની ગાંધીનગર પ્રાદેશિક કાર્યાલયના શ્રી સીતારામ, એ.ડી.સી. બેંક, ખાનપુરના શાખા મેનેજર અને ખાનપુર ગ્રામ પંચાયત સરપંચ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં બન્ને ગામના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતના દરિયામાંથી ઝડપાયું ડ્રગ્સનું સૌથી મોટુ કન્સાઈનમેન્ટ

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૩

ગુજરાતના દરિયાઈ માર્ગેથી ડ્રગ્સ ઘુસાડવાના સંખ્યાબંધ મામલા તાજેતરમાં બહાર આવ્યા છે ત્યારે ફરી એક વાર ગુજરાતના દરિયાનો રસ્તા તરીકે ઉપયોગ કરવા ડ્રગ માફિયાઓ સક્રિય બન્યા છે. મળેલી માહિતી મુજબ ઈન્ડિયન નેવીના ઈન્ટેલિજન્સ યુનિટ અને દ્મઝ્રમ્એ ગુજરાતના દરિયામાં સંયુક્ત સર્ચ ઓપરેશન ચલાવીને અંદાજે ૨૫૦૦ કિલો ડ્રગ્સનો જથ્થો ઝડપી લીધો છે. જેની આંતરરાષ્ટ્રિય બજારમાં ૧૨ હજાર કરોડની કિંમત હોવાનું મનાઈ રહ્યું છે. સુત્રોએ કહ્યું કે આ ડ્રગ્સ ઈરાનથી આવી રહ્યું હતું અને ગુજરાતના દરિયા કાંઠે પહોંચે તે પહેલાં જ તેને દરિયામાંથી જ ઝડપી લેવાયું છે. સમગ્ર મામલાની વધુ માહિતીની રાહ જોવાઈ રહી છે. ઉલ્લેખનિય છે કે હજું ગઈ કાલે જ રાજકોટમાં ખંડેરી સ્ટેડિયમની પાસેથી ૨૧૭ કરોડનું હેરોઈન ઝડપાયું હતું.

NEWS OF GANDHINAGAR_P-6

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.